Tuesday 14, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૫૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડ ધોબીતળાવમાં ૮ માસથી પાણીની બૂમ



### મહિલાઓનો પાલિકા સામે હલ્લાબોલ, પાણી આપોના નારા લગાવ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલા ધોબીતળાવ વિસ્તારમાં છેલ્લા ૮ મહિનાથી પીવાના પાણીની ગંભીર સમસ્યાથી સ્થાનિક લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વારંવારની રજૂઆતો છતાં પાલિકા પ્રશાસન દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતાં આજે સ્થાનિક મહિલાઓનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. મોટી સંખ્યામાં એકત્રિત થયેલી મહિલાઓએ નગરપાલિકા સામે હલ્લાબોલ કરી ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સ્થાનિક લોકો એ જણાવ્યું કે ધોબીતળાવ વિસ્તારમાં છેલ્લા આઠ-આઠ મહિનાથી પાણી પુરવઠો કાં તો અનિયમિત છે અથવા તો બિલકુલ નહિવત જેવો આવે છે. ઉનાળો વીતી ગયો અને ચોમાસું શરૂ થઈ ગયું છતાં પાણીની રાડ યથાવત છે. દૈનિક જરૂરિયાતો અને પીવાના પાણી માટે મહિલાઓને તકલીફ પડી રહી છે. લાંબા સમયની ધીરજ ખૂટતા આજે ધોબીતળાવની મહિલાઓ અને રહીશો રોષે ભરાઈને નગરપાલિકા કચેરીએ પહોંચ્યા હતાં. હાથમાં ખાલી બેડા અને પ્લેકાર્ડ્સ સાથે મહિલાઓએ પાલિકા વિરોધી ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. પાણી આપો, પાણી આપોના નારાઓથી આખો પાલિકા કેમ્પસ ગુંજી ઉઠ્યો હતો. વિરોધ કરી રહેલી મહિલાઓએ ચીમકી આપી હતી કે જો આગામી દિવસોમાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો આનાથી પણ ઉગ્ર આંદોલન કરવામાં આવશે ટેક્સ નિયમિત ભરીએ છીએ, તો અમને પાણી કેમ નથી મળતું ? છેલ્લા ૮ મહિનાથી અધિકારીઓ માત્ર આશ્વાસન આપે છે, પણ નળમાં પાણી આવતું નથી. અમારે ઘરકામ કરવું કે પાણી શોધવા જવું? હવે પાણી નહીં તો ટેક્સ નહીં અધિકારીઓએ દોડી આવી સ્થાનિકોને સાંભળ્યા હતાં અને લાઈનમાં આવેલી ટેકનિકલ ખામીને જલ્દી સુધારીને નિયમિત પાણી આપવાની ખાતરી આપી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સ્થાનિકો હવે માત્ર વાયદાઓથી સંતુષ્ટ નથી અને વહેલી તકે પાણી પુરવઠો શરૂ થાય તેવી માંગ પર અડગ છે.

### દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે દૂરસંચાર સલાહકાર સમિતિની બેઠકમાં ભાગ લીધો

## થ્રીડીને ડીજીટલ યુ.ટી. મોડેલ તરીકે વિકસાવવા રજુઆત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૩ :** સુરતમાં દુર સંચાર સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં દમણ-દીવના ઉમેશ પટેલે પણ ભાગ લીધો હતો. ખાસ કરીને દાદરા નગર હવેલી તથા દમણ-દીવમાં મોબાઈલ નેટવર્ક, કોલ ડ્રોપ તથા ઈન્ટરનેટ સ્પીડના પ્રશ્ને રજુઆત કરી હતી. તેમણે આ વિસ્તારના ઔદ્યોગિક વિસ્તારો, પ્રવાસસ્થળો અને આદિવાસી વિસ્તારને ધ્યાનમાં લઈ હાઈસ્પીડ કનેકટીવીટીનો આગ્રહ રાખ્યો છે. સાંસદ ઉમેશ પટેલે ખાનગી ટેલિકોમ કંપની વચ્ચે વધતી સ્પર્ધા અને સામાન્ય નાગરિકોના હિતોના મુદ્દા ઉપસ્થિત કરતાં બીએસએનલની ફોર-જી અને ફાઈવી-જી સેવાને સત્વરે વિસ્તરણ કરવા અને નેટવર્કનું આધુનિકીકરણ કરવા પર ભાર મુકયો હતો. તેમણે આ સંઘપ્રદેશને ડીજીટલ યુનિયન ટેરેટરી મોડેલ તરીકે વિકસિત કરવા માટે વિશેષ પેકેજ અને ૧૦૦ ટકા ફાયબર કનેકટીવી અને ફાઈવ-જી કવરેજની પણ માંગ કરી હતી. આ બેઠકમાં સુરતના સાંસદ મુકેશ દલાલ અને રાજયસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા પણ ઉપસ્થિત રહ્યા હતાં.

## વલસાડમાં એસટીનું 'આગ લાગે ત્યારે કુવો ખોદવા' જેવું કામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૧૩ :** અતિવિલંબે વલસાડના એલાઈટીંગ પ્લેટફોર્મ વગરના બનેલા નવીન બસ સ્ટેશનનું ૨૦૨૩માં તત્કાલીન વાહન વ્યવહાર મંત્રી પૂર્નેશ મોદીએ લોકાર્પણ કર્યું હતું. માત્ર ત્રણ જ વર્ષમાં પ્લેટફોર્મ - મુસાફરોને - તીક્ષા માટે બનાવેલા ભાગને ઢાંકતા પતરાં કાણા થઈ જતા મુસાફરોને ભીંજવતા બદલવાની કાર્યવાહી દસેક દિવસથી ચાલી રહી છે જે ૧૨થી ૬ પ્લેટફોર્મ વચ્ચે પૂર્ણ થઈ રહી છે. વલસાડ ડેપોના બાંધકામ પૂર્વે ડિઝાઈન ખામીયુક્ત હતી. જેના લીધે સ્લેબના બદલે પતરાનું આયોજન કરવું પડેલું અને તેમાં પણ વ્યવસ્થિત ઢાળ ન હોતા મુસાફરોને તકલીફ વેઠવી પડતી હતી, મુસાફરની શું હાલત થાત.



પતરાં બદલવાનું કામ ચોમાસુ શરૂ થતા પૂર્વે તંત્રને કરવાનું કેમ સુઝ્યું નહીં? એવું મુસાફરોમાં ચર્ચાય છે, જે ભાગમાં કામ ચાલે છે ત્યાંના પ્લેટફોર્મ કામ ચલાઉ પટ્ટીઓ બાંધીને બંધ કરવામાં આવેલા છે, સલામતી માટે પ્રવાસીઓને વિશેષ જાણકારી પણ અપાઈ નથી. પ્રાંગણમાં આરસીસી કામ અને પૅવર બ્લોક પણ ઊંચા નીચા થયેલા પાણી ભરાય તેવા છે તેનું પણ સમારકામ જરૂરી છે.

## વાપીમાં વરસાદ બાદ હવે વાયરલ બિમારીના કેસો દેખાવા માંડયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદે વિરામ લીધો છે. અને વાતાવરણમાં ગરમી અને ભારે બફારો વધી જતાં લોકોના સ્વાસ્થ્ય પર તેની અસર જોવા મળી રહી છે.

બદલાતા હવામાનને કારણે વાયરલ તાવ, શરદી-ઉધરસ, ગળામાં દુખાવો, પેટના ચેપ, ઉલટી-ઝાડા સહિતની ઋતુજન્ય બીમારીઓનાં કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે. વાપી પંથકના એક જુલાઈ થી ૭ જુલાઈ સુધીમાં ૩૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ત્યારબાદ અચાનક વરસાદ ગાયબ જેવો થઈ ગયો અને વાતાવરણ ખુલ્લું પડતા અહીં ગરમીનું પ્રમાણ સાથે બફારો અને ઠેર ઠેર ભરાયેલા પાણીમાં મચ્છરનો ઉપદ્રવ તેમજ દવાનો છટકાવ નહીં કરવામાં આવતા લોકોને સીઝનેબલ બીમારી થઈ રહી છે. જેને કારણે વાપી પંથકમાં આવેલા ખાનગી દવાખાના તેમજ આસપાસની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતાં ઓપીડી વિભાગોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો તેમજ અગાઉ થી બીમારી ધરાવતા લોકો વધુ અસરગ્રસ્ત બન્યા છે. જે અંગે તાત્કાલિક વાપી વિસ્તારમાં દવાનો છટકાવ તથા જ્યાં પાણીનો ભરાવો થયો છે. તેવા સ્થળે થી પાણીનો નિકાલ થાય તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે.

### ભાજપનું મહાવૃક્ષારોપણ અભિયાન

## સાયલીમાં ૧૦૦ એકરમાં ૪૮ હજારથી વધુ રોપાઓનું વાવેતર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૩ :** દાદરા અને નગર હવેલીના સાયલી ગ્રામ પંચાયત વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા વન વિભાગના સહયોગથી આજે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. ભાજપ પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયાની ઉપસ્થિતિમાં શરૂ કરાયેલા આ અભિયાન હેઠળ ૧૦૦ એકરથી વધુ વિસ્તારમાં ૪૮ હજારથી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવશે. કાર્યક્રમનો હેતુ પર્યાવરણ સંરક્ષણ, હરિત વિકાસ અને ભાવી પેઢીઓને સ્વચ્છ અને સુરક્ષિત પર્યાવરણ આપવાનો છે. આ પ્રસંગે



મહેશભાઈ અગરિયાએ જણાવ્યું કે વૃક્ષો માનવ જીવનનો આધાર છે અને વધતા પ્રદૂષણ તથા જળવાયુ પરિવર્તન જેવી વૈશ્વિક પડકારો સામે દરેક નાગરિકે વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવાની જવાબદારી નિભાવવી જોઈએ. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "એક પેડ માં કે નામ અભિયાનથી પ્રેરણા લઈને હરિયાળો પર્યાવરણ નિર્માણ માટે સતત કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ અને જિલ્લા સ્તરના આગેવાનો, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ, વન વિભાગના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

## ઉમરગામમાં વીજપુરવઠો અને નેટવર્ક સમસ્યાથી બેંક સેવા ખોરવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૩ :** ઉમરગામ તાલુકામાં સપ્તાહના પ્રથમ દિવસે સોમવારે બે મુખ્ય બેંકોમાં ટેકનિકલ સમસ્યાઓ સર્જાતા ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સોળસુંબાની બેંક ઓફ બરોડા શાખામાં વીજ પુરવઠો બંધ રહેતા બેંકનું કામકાજ સંપૂર્ણપણે પ્રભાવિત થયું હતું, જ્યારે જીઆઈડીસી વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા શાખામાં નેટ કનેક્ટિવિટી ધીમી હોવાને કારણે ગ્રાહકોને કલાકો સુધી રાહ જોવી પડી હતી. સોળસુંબાની બેંક ઓફ બરોડા શાખામાં નાણા જમા કરવા અને ઉપાડવા આવેલા અનેક ગ્રાહકો કામકાજ બંધ હોવાનું જાણીને નિરાશ થઈ પરત ફર્યા હતાં.

બેંકના કર્મચારીઓના જણાવ્યા મુજબ વીજ પુરવઠો બંધ થાય ત્યારે વૈકલ્પિક વ્યવસ્થાની સુવિધા ઉપલબ્ધ છે, પરંતુ ટેકનિકલ ખામીને કારણે તેનો ઉપયોગ થઈ શક્યો નહોતો. પરિણામે તમામ નાણાકીય લેવડદેવડ અટકી ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ પણ નેટ કનેક્ટિવિટી ખોરવાતા આ જ શાખામાં કેટલાક સમય માટે બેંકિંગ સેવાઓ પ્રભાવિત થઈ હતી.

બીજી તરફ, ઉમરગામ જીઆઈડીસી સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા શાખામાં નેટવર્ક ધીમું હોવાથી ગ્રાહકોને લેવડદેવડ માટે લાંબી રાહ જોવી પડી હતી. બ્રાન્ચ મેનેજરના જણાવ્યા મુજબ સોમવારે સામાન્ય રીતે ગ્રાહકોની સંખ્યા વધુ હોય છે અને કર્મચારીઓની અછતને કારણે કામગીરી પર વધુ અસર પડે છે.

સપ્તાહના પ્રથમ જ દિવસે બેંકોમાં સેવા ખોરવાતા ગ્રાહકોમાં અસંતોષ જોવા મળ્યો હતો. ગ્રાહકોનું માનવું છે કે વીજ પુરવઠા અને નેટવર્ક જેવી સમસ્યાઓ માટે અસરકારક વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવે જેથી લોકોને વારંવાર ધક્કા ન ખાવા પડે અને બેંકિંગ સેવાઓ નિયમિત રીતે મળી રહે.

## વાપી બજારમાં ફૂટપાથ પર દબાણ, કોઈ પગલાં નહીં

(દમણગંગાટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપ, તા.૧૩ :** વાપી શહેરના મુખ્ય બજાર વિસ્તારમાં જાહેર સુવિધા માટે બનાવવામાં આવેલા ફૂટપાથ પર દુકાનદારો દ્વારા માલસામાન અને અન્ય ચીજવસ્તુઓ મૂકી દેવામાં આવતા રાહદારીઓ તેમજ સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક સ્થળોએ ફૂટપાથ પર લોખંડની સીડીઓ, જાહેરાતના સ્ટેન્ડ તેમજ વાહનો પાર્ક કરી દેવામાં આવતા લોકો માટે ચાલવાનો માર્ગ બંધ થઈ ગયો છે. પરિણામે લોકોને જીવના જોખમે મુખ્ય માર્ગ પરથી પસાર થવું પડે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ પુનમ ફૂટવેરથી ઝંડાચોક સુધીના માર્ગની બંને બાજુએ વાપી મહાનગર પાલિકા દ્વારા હાલમાં જ બનાવવામાં આવેલા ફૂટપાથનો હેતુ રાહદારીઓને સુરક્ષિત રીતે અવરજવર માટેનો માર્ગ પૂરો પાડવાનો છે. છતાં કેટલાક વેપારીઓ દ્વારા જાહેર જગ્યાનો બિનઅધિકૃત ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. થોડા દિવસ પહેલા જ સુપ્રીમ કોર્ટ દ્વારા પણ ફૂટપાથ પર ચાલવાનો અધિકાર નાગરિકોનો મૂળભૂત અધિકાર હોવાનું સ્પષ્ટ કરવામાં આવ્યું છે. તેમ છતાં સંબંધિત વહીવટી તંત્ર અને મહાનગરપાલિકા દ્વારા નિયમિત કાર્યવાહી ન થતાં દબાણની સમસ્યા યથાવત રહી છે.

સ્થાનિકોએ માંગ કરી છે કે ફૂટપાથ પરથી તમામ ગેરકાયદેસર દબાણ તાત્કાલિક દૂર કરવામાં આવે, નિયમોનું ઉલ્લંઘન કરનાર વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને ફૂટપાથ માત્ર રાહદારીઓના ઉપયોગ માટે ખુલ્લા રાખવામાં આવે, જેથી લોકો સુરક્ષિત રીતે અવરજવર કરી શકે. પરંતુ વાપી મહાનગર પાલિકા દ્વારા દબાણ હટાવો માટે રોકવામાં આવેલી મોટી ટીમ શું કરી રહી છે તે પણ એક પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે.

### નવસારી અને વલસાડ જિલ્લામાં વરસાદ રોકાતાં

## ખેડૂતોમાં ડાંગરની રોપણી અંગે ચિંતા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૩ :** વલસાડ અને નવસારી જિલ્લામાં થોડા દિવસો અગાઉ ભારે વરસાદ વરસ્યો હતો અને ખેડૂતો પણ વરસાદ થતાં ખુશી અનુભવી રહ્યા હતાં.

પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ અટકી જતા ખેડૂતો ડાંગરની રોપણી કરવા માટે વરસાદની રાહ જોઈને બેઠા છે. જોકે ખેડૂતોએ પિયત દ્વારા ઉધારેલું ડાંગરનું ધરું તૈયાર હોય જેને લઇ હવે ડાંગરની રોપણી કરવા માટે આતુરતાથી વરસાદની રાહ જોવામાં આવી રહી છે. વલસાડ અને નવસારી જિલ્લામાં મોટેભાગે ઉપરવાસના ખેડૂતો આકાશી ખેતી ઉપર નભતા હોય છે. ત્યારે હવે વરસાદ થાય તેની રાહ જોઈ રહ્યા છે.

## દમણથી પ્રથમ કોમર્શિયલ ફ્લાઈટ પૂર્વે પ્રશાસકે નમો એરપોર્ટનું નિરીક્ષણ કર્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૩ :** દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવના પ્રશાસક પ્રફુલ પટેલે આજે તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવેલા નમો એરપોર્ટનું નિરીક્ષણ કર્યું. ૧૬ જુલાઈથી દમણથી નવી દિલ્હી વચ્ચે શરૂ થનારી પ્રથમ કોમર્શિયલ ફ્લાઈટને ધ્યાનમાં રાખીને તેમણે તૈયારીઓની સમીક્ષા કરી.

નિરીક્ષણ દરમિયાન પ્રશાસકે એરપોર્ટ ટર્મિનલ, મુસાફરો માટેની સુવિધાઓ, સુરક્ષા વ્યવસ્થા, ચેક-ઈન કાઉન્ટર તેમજ આગમન અને પ્રસ્થાન વિભાગની વિસ્તૃત મુલાકાત લીધી. તેમણે સંબંધિત અધિકારીઓને પ્રથમ ફ્લાઈટના સફળ સંચાલન માટે તમામ તૈયારીઓ સમયસર પૂર્ણ કરવા અને મુસાફરોને શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સૂચના આપી હતી.

પ્રફુલ પટેલે જણાવ્યું કે નમો એરપોર્ટ દમણના વિકાસ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. એરપોર્ટ શરૂ થતાં દમણને નવી દિલ્હી સહિત દેશના અન્ય મોટા શહેરો સાથે સીધી હવાઈ કનેક્ટિવિટી મળશે, જેના કારણે પ્રવાસન, વેપાર, રોકાણ અને આર્થિક વિકાસને નવી ગતિ મળશે.

ઉલ્લેખનીય છે કે નમો એરપોર્ટનું તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકાર્પણ કર્યું હતું. હવે ૧૬ જુલાઈથી દમણ-નવી દિલ્હી વચ્ચે પ્રથમ કોમર્શિયલ ફ્લાઈટ શરૂ થતાં પ્રદેશની હવાઈ કનેક્ટિવિટીનો નવો અધ્યાય શરૂ થશે.

## વાપી ટાઉનમાં CNG પેટ્રોલ પંપ ટ્રાફિકજામનું કારણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી એસટી ડેપોની બાજુમાં આવેલા CNG-પેટ્રોલ પંપ પર રોજિંદા ટ્રાફિકની સમસ્યા ઉભી થઈ રહી છે. મુખ્ય રોડને અડીને આવેલા આ પંપના પરિસરમાં પર્યાપ્ત જગ્યાનો અભાવ હોવાથી CNG અને પેટ્રોલ ભરાવવા આવતા વાહનો રોડ ઉપર જ લાઈનમાં ઉભા રહે છે. સવાર-સાંજ ઓફિસ અને કે નોકરી ધંધે આવતા જતાં ખાનગી વાહનો અને રિક્ષાનો ભારે ધસારો રહે છે. તે દરમિયાન પંપ બહાર સુધી લંબાતી લાઈનને કારણે એક જ લેન બંધ થઈ જાય છે અને ટ્રાફિકજામ સર્જાય છે. સ્થાનિક વાહનચાલકોની માંગ છે કે પંપ સંચાલકો પરિસરમાં વાહનો ઉભા રાખવાની વ્યવસ્થા કરે અથવા તંત્ર દ્વારા ટ્રાફિક પોલીસની વ્યવસ્થા ગોઠવવામાં આવે. નહીંતર અકસ્માતનો ભય પણ વધી રહ્યો છે.

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301


સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

# સ્થાનિક સમાચારો

•આહવા • સાપુતારા • વાંસદા • ચીખલી • ખેરગામ • ગણદેવી • બીલીમોરા

VAPI PAGE 02

Tuesday 14, July 2026

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES


## વાસુર્ણાના તેજસ્વીની સંસ્કૃતિધામમાં બાલિકાઓને જરૂરી કીટનું વિતરણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૩ :** ડાંગ જિલ્લામાં બ્રહ્મવાદીની પૂજ્ય હેતલ દીદીના પાવન સાનિધ્યમાં ચાલતા આ છાત્રાલયની મુલાકાતે સુરતના અનાવિલ સૈયરસખા ચેરીટેબલ ટ્રસ્ટના દ્વારા આશ્રમશાળામાં રહેતી ૫૦ જેટલી આદિવાસી બાલિકાઓને જીવન જરૂરિયાતની વિવિધ વસ્તુઓ જેવી કે પેટી, દફતર, છત્રી, કટલરી સામાન, ઈન્ડોર ગેમ્સ અને કપડાં વગેરેનું ઉદાર હાથે દાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પૂજ્ય હેતલ દીદી દ્વારા મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સંસ્થામાં દીકરીઓને મળતા ઉચ્ચ શિક્ષણ, કડક શિસ્ત, ઉત્કૃષ્ટ સ્વચ્છતા અને ઉચ્ચ સંસ્કારોથી અનાવિલ સૈયરસખા મંડળની ટીમ અત્યંત પ્રભાવિત થઈ હતી. સંસ્થાની આ સરાહનીય કામગીરીને બિરદાવવા માટે મંડળ દ્વારા સ્થળ પર જ રોકડ દાન અર્પણ કરવામાં આવ્યું હતું અને આગામી સમયમાં પણ આ છાત્રાલયને હજુ વધુ સહયોગ પૂરો પાડવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રેરણાદાયી કાર્યક્રમને સફળ બનાવવા માટે હરીશભાઈ, પૂજા, સુષ્મા, ભૂમિ, પ્રણીતા, દીપ્તિ, કલ્પના, રીના, રંજના, યોગેશભાઈ અને વિનયભાઈ સહિત અનાવિલ સૈયરસખા પરિવાર તેમજ તેજસ્વીની સંસ્કૃતિધામ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## ગણદેવી તા. શિક્ષણ મંડળીની ૭૫મી વાર્ષિક સાધારણ સભા મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૨** 'ધી ગણદેવી તાલુકા ટીચર્સ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી'ની ૭૫મી વાર્ષિક સાધારણ સભા પ્રમુખ જયેશ પટેલના અધ્યક્ષપણા હેઠળ રવિવારે બીલીમોરાના સોમનાથ મંદિર સંકુલ સ્થિત રામીબેન આમલીઅન હોલ ખાતે ભવ્ય રીતે યોજાઈ હતી. અમૃત પર્વની ઉજવણી અંતર્ગત મંડળી દ્વારા શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર ૨૫ નિવૃત્ત શિક્ષકોનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર સાત તેજસ્વી વિદ્યાર્થીઓ, ચાર શિક્ષકો, મુખ્ય શિક્ષકો અને પાંચ શાળાઓને પણ મંડળી તરફથી ગૌરવપૂર્વક સન્માનિત કરાયા હતા. આ મંગલ પ્રસંગે મંડળીના દરેક સભાસદ શિક્ષકો તથા તમામ શાળાઓ માટે પ્રોત્સાહક ભેટની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

સાધારણ સભા દરમિયાન સોસાયટીના મંત્રી અજુવેન્દ્રભાઈએ વાર્ષિક વહીવટી લેખાજોખા રજૂ કર્યા હતાં. આ પ્રસંગે રિકરીંગ ખાતા યોજના હેઠળ ૫૪ સભાસદોને ફિક્સ ગિફ્ટ એનાયત કરાઈ હતી અને ડ્રો પદ્ધતિથી ઈનામી પ્રવૃત્તિ યોજાઈ હતી. કાર્યક્રમમાં માજી પ્રમુખ ગોવિંદભાઈ, ધીરજભાઈ, રાજેશભાઈ તેમજ વર્તમાન તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ કલ્પેશભાઈ, ટીપીઓ રાજેશ ઝાલરીયા અને મનીષ પરમારે પ્રાસંગિક ઉદ્દબોધન કરી મંડળીની ૭૫ વર્ષની સફળ યાત્રાને બિરદાવી સભાને સંબોધિત કરી હતી. મંડળીની આ ગૌરવશાળી સિદ્ધિ બદલ સમગ્ર પંથકના શૈક્ષણિક આલમમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## આહવા, વઘઈ અને સુબીરમાં આદિજાતિ વિકાસ સમિતિની બેઠક યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૧૩ :** આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગર પ્રાયોજના વહીવટદારની કચેરી ડાંગ આહવા દ્વારા ન્યુ પેટર્ન યોજના હેઠળના સને ૨૦૨૬-૨૭ના કામોના તાલુકા કક્ષાના આયોજન માટે ડાંગ જિલ્લા પ્રાયોજના વહીવટદાર ડો. મયુર પરમાર અધ્યક્ષપણા હેઠળ જિલ્લાના આહવા, વઘઈ અને સુબીર તાલુકાઓની આદિજાતિ વિકાસ સમિતિની બેઠક યોજવામા આવી હતી.

આ બેઠકમાં ગુજરાત વિધાનસભા નાયબ દંડક વ ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીતની વિશેશ ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત શીટના ચૂંટાયેલ સભ્યઓ/ પદાધિકારીઓ અને જુદાં જુદાં ખાતાના અમલીકરણ અધિકારીઓ તેમજ આમંત્રિત સભ્યો હાજર રહ્યા હતાં.

પ્રાયોજના વહીવટદારની કચેરીના સભાખંડમાં યોજાયેલ આ બેઠકમાં આહવા તાલુકામા સંભવિત ૧૨૫ ટકા જોગવાઈ રૂા. ૧૪૦૮.૮૩ લાખ, વઘઈ તાલુકામા ૧૦૨૮ લાખ અને સુબીર તાલુકામા રૂા. ૮૨૮.૮૪ લાખના જુદાં જુદાં વિકાસના સદરો જેવા કે, પાક વ્યવસ્થા, પશુપાલન-ડેરી વિકાસ, મત્સ્યઉદ્યોગ, વન વિકાસ, ગ્રામ વિકાસ, નાની સિંચાઈ, વિસ્તાર વિકાસ, માર્ગ અને પુલ, નાગરિક પુરવઠો, તાંત્રિક વિકાસ, તબીબી અને જાહેર આરોગ્ય, શ્રમ અને રોજગાર, પોષણ અને મધ્યાહન ભોજન જેવા સદરોમા તાલુકાની જે તે સદરોની જોગવાઈ મર્યાદામાં જરૂરિયાત અને અગ્રિમતા મુજબના કામોનુ આયોજન કરવામા આવ્યુ હતું.

## ગલકુંડમાં નિ:શુલ્ક આરોગ્ય શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૩ :** ડાંગ જિલ્લાના છેવાડાના અને અંતરિયાળ આદિવાસી વિસ્તાર ગલકુંડમાં સ્થાનિક ગ્રામજનોને ઘરઆંગણે જ ગુણવત્તાસભર અને શ્રેષ્ઠ તબીબી સેવાઓ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે એક વિશેષ નિ:શુલ્ક આરોગ્ય તપાસ કેમ્પનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. આ માનવતાવાદી કાર્યક્રમનું આયોજન આનંદ આશ્રમ (ઉખાટિયા) અને પી.પી. સવાણી યુનિવર્સિટીની હોમિયોપેથીક મેડિકલ કોલેજ અને હોસ્પિટલના સંયુક્ત સહયોગથી ગલકુંડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું છે.

આરોગ્ય શિબિર દરમિયાન ગલકુંડ ગ્રામ પંચાયત હેઠળ આવતા તમામ સંલગ્ન ગામોના નાગરિકો તેમજ સ્થાનિક ગલકુંડ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ સેવાનો લાભ લીધો હતો.

કેમ્પમાં પી.પી. સવાણી યુનિવર્સિટીના નિષ્ણાત અને અનુભવી તબીબોની ટીમે ઉપસ્થિત રહીને દર્દીઓની વિવિધ શારીરિક વ્યાધિઓ અને રોગોની ઝીણવટભરી તપાસ કરી હતી. તબીબો દ્વારા દર્દીઓને રોગના નિદાન બાદ જરૂરી હોમિયોપેથીક દવાઓનું વિનામૂલ્યે વિતરણ પણ કરવામાં આવ્યું હતુ.

આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં વિસ્તારના અનેક અગ્રણીઓ અને વહીવટી અધિકારીઓએ હાજરી આપી હતી.

જેમાં ગલકુંડના આર.એફ.ઓ. વિક્કીકુમાર કનુભાઈ મિસ્ત્રી, જાખાના જિલ્લા પંચાયતના જિલ્લા સદસ્ય શંકરભાઈ જીવરામભાઈ પવાર તેમજ ગલકુંડના સરપંચ સુરેશભાઈ વાઘ સહિતના સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમના અંતે પરમ પૂજ્ય યોગી અરુણાનંદ મુનિએ કાર્યક્રમમાં પધારેલા તમામ મહેમાનો, પી.પી. સવાણી યુનિવર્સિટીની સમગ્ર મેડિકલ ટીમ, સેવાભાવી સહયોગીઓ અને સ્થાનિક ગ્રામજનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## બીલીમોરામાં આંતરરાષ્ટ્રીય મહિલા યુવા ક્રિકેટર કુ. મૈત્રી મણિયારનું સન્માન

**રાજ્યના કેબિનેટ મંત્રી નરેશ પટેલની ઉપસ્થિતિમાં શ્રી પાંચાલ સેવા સમાજ વાડીમાં સન્માન સમારોહ યોજાયો**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૩ :** આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટ માં નવોદિત યુવા મહિલા ક્રિકેટર કુ. મૈત્રી સંદીપભાઈ મણિયારનું જાહેર સન્માન કરાયું હતું. રાજ્યના કેબિનેટ મંત્રી નરેશ પટેલ ની ઉપસ્થિતિ માં બીલીમોરા સિનીયર સીટીઝન કલબ, બીલીમોરા પાંચાલ સેવા સમાજ બીલીમોરા વડીલ પરિવાર અને બીલીમોરા રીલાયન્સ સ્પોર્ટ્સ ક્લબનાં સંયુક્ત ઉપક્રમે પાંચાલ સેવા સમાજ વાડીમાં સન્માન સમારોહ યોજાયો હતો. મૈત્રીએ અંડર-૧૯ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ માં ઉત્કૃષ્ટ પ્રદર્શનથી સૌના દિલ જીતી લીધા હતાં. આ ગૌરવ પૂર્ણ રમત કૌશલ્યને બિરદાવી જાહેર અભિવાદન કર્યું હતું. બીલીમોરા પાલિકા પ્રમુખ મનીષ પટેલ, શહેર ભાજપ પ્રમુખ નિરવ ટેલર, અતિથિ વિશેષ તરીકે કુ. મૈત્રીના પર્સનલ કોચ કાંતિભાઈ બી. પટેલ (નવસારી), રીલાયન્સ સ્પોર્ટ્સ ક્લબના પ્રમુખ હરિશભાઈ આઈ. ટેલર અને પાંચાલ સેવા સમાજના મેનેજિંગ ટ્રસ્ટી યોગેશભાઈ મિસ્ત્રી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં આયોજક સંસ્થાઓના આગેવાનો જતીનભાઈ મિસ્ત્રી, પન્નાબેન પાંચાલ, હરિશભાઈ ટંડેલ, અનિતાબેન મિસ્ત્રી, કમલેશભાઈ પટેલ અને હસમુખભાઈ પટેલ સહિતના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. મોટી સંખ્યામાં નગરજનો અને ખેલપ્રેમીઓએ હાજર રહીને મહિલા ક્રિકેટરોને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતાં.

## સીતાપુર પ્રા. શાળામાં ૧૦૮ ફળાઉ વૃક્ષોના રોપાઓનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૩ :** ભારત સરકારના પર્યાવરણ માટેની જીવનશૈલી (મિશન લાઈફ) અંતર્ગત પર્યાવરણ મંડળો દ્વારા ચલાવવામાં આવી રહેલા ''એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન હેઠળ વાંસદા તાલુકાની સીતાપુર પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને કુલ ૧૦૮ જેટલા ફળાઉ વૃક્ષોના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું. દરેક વિદ્યાર્થીએ પોતાની માતાના નામે એક વૃક્ષ વાવી તેનું જતન કરવાનો સંકલ્પ કર્યો. 'મા ના નામે એક વૃક્ષ ૩.૦' અભિયાન દ્વારા વધુમાં વધુ લોકો વૃક્ષારોપણ માટે પ્રેરાય અને પર્યાવરણ સંરક્ષણ માટે સૌ સાથે મળીને કાર્ય કરે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

## બીલીમોરાની મેંગુશી હોસ્પિટલ અત્યાધુનિક સુપરફેસિલિટી હોસ્પિટલ બનશે

**રૂા. ૬૦ કરોડના ખર્ચે G+4 બિલ્ડિંગ, પ્રારંભિક ૭૫ અને ભવિષ્યમાં ૧૨૫ બેડની સુવિધા ઉપલબ્ધ થશે**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૩ :** બીલીમોરા શહેર તેમજ આસપાસના ૨૦થી વધુ ગામોના લોકો માટે આશીર્વાદરૂપ સરકારી મેંગુશી હોસ્પિટલ હવે નવા રૂપમાં આકાર લેવા જઈ રહી છે. ૬૯ વર્ષો જૂની અને જર્જરિત હોસ્પિટલને તોડી તેના સ્થાને અંદાજે રૂ.૬૦ કરોડના ખર્ચે આધુનિક સુપરફેસિલિટી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. આ નિર્ણયથી સમગ્ર વિસ્તારના નાગરિકોમાં ખુશીની લાગણી વ્યાપી છે. નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ બે દિવસ અગાઉ હોસ્પિટલની મુલાકાત લઈ હાલની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. હોસ્પિટલની બિસ્માર ઈમારત, ઓપીડી વિભાગની ખરાબ હાલત, શૌચાલયોની અપૂરતી સુવિધા તેમજ તબીબી સ્ટાફની ખાલી જગ્યાઓ અંગે ગંભીર નોંધ લેવામાં આવી હતી. ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા હોસ્પિટલનું સંપૂર્ણ પુનઃનિર્માણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગણદેવીના ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલની પહેલથી હોસ્પિટલ માટે અંદાજે રૂ.૬૦ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત ચાર માળ ધરાવતી (G+4) નવી હોસ્પિટલમાં આધુનિક ઓપરેશન થિયેટર, અદ્યતન લેબોરેટરી, ડિજિટલ એક્સ-રે, સોનોગ્રાફી, ઇમર્જન્સી વિભાગ, માતા-બાળ આરોગ્ય વિભાગ, ફિઝિયોથેરાપી સહિતની અનેક આરોગ્ય સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. પ્રારંભિક તબક્કામાં હોસ્પિટલમાં ૭૫ બેડની વ્યવસ્થા રહેશે, જ્યારે ભવિષ્યમાં જરૂરિયાત અનુસાર તેને ૧૨૫ બેડ સુધી વિસ્તૃત કરવામાં આવશે. હોસ્પિટલનું નિર્માણ પૂર્ણ થયા બાદ બીલીમોરા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના હજારો દર્દીઓને સારવાર માટે નવસારી અથવા ખાનગી હોસ્પિટલોમાં જવાની ફરજ નહીં પડે.

મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની પ્રાથમિકતા દરેક નાગરિકને ગુણવત્તાસભર આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવવાની છે. નવી હોસ્પિટલ શરૂ થયા બાદ ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને પોતાના વિસ્તારમાં જ કોર્પોરેટ કક્ષાની આધુનિક સારવાર અને જરૂરી આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ થશે. હોસ્પિટલ માટે મહેકમ ને પણ મંજૂરી મળી છે. મંત્રી નરેશભાઈ પટેલ એ સ્વ. માજી ધારાસભ્ય લક્ષ્મણભાઈ પટેલ ને યાદ કરી મેંગુશી હોસ્પિટલ માટેના યોગદાન યાદ કર્યા હતા.

સ્થાનિક લોકો વર્ષોથી હોસ્પિટલના નવીનીકરણની માંગ કરી રહ્યા હતા. હવે સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી માત્ર હોસ્પિટલનું નવું નિર્માણ જ નહીં, પરંતુ સમગ્ર વિસ્તારની આરોગ્ય વ્યવસ્થામાં પણ ગુણાત્મક પરિવર્તન આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીલીમોરા મેંગુશી હોસ્પિટલનાં જર્જરિત મકાનને ઉતારી લેવાની કામગીરી હાથ ધરવાની ઘડી ગણાય રહી છે. ત્યારે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ડો. બાબાસાહેબ આંબેડકર હોલ ની ફાળવણી કરવામાં આવશે. આ ઉપરાંત સ્ટાફ કવાટર્સ મકાનનો પણ ઉપયોગ કરવામાં આવશે.

## ડાંગમાં તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૧૩ :** મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને તાલુકાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિવારણ માટે આગામી તા.૨૨/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૧ઃ૦૦ વાગ્યાથી શરૂ કરીને લોકો તરફથી મળેલ ફરિયાદ કે પ્રશ્નોનું નિવારણ થાય ત્યાં સુધી ક્તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમે ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકાઓમા યોજવામાં આવનાર છે. નિયત કાર્યક્રમ મુજબ સુબીર તાલુકાનો કાર્યક્રમ તાલુકા સેવાસદન સુબીર કલેક્ટર ડાંગ આહવાના અધ્યક્ષ સ્થાને, આહવા તાલુકાનો કાર્યક્રમ જિલ્લા કલેક્ટર કચેરી સભાખંડમાં જિલ્લા પોલીસ અધિક્ષકના અધ્યક્ષ સ્થાને, વઘઇ તાલુકાનો કાર્યક્રમ તાલુકા સેવા સદન-વઘઇ ખાતે પ્રાંત અધિકારીશ્રી, આહવા-ડાંગના અધ્યક્ષ સ્થાને યોજાશે.

ન્યાયની કોર્ટમાં ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જ્યુડીશીયલ પ્રશ્નો, તથા નોકરીને લગતા પ્રશ્નો આ કાર્યક્રમમા લક્ષમા લેવામા આવશે નહી. જેની પણ અરજદારોને નોંધ લેવા અનુરોધ કરાયો છે. અરજદારોએ એક જ પ્રશ્ન, સંપૂર્ણ વિગતો સાથે સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરોમા રજૂ કરવાનો રહેશે. રજૂ કરવામા આવનાર પ્રશ્નોના કવર ઉપર 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૨/૦૭/૨૦૨૬' એમ અચૂક લખવા પણ જણાવાયુ છે. ઉપરાંત ફરિયાદ નિવારણ કાર્યક્રમના દિવસે અરજદારને ઉક્ત જણાવેલ સ્થળે સમયસર અચૂક હાજર રહેવા પણ એક અખબારી યાદી દ્વારા જણાવાયુ છે.

### જન્મદિવસની શુભકામના



**જૈનીત યાદવ**

**જન્મ તા. ૨૫/૩/૨૦૨૩**

**માતાનું નામ : અર્ચના**

**પિતાનું નામ : મહેન્દ્રસિંહ**

**સરનામું : વલસાડ**

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૪-૦૭-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** જેઠ, અમાસ **સૂર્યોદય :** ૦૬ : ૦૮ **સૂર્યાસ્ત** ૦૭ :૨૦, **ચંદ્રોદય** - ૦૨:૧૮ **ચંદ્રાસ્ત** - ૦૪:૩૧ **ચંદ્ર રાશિ :** કર્ક, **નક્ષત્ર** - ચિત્રા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે તમારું ભાગ્ય ખૂબ જ મજબૂત રહેશે. જે કામો તમે લાંબા સમયથી કરી રહ્યા હતા, તેમાં સફળતા મળવાની શક્યતા છે.ધ્યાન કેન્દ્રિત રાખવું જરૂરી છે.

**વૃષભ(બ.વ.ઉ) :** કાર્યસ્થળ પર થોડી તણાવભરી પરિસ્થિતિ રહી શકે. બોસ અથવા સહકર્મીઓ સાથે મતભેદ થઈ શકે છે.

**મિથુન(ક.છ.ઘ) :** સંવાદમાં ખાસ ધ્યાન રાખવો. કોઈને કંઈ બોલતા પહેલાં વિચારવું જરૂરી છે. નવી યોજનાઓ અથવા પ્રોજેક્ટ્સમાં સફળતા મળવાની શક્યતા છે.

**કર્ક(ડ.હ) :** આર્થિક લાભ મળવાનો યોગ છે. રોકાણ માટે સારો સમય બની શકે છે. પરિવાર સાથે આનંદદાયક ક્ષણો પસાર થશે.

**સિંહ(મ.ટ.) :** ચંદ્ર તમારી રાશિમાં હોવાથી આજે તમે ખૂબ જ ઉર્જાવાન અને આત્મવિશ્વાસી લાગશો. લોકો તમારી વાતોથી પ્રભાવિત થશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** ખર્ચમાં વધારો થઈ શકે છે, તેથી બજેટ પર ધ્યાન આપવું જરૂરી છે. સ્વાસ્થ્યમાં નાની તકલીફો થઈ શકે—ખાસ કરીને પાચન સંબંધિત.

**તુલા (ર.ત.) :** આવકના નવા સ્ત્રોત મળી શકે છે. મિત્રો અને સંબંધીઓનો સહયોગ મળશે. સામાજિક જીવનમાં સક્રિયતા વધશે.

**વૃશ્ચિક(ન.ય.) :** કામકાજમાં વ્યસ્તતા વધશે. નવા જવાબદારીઓ મળી શકે છે. મહેનતનું ફળ ચોક્કસ મળશે, પણ થોડો સમય લાગશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** ભાગ્ય તમારો સાથ આપશે. યાત્રાના યોગ છે—ખાસ કરીને ધાર્મિક અથવા કામકાજ માટે. નવી શીખવાની તક મળશે.

**મકર(જ.ખ) :** ધીરજ રાખવી આજે સૌથી મહત્વપૂર્ણ છે. નજીકના લોકો સાથે ગેરસમજ થઈ શકે છે, તેથી શાંતિપૂર્વક વાતચીત કરો. કામમાં ધીમે ધીમે પ્રગતિ થશે. ઉતાવળ ટાળો.

**કુંભ(ગ.શ.સ.) :** જીવનસાથી સાથે સંબંધો મજબૂત બનશે. જો કોઈ મતભેદ હોય તો તે દૂર થશે. વ્યવસાયમાં વૃદ્ધિ થશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું—થાક અથવા સ્ટ્રેસ થઈ શકે છે. પ્રતિસ્પર્ધીઓ પર વિજય મળશે. કામમાં સફળતા મળશે, પણ નિયમિતતા જાળવવી પડશે. આધ્યાત્મિકતા તરફ રુચિ વધશે.

### દમણ રેડિયો

**102.3 FM**

**મંગળવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

### સુડોકુ નં.૬૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | | 3 | | | | | 2 |
| 8 | | 4 | | | | 3 | | 5 |
| | 6 | | 4 | | 9 | | 8 | |
| 1 | | | | 6 | | | | 3 |
| | | | 8 | | 1 | | | |
| 5 | | | | 4 | | | | 9 |
| | 7 | | 6 | | 3 | | 2 | |
| 3 | | 5 | | | | 9 | | 4 |
| 6 | | | | 8 | | | | 7 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૨૬નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 2 | 7 | 8 | 3 | 6 | 1 | 9 |
| 9 | 3 | 1 | 6 | 4 | 2 | 5 | 7 | 8 |
| 6 | 7 | 8 | 5 | 9 | 1 | 4 | 2 | 3 |
| 5 | 2 | 4 | 9 | 1 | 7 | 3 | 8 | 6 |
| 1 | 8 | 3 | 4 | 5 | 6 | 7 | 9 | 2 |
| 7 | 6 | 9 | 2 | 3 | 8 | 1 | 5 | 4 |
| 3 | 1 | 7 | 8 | 2 | 4 | 9 | 6 | 5 |
| 2 | 4 | 5 | 1 | 6 | 9 | 8 | 3 | 7 |
| 8 | 9 | 6 | 3 | 7 | 5 | 2 | 4 | 1 |

સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

Tuesday 14, July 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

ધરમપુર-કપરાડાના આદિવાસી સમાજમાં 'તેરાસન'નું અનોખું મહત્વ

# ગોમતીપાડામાં તેરા (તેરા હોવાન)ની પરંપરાગત અનોખી ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૩ :** ધરમપુર અને કપરાડા તાલુકાના આદિવાસી વિસ્તારોમાં ચોમાસાની ઋતુ દરમિયાન સદીઓથી ચાલી આવતી અનોખી પરંપરા તેરા હોવાનની આ વર્ષે પણ શ્રદ્ધા, ઉત્સાહ અને પરંપરાગત રીતિ-રિવાજો સાથે વિવિધ ગામોમાં ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતો આ લોકોત્સવ આદિવાસી સંસ્કૃતિની આગવી ઓળખ છે, જે માત્ર ધાર્મિક વિધિ નહીં પરંતુ પર્યાવરણ સંરક્ષણ અને સામૂહિક એકતાનો પણ સંદેશ આપે છે. ધરમપુર તાલુકાના રાજપુરી જંગલના ગોમતીપાડા ખાતે આદિવાસી ભાઈ-બહેનોએ વહેલી સવારે જંગલમાં કુદરતી રીતે ઊગતા તેરાં (અળવી)ના પાનની વિધિવત પૂજા-અર્ચના કરી ધરતી માતા અને પ્રકૃતિનો આભાર વ્યક્ત કર્યો હતો. આદિવાસી પરંપરા મુજબ આ દિવસથી જ તેરાંના પાનનું પ્રથમ સેવન કરવામાં આવે છે, જેને શુભ શરૂઆત અને કુદરતના આશીર્વાદનું પ્રતિક માનવામાં આવે છે. પૂજા બાદ સમગ્ર વિસ્તારમાં લોકગીતો, પરંપરાગત નૃત્ય અને સામૂહિક મિલનનો માહોલ જોવા મળ્યો હતો. વડીલોથી લઈને યુવાનો અને બાળકો સુધી સૌએ ઉત્સાહભેર આ લોકોત્સવમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે ગ્રામજનોએ એકતા, ભાઈચારો અને પોતાની સાંસ્કૃતિક પરંપરાને જીવંત રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. વધુમાં તેરાસનના દિવસે ગામના લોકો ભેગા મળી વર્ષભરના કેટલાક સામૂહિક નિયમો અને વ્યવસ્થાઓ પણ નક્કી કરે છે. મજૂરીના દર, ખેતી માટે જરૂરી ટેમ્પા, ટ્રેક્ટર સહિત અન્ય કૃષિ સાધનોના ભાડા તથા ભાવ અંગે સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવે છે. આ દિવસ બાદ જ ઘણા વિસ્તારોમાં રોપણીના કામની સત્તાવાર શરૂઆત કરવામાં આવે છે. આ ઉપરાંત ગ્રામજનો દ્વારા નક્કી કરવામાં આવેલા સામૂહિક નિયમોનું જો કોઈ ઉલ્લંઘન કરે તો તેને પરંપરા મુજબ દંડ ભરવાનો નિયમ પણ અમલમાં છે, જે ગામમાં શિસ્ત અને એકતા જાળવવાનું મહત્વનું માધ્યમ માનવામાં આવે છે. આધુનિક યુગમાં જ્યાં અનેક પરંપરાઓ ધીમે-ધીમે લુપ્ત થતી જાય છે, ત્યાં ધરમપુર-કપરાડાના આદિવાસી સમાજ દ્વારા આજે પણ આવી પ્રાચીન પરંપરાઓને જાળવી રાખવાનો પ્રયાસ નવી પેઢી માટે પ્રેરણારૂપ બની રહ્યો છે. પ્રકૃતિ, સંસ્કૃતિ અને સામૂહિક એકતાનો અનોખો સંગમ ગણાતો તેરાસનનો આ લોકોત્સવ આજે પણ આદિવાસી જીવનશૈલી અને તેમની પ્રકૃતિ પ્રત્યેની અતૂટ આસ્થાનો જીવંત પરિચય કરાવે છે. તેરાસનની ઉજવણીના અંતે રાત્રિના સમયે આદિવાસી વાજિંત્રોના મધુર તાલે યુવક-યુવતીઓ, વડીલો અને બાળકો પરંપરાગત નૃત્ય અને નાચગાન સાથે ઉત્સવની આનંદમય ઉજવણી કરે છે, જે આદિવાસી સંસ્કૃતિની જીવંત ઓળખ અને સામૂહિક એકતાનું અનોખું પ્રતીક બની રહે છે.

લેડી વિલ્સન મ્યુઝિયમ અને શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરીના સંયુક્ત ઉપક્રમે

# ધરમપુરમાં 'મંડાલા આર્ટ' વર્કશોપ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૩ :** લેડી વિલ્સન મ્યુઝિયમ, ધરમપુર તથા ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરીના સંયુક્ત ઉપક્રમે નિ:શુલ્ક મંડાલા આર્ટ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ધરમપુર જેવા આદિવાસી વિસ્તારમાં પ્રથમ વખત યોજાયેલા આ વર્કશોપમાં આશરે ૧૦૦ જેટલા બાળકો, યુવા-યુવતીઓ અને મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લઈ આ અનોખી કલાશૈલી શીખી હતી. મંડાલા આર્ટ વર્તુળાકાર, સમમિત (Symmetrical) અને ભૂમિતીય આકારો પર આધારિત પ્રાચીન ભારતીય કલાશૈલી છે. 'મંડલ' શબ્દ સંસ્કૃત ભાષામાંથી આવેલો છે, જેનો અર્થ વર્તુળ અથવા પવિત્ર ચક્ર થાય છે. આ કલાનો ઉપયોગ ધ્યાન (Meditation), એકાગ્રતા, માનસિક શાંતિ તેમજ ધાર્મિક વિધિઓ, યજ્ઞ અને મંદિર સ્થાપત્યમાં પણ થતો આવ્યો છે. આજે મંડાલા આર્ટ ઘર સજાવટ, ચિત્રકામ, ટેટૂ, કપડાંની ડિઝાઈન અને આર્ટ થેરાપી જેવા અનેક ક્ષેત્રોમાં લોકપ્રિય બની છે.

વર્કશોપમાં મુંબઈથી ખાસ પધારેલા પ્રમાણિત મંડાલા કલાકાર તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રીમતી કોમલબેન ગોરીએ સહભાગીઓને મંડાલા આર્ટની વિવિધ પદ્ધતિઓ અને તેની વિશેષતાઓ અંગે માર્ગદર્શન આપી પ્રાયોગિક તાલીમ આપી હતી.

આ પ્રસંગે ધરમપુર નગરપાલિકાના પ્રમુખ મયંકભાઈ મોદી, ચીફ ઓફિસર ડૉ. વિજય ઈટાલિયા, લાઈબ્રેરી ચેરમેન દીપમાલા ચોનકર, પાલિકા સભ્ય સમીપભાઈ રાંચ તથા ભક્તિબેન કાપડિયા ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ કાર્યક્રમની સફળતા બદલ મ્યુઝિયમ અને લાઈબ્રેરીના સ્ટાફ તેમજ તમામ સહભાગીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ આવા કૌશલ્ય વિકાસલક્ષી કાર્યક્રમોને સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી વ્યક્ત કરી હતી.

વર્કશોપના સફળ આયોજન માટે લેડી વિલ્સન મ્યુઝિયમના ક્યુરેટર ઈન્દ્રાબેન વત્સ તથા તેમની ટીમ અને માહારાણા નારણદેવજી લાઈબ્રેરીના લાઈબ્રેરિયન નિમેષભાઈ ભટ્ટ તથા ધરમપુરના તબીબ ડો યોગેશભાઈ વડોરે નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# રોહીણા આશ્રમશાળામાં પોક્સો અધિનિયમ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૩ :** વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ''બેટી બચાવો, બેટી પઢાવો'' યોજના અંતર્ગત પારડી તાલુકાના રોહિણા ગામની આશ્રમશાળા ખાતે પોક્સો (POCSO) અધિનિયમ અંગે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ, શાળાના પ્રિન્સિપાલ, પેરા લીગલ વોલન્ટિયર્સ, બાળ સુરક્ષા કચેરી, સખી વન સ્ટોપ સેન્ટરના પ્રતિનિધિઓ, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સેમિનારમાં પોક્સો અધિનિયમ-૨૦૧૨ની જોગવાઈઓ, ગુડ ટચ - બેડ ટચ, બાળકોના અધિકારો, બાળ સુરક્ષા, જાતીય શોષણથી બચવાના ઉપાયો, ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલમાં રહેલી વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ સખી વન સ્ટોપ સેન્ટર, મહિલા હેલ્પલાઈન- ૧૮૧ તથા અન્ય સહાય સેવાઓ અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત રહી કોઈપણ પ્રકારની અયોગ્ય ઘટના બને તો નિર્ભયપણે સંબંધિત સત્તાધિકારી અથવા હેલ્પલાઈનનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો તેમજ ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઉમરગામ સ્વામિનારાયણ મંદિરમાં વૃક્ષારોપણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૩ :** ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં નિર્માણાધીન સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે સેલવાસથી પધારેલા પૂજ્ય સ્વામીજી, ધારાસભ્ય રમણભાઈ પાટકર, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ પટેલ, ઉમરગામ શહેર ભાજપ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા, બિલ્ડર રાજેશભાઈ મિસ્ત્રી, જીતુભાઈ પટેલ સહિત પર્યાવરણ પ્રેમીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સ્વામીજી અને ધારાસભ્ય રમણભાઈ પાટકરે વૃક્ષોના મહત્વ અંગે માર્ગદર્શન આપી સૌને વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા અપીલ કરી હતી.

# વાપી જાયન્ટ્સ ગ્રુપની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીની વાર્ષિક સામાન્ય સભા તા.૧૧-૭-૨૦૨૬ને શનિવારના રોજ વાપી છરવાડાના ભારતીબા વિલા ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે ઉત્સાહભેર યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સાથે થઈ હતી. ગ્રુપના પ્રમુખ જી.ટી. રિતેશ રાવલે સભ્યો, મહેમાનો અને તેમના પરિવારજનોનું સ્વાગત કરી વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન હાથ ધરાયેલા વિવિધ સમાજસેવાના કાર્યોનો અહેવાલ રજૂ કર્યો અને સૌના સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો.

ડી.એ. ખ્યાતિ રાવલે ગ્રુપની વહીવટી કામગીરી તેમજ વર્ષ દરમિયાન પૂર્ણ કરાયેલા સમાજસેવાના પ્રોજેક્ટોની માહિતી આપી અને આગામી વર્ષમાં વધુ સેવા પ્રવૃત્તિઓ માટે સભ્યોને પ્રેરિત કર્યા. ડી.એફ. રજની શેટ્ટીએ આવક-જાવક, દાન અને ખર્ચ અંગેનો પારદર્શક નાણાકીય અહેવાલ રજૂ કર્યો. એસ.સી.એમ. જી.ટી. બાલકૃષ્ણ શેટ્ટીએ સેવા, સમર્પણ અને ટીમવર્કના મહત્ત્વ પર ભાર મૂક્યો.

સભામાં ગ્રુપના વિકાસ અને ભાવિ આયોજન અંગે રચનાત્મક ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે પાસ્ટ પ્રેસિડેન્ટ્સ સહિત અનેક વરિષ્ઠ જાયન્ટ્સ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# પારડીમાં રખડતાં પશુઓને રેડિયમ પટ્ટી પહેરાવાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** જાહેર માર્ગોમાં ગાય બળદ જેવા પશુઓ રાત્રિ દરમિયાન અચાનક આવી જતા હોય જેથી રસ્તા પર અકસ્માત સર્જાતા હોય છે. આવા પશુઓના ગળામાં સેવાભાવી પારડીના ભાઈ-બહેનોએ રેડિયમ પટ્ટી બાંધી હતી. જેનાથી અકસ્માત થતાં અટકી શકે છે. દૂરથી આવતા વાહન ચાલકને રેડિયમ પટ્ટી ચમકે તો કોઈ જીવ હોવાનો ભાન થશે અને અકસ્માત અટકી જશે. પારડીના સેવાભાવી ઉમરસાડીના ધવલભાઈ દેસાઈ દ્વારા અકસ્માત અટકાવવા માટે રેડિયમ પટ્ટી આપવામાં આવતાં પારડીના સેવાભાવી પારડી પાલીકાના મહિલા કોર્પોરેટર નેહાબેન ભંડારી, યુગ દેસાઈ, કરણ ભરવાડ, જેનીલ દેસાઈ, હર્ષ પટેલ અને ધાવની પટેલ તમામ લોકો જાહેર માર્ગમાં પહોંચ્યા હતાં અને રખડતા પશુઓને ગળામાં બેલ્ટ બાંધ્યો હતો. જેનાથી દૂરથી આવતા વાહન ચાલકને દેખાય અને અકસ્માત થતા થઈ શકે છે. ત્યારે મોંઘા પશુઓને જાહેર માર્ગોમાં છોડી દેતા પશુ માલિકોએ જાહેરમાં પશુઓ છોડવા નહીં જોઈએ જેથી અકસ્માત થતા અટકાવી શકાય છે અને પશુઓનો બચાવ થાય છે.

વાહન ચાલકોનો બચાવ થાય છે. નેહાબેન અને એમની ટીમને ખુબ ખુબ અભિનંદન કે એમણે અકસ્માત અટકાવવા માટે પહલ કરી છે.

# ઉમરગામની એમ.એમ. હાઈ.ના વિદ્યાર્થીઓ અબેક્સ સ્પર્ધામાં ઝળક્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૩ :** એસ.એસ.વી. જ્ઞાન કેન્દ્ર, GIDC, ઉમરગામ ખાતે અબેકસ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આસપાસની વિવિધ શાળાઓમાંથી કુલ ૧૦૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ઉમરગામની એમ.એમ. હાઈસ્કૂલના ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધામાં કુ. સિદ્ધિ બટુકભાઈ કામલીએ પોતાની કેટેગરીના વિથ ફોર્મ્યુલા વિભાગમાં તૃતીય સ્થાન જયારે આનંદ રવિન્દ્રકિશોર તિવારીએ વિથઆઉટ ફોર્મ્યુલો વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને શાળા, વાલીઓ તથા સમગ્ર ઉમરગામનું નામ ગૌરવપૂર્વક ઉજ્જવળ કર્યું. આ સિદ્ધિ માટે ઉમરગામ એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટીમંડળ અને શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતાં.

# ગોવાડામાં બાળકોને રેનકોટ વિતરણ કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૩ :** ઉમરગામ તાલુકા વિસ્તારમાં જૈન ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૧૫ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિ કરે છે.

જરૂરિયાત મંદોને સહાય પૂરી પાડી જનસેવા એ જ પ્રભુ સેવા નું સૂત્ર જૈન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ પૂજા શાહ તથા પૂર્વ પ્રમુખ અનિલભાઈ જૈન અને પરિવાર દ્વારા સાર્થક થતું જોવા મળે છે. વરસાદને કારણે ઉમરગામ ખાતે કેટલીક ટ્રેનોને ઉભી કરી દેવામાં આવી હતી. જૈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પેસેન્જર અને ફૂડ પેકેટ વિતરણ કરાયા હતાં.

ગોવાડા પ્રાથમિક શાળા ખાતે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને જૈન ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો દ્વારા રેનકોટ વિતરણ કરી બાળકોના ઉજવળ ભવિષ્યની કામના કરી હતી.

'વંદે માતરમ્' ૧૫૦ વર્ષના મહોત્સવ અને કાલિદાસ જયંતીના ઉપલક્ષ્યમાં સંગીત નાટક અકાદમી દ્વારા રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ - ૨૦૨૬નું આયોજન કરાયું

# દમણ કોલેજમાં 'શૌર્યનાદ' નાટક ભજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૩ :** આ મહોત્સવ અનેક દૃષ્ટિએ એક અનોખી પહેલ છે. મહોત્સવમાં રજૂ થનારા તમામ નાટકો રાષ્ટ્રપ્રેમની ભાવનાને સમર્પિત છે અને રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠની સ્મૃતિને અર્પણ છે. આ મહોત્સવ ૧૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યે સમગ્ર દેશમાં એકસાથે યોજાશે. એટલે કે, દેશભરના ૧૫૦ સ્થળોએ, એક જ દિવસે અને એક જ સમયે, વિવિધ નાટકોનું એકસાથે મંચન કરવામાં આવશે. આ પોતાની જાતમાં એક અભૂતપૂર્વ સાંસ્કૃતિક ઘટના છે. ૧૫ જુલાઈ મહાકવિ કાલિદાસની જન્મજયંતિ પણ છે. તેથી, આ મહોત્સવ એક તરફ 'વંદે માતરમ'ની રાષ્ટ્રભાવનાને વંદન કરે છે, તો બીજી તરફ ભારતની સાંસ્કૃતિક આત્માનું પ્રતિનિધિત્વ કરનારા મહાન કવિ મહાકવિ કાલિદાસને પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. આ રાષ્ટ્રીય મહોત્સવનું આયોજન ભારતના ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરવામાં આવી રહ્યું છે. દેશની ૩૯થી વધુ ભાષાઓ અને બોલીઓમાં આશરે ૧૫૦ નાટકોનું મંચન થશે, જેમાં ૪,૦૦૦થી વધુ યુવા રંગકર્મીઓ ભાગ લેશે. આધુનિક નાટકોની સાથે સાથે કઠપૂતળી કલા (પુતુલ), લોકનાટ્ય તથા અન્ય વિવિધ પરંપરાગત રંગકલાઓ પણ આ ભવ્ય મહોત્સવનો ભાગ બનશે. આ મહોત્સવના તમામ દિગ્દર્શકો યુવા છે અને તેઓ સમાજના વિવિધ વર્ગો તેમજ વિવિધ ભાષાકીય પૃષ્ઠભૂમિમાંથી આવે છે. યુવાનોના માધ્યમથી રાષ્ટ્રીય ચેતનાને પ્રબળ બનાવવાનો આ પ્રયાસ રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ - ૨૦૨૬ને વધુ અર્થપૂર્ણ અને વિશિષ્ટ બનાવે છે. નાટક શૌર્ય નાદનું મંચન ગવર્નમેન્ટ કોલેજ દમણના સહયોગ થી ૧૫ જુલાઈના રોજ એકેડેમિક આર્ટ્સ બિલ્ડિંગમાં યોજાશે. મનિષ રોહિતના લેખન અને કાવેરી ત્રિવેદીના દિગ્દર્શન હેઠળ આ નાટકનું મંચન કરવામાં આવશે. આ નાટક માત્ર એક ક્રાંતિકારીની જીવનકથા નથી, પરંતુ એ પ્રશ્ન પૂછે છે કે દેશપ્રેમની કોઈ ઉંમર હોય છે? માત્ર પંદર વર્ષની ઉંમરે અન્યાય સામે ઊભા રહેલા એક સામાન્ય વિદ્યાર્થીની અસામાન્ય સફરને આ નાટક જીવંત કરે છે. આજના સમયમાં જ્યારે યુવાનો માટે આદર્શોની ચર્ચા થાય છે, ત્યારે સુશીલ કુમાર સેનની કથા યાદ અપાવે છે કે સાચી ક્રાંતિ હિંસા નહીં, પરંતુ અન્યાય સામે અડગ રહેવાની હિંમતથી શરૂ થાય છે.

# ડુંગરા પોલીસ લાઈનમાં વૃક્ષારોપણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** 'એક વૃક્ષમાંના નામ' અભિયાન અંતર્ગત ડુંગરા પોલીસ લાઇન ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નાયબ પોલીસ અધિક્ષક બી. એન. દવેની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમની સાથે પોલીસ ઈન્સ્પેક્ટર બી. એન. ગોહિલ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર. કે. પ્રજાપતિ, ડુંગરા પોલીસ સ્ટેશનના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો અને બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમ દરમિયાન શીતળ છાંયો અને ફળ આપતા વિવિધ પ્રકારના વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામને વૃક્ષોનું પર્યાવરણ તેમજ માનવ જીવનમાં રહેલું મહત્વ સમજાવી વધુમાં વધુ વૃક્ષારોપણ અને તેના સંવર્ધન માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. વૃક્ષોનું યોગ્ય જતન થાય તે માટે પોલીસ પરિવારના દરેક પરિવારને ત્રણ-ત્રણ વૃક્ષોની સંભાળ અને ઉછેરની જવાબદારી પણ સોંપવામાં આવી હતી.

આ પ્રસંગે પોલીસ લાઇનમાં સ્વચ્છતા જાળવવા, પીવાના પાણીની વ્યવસ્થા સુચારુ રાખવા તેમજ પોલીસ લાઇનના રહેણાંક મકાનોનું યોગ્ય જતન અને જાળવણી કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણનું સંરક્ષણ, હરિયાળી વધારવી અને વૃક્ષ સંવર્ધન પ્રત્યે જનજાગૃતિ લાવવાનો રહ્યો હતો. ઉપસ્થિત સૌએ વધુમાં વધુ વૃક્ષો વાવી તેમના ઉછેર માટે પ્રતિબદ્ધ રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# કપરાડા - નાનાપોંઢામાં કોન્ટ્રાક્ટરોના ભ્રષ્ટાચારોના કારણે સરકારના વિકાસ કામો ધોવાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૩ :** વલસાડ જિલ્લાના કપરાડા - નાનાપોંઢા તાલુકામાં રાજ્ય સરકાર દ્વારા લોકોની સુખાકારીને ધ્યાનમાં લઈ પ્રતિ વર્ષ કરોડો રૂપિયા વિકાસ ના કામો માટે મજૂર કરવા માં આવે છે.

વિકાસ ના કામો નું નિર્માણ કાર્ય કોન્ટ્રાક્ટરોને સોંપવામાં આવતું હોય છે. પરંતુ કોન્ટ્રાક્ટરો અને સંબંધિત તંત્રની મિલીભક્તના કારણે કામોમાં વ્યાપક ભ્રષ્ટાચારો આચરતા હોવાની લોકો માં ફરિયાદો ઉઠી રહી છે. છતાં કોન્ટ્રાક્ટરો સામે કોઈ પગલા લેવામાં આવતા નથી. વર્ષોથી કપરાડામાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચારો અંગે જાગૃત સંગઠનો કે રાજકીય સંગઠનો આવેદનો આપતા આવ્યા છે. છતાં આજ દિન સુધી કોઈ એક સમખાવા પૂરતા પણ ઉચ્ચાધિકારીઓ દ્વારા પગલાં લેવામાં આવ્યા નથી. જેથી કોન્ટ્રાક્ટરો પર તંત્રની પૂરેપૂરી રહેમ નજર હોવાની લોકોમાં ફરિયાદો ઉઠી રહી છે. જેનું એક જીવંત ઉદાહરણરૂપ ચોમાસુ શરૂ થયાના પ્રથમ વરસાદે જ સરકારના લાખો - કરોડોના કામો ધોવાયા હોવાની ફરિયાદો ઉઠી રહી છે. જેમાં નવનિર્મિત બનેલા એપ્રોચ, રસ્તાઓ, નાળાઓનું પ્રથમ વરસાદે કોન્ટ્રાક્ટરો દ્વારા આચરાયેલા ભ્રષ્ટાચારોની પોલ ખોલી નાંખી છે. કપરાડા - નાનાપોંઢા તાલુકામાં પ્રતિ વર્ષ લાખો કરોડો રૂપિયા વિકાસ માટે વપરાય છે. સરકારના વિકાસથી લોકોમાં ખુશી જોવા મળે છે. પરંતુ કોન્ટ્રાક્ટરો દ્વારા હલકી ગુણવતાવાળું અને ઓછું મટીરીયલ વાપરવાના કારણે વિકાસના કામો એક વર્ષમાં ધોવાય છે.

અને લોકો માટે બિન ઉપયોગી બની જતા હોવાને લઈ લોકોની ખુશી ગમમાં ફેરવાય છે અને સમસ્યા ઠેરની ઠેર જોવા મળે છે. જે અંગે વારંવારની ફરિયાદો છતાં કોઈ જવાબદાર તંત્ર ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટરો સામે પગલા લેવામાં આવતા નથી. જેને લઈ લોકો તંત્ર સામે પણ સવાલ ઉઠાવી રહ્યા છે. આમ કપરાડા - નાનાપોંઢા તાલુકામાં સરકારની વિવિધ યોજનાઓમાં રસ્તા, કોઝવે, ચેકડેમો, નાળાઓ, એપ્રોચ ઉપરાંત અન્ય નિર્માણ કાર્યની ગુણવતાની રીતસરની તપાસ કરવી જોઈએ. જો કોન્ટ્રાક્ટરો દ્વારા ભ્રષ્ટાચાર આચરી કામની ગુણવતા ન જળવાતો એની સામે કડક કાયદાકીય પગલાં લેવા જોઈએ, કોન્ટ્રાક્ટર અંગેનું લાઈસન્સ રદ કરી એફઆઈઆર દાખલ કરવી જોઈએની માંગ લોકો માં ઉઠી રહી છે.

પરંતુ ઉચ્ચ અધિકારીઓ લોકોની ફરિયાદ બાદ પણ કામની તપાસ સુધા કરતાં નથી. જેને લઈ કોન્ટ્રાક્ટરો સાથે મેળાપીપણા હોવા અંગે લોકો સવાલ ઉઠાવી રહ્યા છે.આમ કપરાડા તાલુકામાં પ્રથમ વરસાદે જ નવનિર્માણ વિકાસના કામો ધોવાયા જે અંગે તંત્ર સ્થળ તપાસ કરી જવાબદાર કોન્ટ્રાક્ટરો સામે કડક પગલા લે તેવી લોકો માં માંગ સાથે રોષ ઉઠી રહ્યો છે.

# ઉમરગામ શહેર યુવા ભાજપ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૩ :** પ્રદેશ ભાજપના માર્ગદર્શન હેઠળ ઉમરગામ શહેર યુવા ભાજપ દ્વારા ગાંધીવાડી ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા ઉપપ્રમુખ ભાવનાબેન, શહેર ભાજપ સંગઠન અને યુવા ભાજપના કાર્યકરોના સહયોગથી યોજાયેલી આ શિબિરમાં વલસાડ રક્તદાન કેન્દ્રના ડોક્ટરો અને તેમની ટીમે સેવા આપી હતી.

શિબિરમાં મોટી સંખ્યામાં યુવા રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી રક્તદાન મહાદાનના સંદેશને સાર્થક બનાવ્યો. આ પ્રસંગે ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ પટેલ, ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશબુબેન જાદવ, શહેર ભાજપ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા, નગર પાલિકાના કારોબારી અધ્યક્ષ ગૌરવ કોન્ટ્રાક્ટર, કોર્પોરેટરો તેમજ ભાજપના આગેવાનો અને કાર્યકરો વિશેષ ઉપસ્થિત રહ્યા.




## દક્ષિણની ફિલ્મોનાં ગાનકોકિલા "જાનમ્મા" નાદબ્રહ્મમાં વિલીન



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૩ :** દક્ષિણ ભારતીય સિનેમાના સંગીત જગતમાં એસ. જાનકી (શિષ્તલા જાનકી)ના નિધન સાથે દક્ષિણભારતીય ફિલ્મ સંગીત જાણે રાંક બન્યું છે. તેમના અવાજ વગર દક્ષિણનું સંગીત અધૂરું ગણાય છે. તેમને આદરપૂર્વક "જાનમ્મા" અને "દક્ષિણ ભારતની નાઈટીંગેલ" (ગાનકોકિલા) તરીકે ઓળખવામાં આવે છે. સુપ્રસિદ્ધ પ્લેબેક સિંગર (પાર્શ્વ ગાયિકા) એસ. જાનકીના રવિવારે સાંજે અહીં તેમના કનિયાનહુંડી ફાર્મહાઉસ ખાતે સંપૂર્ણ રાજ્ય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. શનિવારે સાંજે શ્વાસની તકલીફ બાદ ૮૮ વર્ષની વયે એક ખાનગી હોસ્પિટલમાં આ ગાયિકાનું અવસાન થયું હતું. એસ. જાનકીનો જન્મ ૨૩ એપ્રિલ, ૧૯૩૮ના રોજ આંધ્રપ્રદેશના મદ્રાસ પ્રેસિડેન્સીમાં (બ્રિટિશ ભારત સમયે) ગુંટુર જિલ્લાના રેપલ્લે તાલુકાના પલ્લપટલામાં થયો હતો. તેમના પિતા આયુર્વેદિક ડૉક્ટર હતા. તેમણે નવ વર્ષની ઉંમરે પહેલી વાર સ્ટેજ પર પર્ફોર્મન્સ આપ્યું હતું. બાદમાં શાસ્ત્રીય શાસ્ત્રીય સંગીત શીખ્યું. જ્યારે તેઓ ૨૦ વર્ષનાં હતાં ત્યારે એક સંબંધીની સલાહથી ચેન્નાઈ ગયાં હતાં અને ત્યાં સંગીતકાર આર. સુદર્શનમ સાથે ગાયિકા તરીકે કામ કર્યું. તેઓએ ૧૯૫૭ ની તમિલ ફિલ્મ 'વિધીયિન વિલાયત્તુ' થી પ્લેબેક સિંગર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી. તે પછી, તેમણે ક્યારેય પાછળ વળીને જોયું નહીં. ૧૯૬૦ થી ૧૯૯૦ના દાયકા સુધી તેઓ દક્ષિણ ભારતની ફિલ્મોમાં ટોચનાં મહિલા ગાયિકા રહ્યાં. ઈલૈયારાજા, એમ.એસ. વિશ્વનાથન અને એ.આર. રહેમાન જેવા દિગ્ગજ સંગીતકારો સાથે તેમણે અદભુત કામ કર્યું. એસ.પી.બી. સાથેની જોડી: એસ. જાનકી અને મહાન ગાયક એસ. પી. બાલાસુબ્રહ્મણ્યમની જોડીએ દક્ષિણ ભારતીય સિનેમાને સેંકડો સદાબહાર રોમેન્ટિક ગીતો આપ્યા છે. આ જોડી ભારતીય સંગીત ઈતિહાસની સૌથી સફળ જોડીઓમાંથી એક ગણાય છે. સંગીત ક્ષેત્રે લગભગ ૬૦ વર્ષની ભવ્ય કારકિર્દી પછી, તેમણે ૨૦૧૭માં સત્તાવાર રીતે લાઈવ પર્ફોર્મન્સ અને પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિ લીધી. ચાહકો તેમને પ્રેમથી જાનકી અમ્મા કહેતા હતા. તેમના હજારો ગીતો આજે પણ કરોડો સંગીતપ્રેમીઓના હૃદયમાં ગુંજે છે. ગાયિકા એસ. જાનકીને ૨૦૧૩માં પદ્મ ભૂષણ એવોર્ડ માટે પસંદ કરાયાં હતા, પરંતુ તેમણે નમ્રતાપૂર્વક આ એવોર્ડ લેવાનો ઈનકાર કર્યો હતો. તેમની એવી દલીલ હતી કે તેમને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન માટે પસંદ કરવાં જોઈએ. એસ. જાનકીને ચાર વખત શ્રેષ્ઠ મહિલા પ્લેબેક સિંગરનો રાષ્ટ્રીય પુરસ્કાર અને ૩૦ થી વધુ અલગ-અલગ રાજ્ય એવોર્ડ સહિત અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારો પણ મળ્યા છે. તેમની ગાયકીની મુખ્ય વિશેષતાઓ એસ. જાનકી પોતાના અવાજને ગમે તે રીતે બદલી શકતાં હતાં. તેઓ એક નાની બાળકીથી લઈને એક વૃદ્ધ મહિલા સુધીના કોઈપણ પાત્ર માટે અવાજ કાઢી શકતાં હતાં. ફિલ્મોમાં બાળકોનાં ગીતો માટે તેઓ સંગીતકારોની પહેલી પસંદ હતાં. તેમની ગાયકી ભાવપ્રધાન હતી. તેમનાં ગીતોમાં માત્ર સૂર નહોતા, પણ ઊંડી લાગણીઓ હતી. રોમેન્ટિક ગીત હોય, કરુણ ગીત હોય કે પછી શાસ્ત્રીય નૃત્ય આધારિત ગીત—તેઓ દરેક ભાવને હૂબહૂ રજૂ કરતાં.

## રશ્મિકાએ ૨૦ કલાક પાણીની અંદર રહી એક્શન દ્રશ્યો આપ્યાં



### કે ફિલ્મના પ્રોડયુસરોએ સોશિયલ મીડિયા પર શૂટિંગ દરમ્યાનની તસવીરો અને દ્રશ્યની એક ઝલક શેર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૩ :** રશ્મિકા મંદાનાએ આગામી ભાવનાત્મક એક્શન થ્રિલર 'માયસા' માટે પાણીની અંદર થતી ફાઈટ સીનનું શૂટિંગ પૂરુ કરી લીધું છે. સર્જકોના જણાવ્યા અનુસાર આ ભારતની પ્રથમ ફિલ્મ છે જેમાં કોઈ મહિલા કલાકાર પાણીની અંદર ફાઈટ સીન કરે છે. કોઈપણ બોડી ડબલની મદદ વિના પોતે જ મુશ્કેલ સ્ટન્ટ કર્યા હતાં. રશ્મિકાએ બે દિવસમાં લગભગ વીસ કલાક પાણીની અંદર રહી એક્શન દ્રશ્યો આપ્યાં હતાં. આ પ્રકારનું કીર્તિમાન સ્થાપનારી તે પહેલી ભારતીય અભિનેત્રી હોવાનો દાવો થઈ રહ્યો છે. ફિલ્મના પ્રોડયુસરોએ સોશિયલ મીડિયા પર શૂટિંગ દરમ્યાનની તસવીરો અને દ્રશ્યની એક ઝલક શેર કરી જેમાં શૂટિંગ મોટા પાયે થયાની જાણકારી મળે છે. સર્જકોએ તેને અગાઉ ક્યારેય ન જોયેલો સિનેમેટીક અનુભવ ગણાવ્યો હતો. રવિન્દ્ર પુલ્લે દિગ્દર્શિત 'માયસા' ની વાર્તા આદિવાસી વિસ્તારો પર આધારીત છે અને તેમાં ભાવનાત્મક વાર્તા સાથે જોરદાર એક્શન પણ સામેલ હશે તેવો દાવો થઈ રહ્યો છે.

## હોલિવુડમાં કામ મેળવવા ટેલેન્ટ કરતાં ઓડિશન, સંપર્કો મહત્વના : દિશા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૩ :** દિશા પટ્ટાણી ઓસ્કર વિજેતા ફિલ્મસર્જક કેવિન સ્પેસી દિગ્દર્શિત સુપરનેચરલ થ્રિલર 'હૂલીગાર્ડ્સ સાગા: ધી પોર્ટલ ઓફ ફોર્સ' સાથે હોલીવૂડમાં પોતાનો પથ કંડારતા ભારતીય કલાકારોની યાદીમાં સામેલ થઈ ગઈ છે. દિશો સ્વીકાર્યુ હતું કે હોલિવુડમાં એન્ટ્રી ફક્ત ટેલેન્ટના આધારે જ મળતી નથી. તેના માટે ઓડિશ સહિતની ટેકનિકલ પ્રક્રિયામાં ભાગ લેવો પડે છે. દિશાએ હોલીવૂડમાં કારકિર્દી ઘડવાની વાસ્તવિકતા વિશે વાત કરતા જણાવ્યું કે અહીં સફળતા ઓડિશનો, ટેલન્ટ એજન્સીઓ, વિઝા અને વિદેશમાં ભૌતિક હાજરી પર આધાર રાખે છે. ઓનલાઈન ઓડિશનો ભારતમાંથી શક્ય હોય છે, પણ દિશાના મતે કલાકારોએ વિદેશમાં વધુ સમય આપવો જોઈએ અને હોલીવૂડની ટેકનીકલ પ્રક્રિયા સમજીને આંતરરાષ્ટ્રીય તકો મેળવવા ધૈર્યપૂર્વક કાર્ય કરવું જોઈએ. પ્રોજેક્ટને મહત્વનું સીમાચિહ્ન ગણાવતા દિશાએ જણાવ્યું કે તેમાં કામ કરવાના અનુભવે તેની આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાને સ્થાપિત કરવાની મહત્વાકાંક્ષા મજબૂત કરી છે. ઉપરાંત તેને ફિલ્મસર્જનની નવી શૈલીનો પણ અનુભવ મળી રહ્યો છે. કેવિન સ્પેસી સાથે કામ કરવાના અનુભવને શેર કરતા દિશાએ તેના સહયોગાત્મક અભિગમ અને કલાકારને અનુકૂળ દિગ્દર્શનની પ્રશંસા કરી હતી. દિશાએ જણાવ્યું કે તેઓ કલાકારોને જડપણે સૂચનાઓનું પાલન કરવાની બદલે પોતાની લાગણીઓ અને જીવનના અનુભવોમાંથી પરફોર્મ કરવાની પ્રેરણા આપતા રહે છે. દરરોજ સવારે તેઓ દ્રશ્યો વિશે વિગતવાર ચર્ચા કરતા હોવાથી કલાકારોને પ્રયોગો કરવાની તેમજ મૌલિક પરફોર્મન્સ આપવાની તક મળે છે.

## દિપિકાએ ગર્ભાવસ્થાની વ્યથાઓ રજૂ કરવા રીલ બનાવતા ચાહકો ખુશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૧૩



દિપિકા પદુકોણે તેની બીજીવારની ગર્ભાવસ્થામાં સાતમો મહિનો ચાલી રહ્યો હોવાની જાણ તેના ચાહકોને રીલ મારફતે કરી હતી. દિપિકા પદુકોણ પોતાના જીવનના આ ખાસ તબક્કાને માણી રહી છે અને તેના અનુભવો તેના ચાહકોને સોશ્યલ મિડિયા પર જણાવી પણ રહી છે. દિપિકાએ એક મજેદાર રીલ બનાવી ગર્ભાવસ્થાના આ તબક્કામાં પડતી મુશ્કેલીઓનો અંદાજ તેના ચાહકોને આપ્યો હતો. દિપિકાનો આ વિડિયો વાઈરલ બની ગયો છે. જેમ જેમ બાળજન્મનો દિવસ નજીક આવતો જાય છે તેમ તેમ તેની પરેશાનીઓ વધતી જાય છે. હાલ તે ગર્ભાવસ્થાના આ તબક્કામાં આવતા પડકારોનો સામનો કરી રહી છે. તાજેતરમાં દિપિકાએ એક અન્ય રીલને ફરી શેર કર્યુ જેમાં ગર્ભાવસ્થાના અંતિમ તબક્કામાં રાત્રે વારંવાર વોશરૂમ જવાની પરેશાની દર્શાવવામાં આવી હતી. આ વિડિયોમાં એક ગર્ભવતી મહિલાને અડધી ઉંઘમાં બતાવવામાં આવી છે જે રાત્રે ધીમે ધીમે ચાલતી ચાલતી વોશરૂમ જઈ રહી છે. આ વિડિયોને ગર્ભાવસ્થાની એક અવસ્થાને મજેદાર રીતે રજૂ કરવા બદલ દિપિકાની પ્રશસા થઈ રહી છે.

## એકતા કપૂરની ફિલ્મથી ગોવિંદાનો પુત્ર લોન્ચ થશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૩ :** એક સમય હતો જ્યારે સુપરસ્ટાર ગોવિંદા બોલિવૂડ પર રાજ કરતા હતા અને તેમની ફિલ્મો થિયેટરોમાં અઠવાડિયાઓ સુધી ધૂમ મચાવતી હતી. લાંબા સમયથી મોટા પડદાથી દૂર રહેલા ગોવિંદાના ફેન્સ માટે હવે એક ખુશીના સમાચાર આવ્યા છે. ગોવિંદાના પુત્ર યશવર્ધન આહુજા હવે બોલિવૂડમાં ડેબ્યૂ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. હાલમાં જ રિયાલિટી શો 'લોક અપ ૨' માંથી બહાર આવ્યા બાદ ગોવિંદાની પત્ની સુનીતા આહુજાએ એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો છે કે તેમના પુત્ર યશવર્ધનની ડેબ્યૂ ફિલ્મ આગામી સપ્ટેમ્બર મહિનામાં રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મની સૌથી ખાસ વાત એ છે કે જાણીતા પ્રોડ્યુસર એકતા કપૂર દ્વારા બનાવવામાં આવી રહેલી આ ફિલ્મમાં ગોવિંદાની પત્ની સુનીતા આહુજા પણ ૫૯ વર્ષની ઉંમરે પોતાનું એક્ટિંગ ડેબ્યૂ કરવા જઈ રહી છે. ફિલ્મમાં તેઓ પોતાના રિયલ લાઈફ પુત્ર યશવર્ધનની ઓન-સ્ક્રીન માતાનો રોલ ભજવી રહ્યા છે. સુનીતા આહુજાએ જણાવ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઈતિહાસમાં આ પહેલીવાર બનશે જ્યારે રિયલ લાઈફ માતા અને પુત્ર એક જ ફિલ્મથી સાથે લોન્ચ થઈ રહ્યા હોય. આ સાથે તેમણે એકતા કપૂરનો આભાર માનતા કહ્યું કે એકતાના કારણે જ તેઓ ઓટીટી પ્લેટફોર્મ નેટફિલક્સ સુધી પહોંચી શક્યા છે. સુનીતા આહુજાએ ઈન્ટરવ્યુમાં નામની મૂંઝવણ દૂર કરતા સ્પષ્ટ કર્યુ હતું કે, "ઘણા લોકો મારા પુત્ર યશવર્ધનને 'હર્ષવર્ધન' કહીને બોલાવે છે, જે અનિલ કપૂરજીના દીકરાનું નામ છે. મારા દીકરાનું સાચું નામ યશ આહુજા (યશવર્ધન) છે." તેમણે ફેન્સને અપીલ કરી છે કે જેમ જનતાએ ગોવિંદાને અઢળક પ્રેમ આપ્યો છે, તેવો જ પ્રેમ અને આશીર્વાદ તેમના પુત્ર યશ અને તેમને પણ આપે જેથી તેઓ લોકોને ભરપૂર મનોરંજન પૂરું પાડી શકે.

## મહાનાયકની એક જાજરમાન નાયિકા આજે કરોડોના વ્યવસાયની માલીકણ



(સંપૂર્ણ સમાચાર સેવા)


**મુંબઈ, તા.૧૩ :** મહાનાયક અમિતાભ બચ્ચનની સુદીર્ઘ ફિલ્મી કારકિર્દીમાં અનેક હીરોઇનો સાથે જોડી જમાવીને રૂપેરી પડદે નવાં સોપાનો સ્થાપ્યાં છે. અનેક નવી અને ઓછી જાણીતી હીરોઇનોને અમિતાભ સાથે ચમકવાનો ચાન્સ મળતાં તે રાતોરાત જાણીતી બની ગઇ હતી. આવી જ એક હીરોઇન હતી, પેરિઝાદ, જેણે પોતાની કારકિર્દીને શિખર પર છોડી દીધી હતી. હાલમાં તે ચમક અને ગ્લેમરથી દૂર રહીને કરોડોનો વ્યવસાય કરી રહી છે. પેરિઝાદે પોતાની ૩૩ વર્ષની ઉંમરે બોલિવૂડ છોડી દીધું હતું. આપણે જે અભિનેત્રી વિશે વાત કરી રહ્યા છીએ તેનું આખું નામ પેરિઝાદ ઝોરાબિયન છે. એક સમય હતો જ્યારે તે ખૂબ જ પ્રખ્યાત બની હતી, પરંતુ કમનસીબે, પેરિઝાદ ગ્લેમરસ બોલિવૂડમાં પોતાના માટે વધુ સમય કોઈ સ્થાન બનાવી શકી ન હતી. બોલિવૂડ કોલિંગ નામની ફિલ્મ રિલીઝ થઈ. તેમાં નવીન નિશ્ચોલ અને ઓમ પુરી જેવા સ્ટાર્સ હતા, જેમની સાથે પેરિઝાદે ડેબ્યૂ કર્યું હતું. જોકે આ ફિલ્મને વધારે સફળતા મળી ન હતી, પરંતુ તેણે ચોક્કસપણે ચર્ચા જગાવી હતી. પેરિઝાદે મોડેલિંગ અને ફેરનેસ ક્રીમની જાહેરાતોથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તે ધીમે ધીમે ફિલ્મોમાં આગળ વધી અને પોતાનું ડેબ્યૂ કર્યું. બાદમાં પેરિઝાદે ઘણી ફિલ્મોમાં અભિનય કર્યો, પરંતુ તેની સૌથી યાદગાર ફિલ્મ અમિતાભ બચ્ચન સાથેનો તેમનો સહયોગ હતો. ૨૦૦૫ માં તેણે અમિતાભ બચ્ચન સાથે ફિલ્મ "એક અજનબી" માં અભિનય કર્યો. આ ફિલ્મમાં પેરિઝાદ સહિત ઘણા અન્ય સ્ટાર્સ પણ હતા. પેરિઝાદને તેના અભિનય માટે પ્રશંસા મળી, પરંતુ ફિલ્મ તે ઈચ્છિત સફળતા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહી હતી. હિન્દી સિનેમામાં પેરિઝાદની કારકિર્દી ટૂંકી પણ યાદગાર હતી. ૨૦૦૩ માં, તેણે વિક્ટર બેનરજી સાથે "જોગર્સ પાર્ક" નામની ફિલ્મમાં અભિનય કર્યો. આ ફિલ્મ સુભાષ ઘાઈ દ્વારા લખવામાં આવી હતી. આ પહેલાં પેરિઝાદે ટીવી પર પણ કામ કર્યુ હતું. ફિલ્મો ઉપરાંત, પેરિઝાદે ટેલિવિઝન પર પણ કામ કર્યુ. ટીવી સિરિયલ "દિલ પરદેસી હો ગયા" માં અભિનય કર્યો. આ શોમાં તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેની તે સમયે ખૂબ ચર્ચા થઈ હતી. તે કેટલાક અન્ય ટીવી શોમાં પણ દેખાઈ હતી.

## ફીફા વર્લ્ડ કપ : આર્જેન્ટિના સાતમીવાર સેમિફાઈનલમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મેક્સિકો, તા.૧૩ :** ફિફા વર્લ્ડકપ ૨૦૨૨ની ઐતિહાસિક ૧૦૦થી ક્વાર્ટર ફાઈનલ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ સ્વિટ્ઝલેન્ડને ૩.૧થી હરાવી સાતમીવાર ફિફા વર્લ્ડકરના સેમિફાઈનલમાં જગ્યા બનાવી હતી. રોમાંચક મેચમાં૧૦મી મિનિટે જ કેપ્ટન શિયોનેલ મેરસીની શાનદાર કોર્નર ક્રિક પર એલેક્સિસ માફ એલિસ્ટર હેડર દ્વારા શોધ કરીને ટીમને ૧-૦ની લીડ અપાવી હતી. સેકન્ડ હાફની ૨૭મી મિનિટે સ્વિટ્ઝાર્ટોને કાઉન્ટર એટેક કરતા રેન એન્ડોવે ગોલ કરીને રહોર ૧-૧ત્રી સરભર કર્યો હતો. પરંતુ મેચનો ટર્નિંગ પોઈન્ટ ત્યારે આવ્યો જયારે ૭૨મી મિનિટે સ્વિસ કોરવર્ડ પીલ એમ્બોલોને ડાઈવિંગ સિમ્યુલેશન) કરવા બદલ બીજું વલો કાર્ડ મળતાં રેડ કાર્ડ બતાવી મેદાન બહાર મોકલાતા સ્વિટ્ઝર્લેને ૧૦ ખેલાડીઓ સાથે રમવું પડયું હતું. ૧૦ ખેલાડીઓ સાથે સ્વિટ્ઝર્લેન્ડે ૫.૪ની ડિફેન્સિય વોગ બનાવીને આર્જેન્ટિનાને એક્સ્ટ્રા ટાઈમ સુધી ખેંચી ગયું હતું પરંતુ ૧૧૩મી મિનેટિ જુલિયન અભારેજે ૨૫ પર્ધાના અંતરેથી એક અદભૂત અને કરિંગ શોટ મારીને બોલને ટોપ કોર્નરમાં ધકેલી સ્કોર ૨.૧ કર્યો હતો. ત્યારબાદ મેચની અંતિમ ક્ષણોમાં (૧૨૦-૧) માઉન્ટર એટેક પર ઘોટારી માર્ટિનેજે ત્રીજો ગોલ કરીને આર્જેન્ટીનાની ૩-૧થી જીત નિશ્ચિત કરી દીધી હતી. વિસ્વટ્ઝર્લેન્ડ સામેની ક્વાર્ટર ફાઈનલ મેચ દરમિયાન આર્જેન્ટિનાના કેપ્ટન વિયોનેલ મેસો અને પોર્ટુગીઝ રેફરી જોઆનો પેડો પિન્હેરો વચ્ચે મેદાન પર ભારે ટકરાવ જોવા મળ્યો હતો. મેચની એક સાથે રેફરીના ટોનથી નારાજ થયેલા મેસીએ રોષે ભરાઈને તેમને ખખડાવાલ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, 'મારી સાથે માનપૂર્વક વાત કરો.' મેસીએ મેરા બાદ પણ રેકરીના અહંકારી વલણની ટીકા કરી હતી. જે સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચાનો વિષય બન્યો હતો.

## લેનિન રજૂ થયા પછી શ્રીલીલા ઓનલાઈન ટ્રોલિંગનો ભોગ બની



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૩ :** તેલુગી અભિનેત્રી શ્રીલીલા 'લેનિન'ની સફળતા પછી ઓનલાઈન આલોચનાનો ભોગ બની છે, જેમાં ભાગ્યશ્રી બોર્સેએ દર્શકોને અખિલ અક્કીનેનીની મુખ્ય નાયિકા કરતા વધુ પ્રભાવિત કર્યા. અગાઉ આ રોલ માટે શ્રીલીલા કાસ્ટ થઈ હતી અને પ્રોજેક્ટ છોડી દેવા અગાઉ લગભગ એક અઠવાડિયાનું શૂટિંગ પણ કર્યું હતું. સર્જકોએ આ બાબતે કોઈ સ્પષ્ટતા ન કરી, પણ અહેવાલ મુજબ શ્રીલીલા શૂટિંગ માટે અનુકૂળ તારીખો ન આપી શકતાં તેને રવાના કરી દેવાઈ હતી. ફિલ્મ રજૂ થયા પછી ભાગ્યશ્રી બોર્સેની તેના અભિનય અને સ્ક્રીન હાજરી માટે વ્યાપક પ્રશંસા થઈ છે. પણ સાથે શ્રીલીલા સાથે સરખામણી પણ થવા લાગી અને અનેક સોશિયલ મીડિયા વપરાશકારોએ દાવો કર્યો કે આ રોલ માટે ભાગ્યશ્રી જ શ્રેષ્ઠ હતી. આ વિવાદથી શ્રીલીલાના તાજેતરના કારકિર્દી સંબંધિત નિર્ણયો અને ફિલ્મ પસંદગી બાબતે સવાલો પણ ઊભા થયા છે. વિવાદ મુક્ત અને વ્યાવસાયિક છબી જાળવી હોવા છતાં શ્રીલીલા ટ્રોલિંગનો ભોગ બની છે. અનેક નેટ વપરાશકારોએ તેની નૃત્ય કુશળતાની સરાહના કરી પણ સાથે કેટલાક ટીકાકારોએ તેની અભિનય ક્ષમતા અને સ્ક્રિપ્ટ પસંદગી બાબતે સવાલો ઉઠાવ્યા હતા. જો કે આ તમામ ટ્રોલિંગથી અલિપ્ત શ્રીલીલા તેના આગામી પ્રોજેક્ટોમાં વ્યસ્ત બની છે અને તેણે અથવા 'લેનિન'ની ટીમે તેની બદલી બાબતે કોઈ ટિપ્પણી નથી કરી.

### જંતર-મંતર પર વિવાદ

## કોકરોચ જનતા પાર્ટીના અભિજીત દિપકે દિલજીત દોસાંઝ પર કટાક્ષ કર્યો !

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૩ :** સિંગર અને એક્ટર દિલજીત દોસાંજ તાજેતરમાં દિલ્હીના જંતર-મંતર પર ચાલી રહેલા 'કોકરોચ જનતા પાર્ટી' (ઝત્ત)ના વિરોધ પ્રદર્શન પર પોતાની ટિપ્પણીને લઈને ચર્ચામાં રહ્યા હતા. હવે, એક નવા વીડિયોમાં એવું સામે આવ્યું છે કે, ઝત્તના ફાઉન્ડર અભિજીત દીપકેએ દોસાંજ પર કટાક્ષ કર્યો છે. આ ઘટના ત્યારે બની જ્યારે 'કાકા'ના નામથી જાણીતા સિંગર રવિન્દરસિંહ આ મુદ્દાના સમર્થનમાં જંતર-મંતર પહોંચ્યા હતા. કાકા જ્યારે પોતાની ફિલ્મ 'ધ ૫૦' ના કો-સ્ટાર સિદ્ધાર્થ ભારદ્વાજ સાથે જંતર-મંતર પહોંચ્યા, ત્યારે ત્યાં એકત્રિત થયેલી ભીડને સંબોધિત કરતી વખતે દીપકેએ દિલજીત દોસાંજ પર કટાક્ષ કર્યો હતો. તેમણે કાકા તરફ ઈશારો કરતા કહ્યું કે, 'આ પણ એક આર્ટિસ્ટ છે,



ભાઈ'. પોતાના એક લાઈવ સેશન દરમિયાન, જ્યારે દિલજીત દોસાંજને પૂછવામાં આવ્યું કે, શું તેઓ પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ અને દ્વઈઈ પેપર લીક વિવાદને લઈને જંતર-મંતર પર થઈ રહેલા વિરોધ પ્રદર્શનમાં સામેલ થશે? ત્યારે આ એક્ટર-સિંગરે કહ્યું હતું કે, 'મને આ બધાથી દૂર રાખોપ ભાઈ, હું એક આર્ટિસ્ટ છું. હું કોઈ પોલિટિશિયન નથી. મને નથી ખબર કે તમે મને શું સમજો છો. જુઓ, બધું ક્યારેય પણ બરાબર હોઈ શકતું નથી. આ દુનિયામાં બધું ક્યારેય યોગ્ય નથી થઈ શકતુ, તેથી, જે લોકો વિરોધ કરી રહ્યા છે, તેમને પણ અભિનંદન અને જેમના માટે વિરોધ થઈ રહ્યો છે, તેમને પણ અભિનંદન, કારણ કે મને કશી ખબર નથી.' જો કે, દિલજીત એવા વ્યક્તિ નથી, જેમણે વિરોધ પ્રદર્શનો દરમિયાન ક્યારેય પોતાનો અભિપ્રાય ન રાખ્યો હોય. વર્ષ ૨૦૨૦માં, આ સિંગર ત્યારે ચર્ચામાં આવ્યા હતા, જ્યારે તેમણે વિવાદાસ્પદ કૃષિ કાયદાઓ સામે ખેડૂતોના આંદોલનને સમર્થન આપ્યું હતું. પરંતુ, આ વર્ષે મે મહિનામાં જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું તેઓ રાજકારણમાં આવવાની યોજના બનાવી રહ્યા છે, ત્યારે તેમણે કહ્યું હતું કે, 'મારું કામ લોકોનું મનોરંજન કરવાનું છે. હું મારા ક્ષેત્રમાં ખૂબ ખુશ છું.'


દમણગંગા ટાઇમ્સ

મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## વલસાડ શહેરમાં રખડતાં ઢોરોથી વેપારીઓ-રહીશો ત્રાહીમામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩** : વલસાડ શહેરમાં દિન-પ્રતિદિન રખડતા ઢોરોનો ત્રાસ વધી રહ્યો છે, જેના કારણે સ્થાનિક રહીશો, દુકાનદારો, વેપારીઓ અને રાહદારીઓ ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. ચોમાસાની ચાલુ સિઝનમાં આ સમસ્યા વધુ વિકરાળ બની છે. ખાસ કરીને વલસાડના ધમધમતા કેરી માર્કેટ વિસ્તારમાં રખડતા પશુઓએ જમાવડો કર્યો છે, જેને પગલે શેરીના નાના વેપારીઓ અને ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

વરસાદના કારણે રસ્તાઓ પર ટ્રાફિક અને કાદવ-કીચડની સમસ્યા વચ્ચે રસ્તાની વચ્ચોવચ અડિંગો જમાવીને બેસતા પશુઓને કારણે અકસ્માતનો ભય સતત મંડરાતો રહે છે. સોસાયટીના રહીશો અને દુકાનદારોનું કહેવું છે કે, ઢોરોના કારણે ગંદકી તો થાય જ છે, સાથે સાથે ક્યારેક પશુઓ લડતા હોવાથી રાહદારીઓ અને વાહનચાલકો ઈજાગ્રસ્ત થવાના બનાવો પણ બની રહ્યા છે.

કેરી માર્કેટના શેરી વેપારીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, માર્કેટમાં પશુઓના જમાવડાને કારણે ગ્રાહકો આવતા અચકાય છે, જેનાથી તેમના ધંધા-રોજગાર પર માઠી અસર પડી રહી છે. કલાકો સુધી પશુઓ બજારની વચ્ચે ઉભા રહેતા હોવાથી ખરીદી કરવા આવતા લોકો માટે ચાલવું પણ મુશ્કેલ બન્યું છે.

પાલિકા તુરંત એક્શનમાં આવે અને રસ્તા પર રખડતા તમામ પશુઓને પકડીને પાંજરે પૂર તેમજ જે પશુ માલિકો પોતાના ઢોરોને રસ્તા પર ખુલ્લા છોડી દે છે, તેમને તાકીદે નોટિસ ફટકારવામાં આવે અને તેમની પાસેથી ભારે દંડ વસૂલવામાં આવે, જો નગરપાલિકા દ્વારા આ બાબતે વહેલી તકે કોઈ નક્કર પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવે તેવી પણ શક્યતાઓ દેખાઈ રહી છે.

## તિથલ બીચની કરોડોના ખર્ચે બનેલી પ્રોટેક્શન વોલના પથ્થરો દરિયામાં ગરકાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩** : વલસાડના પ્રખ્યાત પ્રવાસન ધામ તિથલ દરિયા કિનારે સરકારી તંત્રની કરોડો રૂપિયાની કામગીરી સામે કુદરતે ફરી એકવાર સવાલ ખડા કર્યા છે. દરિયાના પાણીને આગળ વધતું રોકવા અને કિનારાની સુરક્ષા માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાના ભારે ખર્ચે બનાવવામાં આવેલી પ્રોટેક્શન વોલ, દરિયાઈ તોફાની મોજા સામે ટકી શકી નથી. તાજેતરમાં આવેલી દરિયાની મોટી ભરતીના કારણે આ પ્રોટેક્શન વોલના મોટા પથ્થરો નીચે તૂટી પડ્યા હોવાની ગંભીર ઘટના સામે આવી છે.



છેલ્લા થોડા દિવસોથી સમુદ્રમાં કરંટ જોવા મળી રહ્યો છે. પૂનમ અથવા અમાસની આસપાસ આવતી મોટી ભરતીના કારણે ઉછળેલા રાક્ષસી મોજાંઓ સીધા પ્રોટેક્શન વોલ સાથે અથડાયા હતાં. આ મોજાંઓના સતત પ્રહાર અને પાણીના ભારે દબાણને કારણે દીવાલને ટેકો આપતા અને પાણીની ગતિ રોકતા વિશાળકાય પથ્થરો પોતાની જગ્યા પરથી ખસીને દરિયામાં નીચે ખાબક્યા હતા.તિથલ બીચ પર પ્રવાસીઓની સુરક્ષા અને ધોવાણ અટકાવવા માટે આ પ્રોટેક્શન વોલ પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવ્યું હતું. જો કે, આ દીવાલના પથ્થરો નીચે બેસી જતાં હવે દીવાલના મૂળ માળખાને પણ નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે જો આ પથ્થરોને વહેલી તકે રિપેર કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં દરિયાના પાણી વધુ આગળ ધસી આવશે અને કરોડો રૂપિયાના ખર્ચે બનેલી દીવાલ સંપૂર્ણપણે જમીનદોસ્ત થઈ શકે છે. દરિયાની ભરતીનું જોર દર વર્ષે વધે છે. કરોડો રૂપિયા ખર્ચ્યા પછી પણ જો પથ્થરો આ રીતે તૂટી પડતા હોય, તો કામગીરીની ગુણવત્તા સામે પણ પ્રશ્નો ઊભા થાય છે. તંત્રએ તાત્કાલિક આનું સમારકામ કરવું જોઈએ.

ચોમાસાની ઋતુ અને આગામી સમયમાં આવનારી અન્ય મોટી ભરતીઓને જોતા વહીવટી તંત્ર માટે આ ભારે ચિંતાનો વિષય બન્યો છે. હવે જોવાનું એ રહેશે કે માર્ગ અને મકાન વિભાગ અથવા સંબંધિત સરકારી તંત્ર આ દિવાલના નુકસાનની નોંધ લઈને ક્યારે યુદ્ધના ધોરણે સમારકામ શરૂ કરે છે, જેથી તિથલ કિનારાને વધુ નુકસાન થતું અટકાવી શકાય.

## રોલામાં મહારક્તદાન શિબિરમાં ૩૬૨૧ યુનિટ બોટલ એકત્ર થઈ

### ૧૦૦થી વધુ વખત રક્તદાન કરનાર રક્તવીરોનું સન્માન કરાયું : રક્તદાતાઓમાં લકી ડ્રોમાં ઈલેક્ટ્રિક સ્કૂટર, એક્ટિવા અને મોબાઈલ ફોન જેવા આકર્ષક ઈનામો આકર્ષણનું કેન્દ્ર બન્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૩** : વલસાડ તાલુકાના રોલા ગામે રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ, અતુલ રૂરલ ડેવલપમેન્ટ તેમજ વલસાડ જિલ્લા ભાજપ દ્વારા, વારી કંપની અને પરમ ગ્રુપના સહકારથી રોલા પરમ હોસ્પિટલિટીમાં મહારક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, આ શિબિર ગુજરાત સરકારના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ પ્રસંગે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ તેમજ ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી સોનલબેન સોલંકી (જૈન), વલસાડ જિલ્લા ભાજપ પ્રભારી વિનયભાઈ શુક્લા, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલ, વારી કંપનીના કિરીટભાઈ, પરમ ગ્રૂપના ચેરમેન અને બિલ્ડર દીપેશભાઈ ભાનુશાલી, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ સહિત ભાજપના હોદ્દેદારો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ ચિંતનભાઈ પટેલે ઉપસ્થિત તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતાં. શિબિરમાં ઉપસ્થિત સહુ રક્તદાતાઓને નાણામંત્રી કનુભાઈ દેસાઈ, વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલ તેમજ વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કરી પ્રોત્સાહિત કર્યા હતાં. મહારક્તદાન શિબિરમાં રેકોર્ડ બ્રેક ૩૬ ૨૧ જેટલી રક્ત બોટલ થઈ હતી. આ મહારક્તદાન શિબિરમાં સમાજ પ્રત્યે ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતા અને ૧૦૦થી વધુ વખત રક્તદાન કરનાર મહારક્તદાતાઓનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. રક્તદાતાઓનો ઉત્સાહ વધારવા માટે દાતાઓ અને સહયોગી સંસ્થાઓ તરફથી ઈનામી ડ્રો કરી અનોખા ઈનામો અને ભેટનું વિતરણ કરવામાં આવ્યા હતાં. મહારક્તદાન શિબિરને સફળ બનાવવા માટે રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ ચિંતનભાઈ પટેલ, જીનલ પટેલ, તેમની ટીમ તેમજ મહિલાઓ યુવતીઓ યુવકો સહિત વડીલોએ ભારે જમાત ઉઠાવી હતી.

## વલસાડમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકની ૨૦ માઈક્રોનથી નીચેની થેલીનું ધૂમ વેચાણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩** : પર્યાવરણ અને જાહેર આરોગ્ય માટે અત્યંત જોખમી એવા સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સરકાર દ્વારા કડક પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવા છતાં, વલસાડ નગરપાલિકા વિસ્તારમાં ચિત્ર કંઈક જુદું જ જોવા મળી રહ્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી દુકાનો, હોટેલો, શાકભાજીની લારીઓ તેમજ નાની-મોટી ખાણીપીણીની લારીઓ પર ૨૦ માઈક્રોનથી નીચેની પાતળી પ્લાસ્ટિકની થેલીઓનો મોટા પ્રમાણમાં અને બેફામ વપરાશ થઈ રહ્યો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, પાલિકાના વિવિધ વોર્ડમાં શાકભાજી માર્કેટ, રેસ્ટોરન્ટ્સ અને ખાણીપીણીના બજારોમાં ગ્રાહકોને ખુલ્લેઆમ આવી પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓમાં સામાન આપવામાં આવી રહ્યો છે. આ પાતળું પ્લાસ્ટિક કચરાના ઢગલાઓમાં એકત્ર થઈને શહેરની ડ્રેનેજ સિસ્ટમ અને ગટર લાઈનો બ્લોક કરી રહ્યું છે, જેના કારણે ચોમાસા દરમિયાન કે સામાન્ય દિવસોમાં પણ ગંદા પાણી ભરાઈ રહેવાની સમસ્યા વિકરાળ બની રહી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સસ્તા ભાવે મળતી આ ૨૦ માઈક્રોનથી નીચેની થેલીઓ પર્યાવરણને લાંબાગાળે મોટું નુકસાન પહોંચાડે છે. જાગૃત નાગરિકોનું કહેવું છે કે, કાયદાનું પાલન કરાવવામાં નગરપાલિકાનું આરોગ્ય તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયું છે. ક્યારેક-ક્યારેક દેખાડા પૂરતી તપાસ કરીને દંડ વસૂલવામાં આવે છે, પરંતુ ત્યારબાદ પરિસ્થિતિ જસની તસ થઈ જાય છે.

નાગરિકોનો સવાલ એ છે કે જ્યારે સરકારના સ્પષ્ટ નિયમો છે, તો પછી બજારમાં આટલા મોટા જથ્થામાં પ્રતિબંધિત પ્લાસ્ટિક ક્યાંથી સપ્લાય થઈ રહ્યું છે? પાલિકા કેમ કોઈ નક્કર કે કાયમી પગલાં ભરતી નથી?

શહેરમાં પ્લાસ્ટિકના વધી રહેલા દૂષણને રોકવા માટે નગરપાલિકા તંત્ર તાત્કાલિક એક્શન મોડમાં આવે અને માત્ર નાની લારીઓ જ નહીં, પરંતુ પ્લાસ્ટિકનો જથ્થો સપ્લાય કરતા મોટા વેપારીઓ અને હોલસેલર્સ પર ઓચિંતી રેડ પાડી કડક દંડાત્મક કાર્યવાહી કરે તેવી લોકમાંગ પ્રબળ બની છે. જો સમયસર આ મામલે કડક પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં વલસાડ શહેર કચરા અને ડ્રેનેજની ગંભીર સમસ્યાઓથી ઘેરાઈ જશે તેમાં કોઈ શંકા નથી.

## વલસાડ જેસીઆઈ દ્વારા મેગા મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩** : સમાજસેવાના ઉદ્દેશ્ય સાથે જેસીઆઈ વલસાડ અને શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ ધરમપુરના સંયુક્ત ઉપક્રમે ૧૨મી જુલાઈના રોજ અવલખંડીના પારબુનિયા ફળીયા સ્થિત આવેલ પ્રાથમિક શાળામાં ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને વિવિધ ક્ષેત્રના નિષ્ણાત ડોક્ટરો દ્વારા નિઃશુલ્ક આરોગ્ય તપાસ તથા માર્ગદર્શન આપવામાં આવશે.

કેમ્પમાં સેવા આપનાર તબીબોમાં ડૉ. પિનેશ મોદી (ચામડીના રોગ નિષ્ણાત), ડૉ. ધ્વનિ રણવીરિયા રૂપારેલ (ઓરલ એન્ડ મેક્સિલોફેશિયલ સર્જન), ડૉ. શિવાની બલસારા (ફિઝિયોથેરાપિસ્ટ), ડૉ. માધવી નાયક મિસ્ત્રી (સ્ત્રીરોગ નિષ્ણાંત), ડૉ. રચના મોદી (દંતચિકિત્સક), ડૉ. યોગિની રોલેકર (ગાયનેકોલોજિસ્ટ), ડૉ. રોહન રૂપારેલ (જનરલ સર્જન) તથા ડૉ. વિરાગ દામાનિયા (ઈ.એન.ટી. સર્જન) સહિતના નિષ્ણાંતો પોતાની સેવાઓ આપી હતી.

જેસીઆઈ વલસાડના પ્રમુખ રૂજુતા પારેખ, ડિરેક્ટર સાહિલ એશોક દેસાઈ, પ્રોજેક્ટ ચેરપર્સન ડૉ. રચના મોદી અને પંકિત પટેલ, વી.પી. કોમ્યુનિટી જેસી રાહુલ મિસ્ત્રી તેમજ સેક્રેટરી જેસી કિશોર તલાણી સહિત જેસીઆઇના હોદ્દેદારો સભ્યો એ ભારે જેમ ઉઠાવી હતી.

## વલસાડ જિલ્લા ઔવદિત્ય સિહોર સંપ્રદાય બ્રહ્મ સમાજની સાધારણ સભા મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ તા ૧૩** : વલસાડ જિલ્લા ઔવદિત્ય સિહોર સંપ્રદાય બ્રહ્મ સમાજની સાધારણ સભા યોજવામાં આવી જેમાં પ્રમુખ તરીકે કથાકાર દેવુભાઈ જયશંકર જોશી, ઉપપ્રમુખ તરીકે ચંદ્રેશભાઇ શિવલાલ જાની, મહામંત્રી તરીકે અંકુરભાઈ હર્ષદભાઈ શુક્લ, સહ મહામંત્રી ભાવેશભાઈ બચુભાઈ જોશી, મંત્રી ગીરીશભાઈ પ્રતાપભાઈ જાની, સહ મંત્રી વિષ્ણુભાઈ ભીખાભાઈ જાની, ખજાનચી અનિલભાઈ પ્રવીણભાઈ જાની, સખજાનચી નિલેશભાઈ માધુભાઈશાસ્ત્રી, કમિટી સભ્યો તરીકે નિલેશભાઈ અનંતરાયજાની ખેરગામ, વિજયભાઈ હિંમતભાઈ દવે દાંડીવલે, નિકુંજભાઈ જયંતિભાઈ જોશી વલસાડ, હર્ષદભાઈ હિંમતભાઈ દવે વાંકલ, રાજુભાઈ ચંદુભાઈ જોશી પારડી અને પ્રતિકભાઈ ભીખાભાઈ જોશી ધરમપુર જેઓની વરણી કરવામાં આવી સભાના અધ્યક્ષ પૂજ્ય ભાગવત આચાર્ય શરદભાઈ વ્યાસ, હિંમતભાઈ જોશી, ભાનુભાઈ જોષી, ઉમાશંકર દવે, તથા દરેક ભુદેવો દ્વારા નવા વરાયેલા પ્રમુખ કમિટીઓનું સન્માન કરવામાં આવ્યું તમામ નવનિયુક્ત કમિટીઓને કથાકારપૂજ્ય પ્રફુલભાઈ શુક્લ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી જેમાં વલસાડ જિલ્લા, પારડી, વાપી, ઉંમરગામ, સેલવાસ, વાંસદા, ધરમપુર અને ખેરગામના તમામ ભૂદેવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં સાથે સમાજ ભવન નું નિર્માણ કરવું ટ્રસ્ટીઓની વર્ણી કરવી સમાજના તેજસ્વી તારલાઓનુ સન્માન કરવું, કુરીવાજો બંધ કરવા, લગ્ન પ્રસંગો મોટા જમણવાર કે થતાં ઈતર ખર્ચ ઉપર કાપ મુકવો જેવા અનેક સમાજ ઉપયોગી અને સમાજ વિકાસના કામો ઉપર ભાર મૂકી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## ભાગલમાં પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩** : વલસાડ તાલુકાના ભાગલ ગામે પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાગલ ગામની ખેડૂત બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સાયન્ટિસ્ટ મિતેશભાઈ ગજ્જરે ડાંગરમાં પ્રાકૃતિક ખેતી કેવી રીતે કરી શકાય એની સંપૂર્ણ માહિતી આપી હતી.

અને બ્લોક ટેકનોલોજી મેનેજર કેવલ પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીના બધા જ આયોમો વિશે સંપૂર્ણ માહિતી આપી તથા આવનારા સમયમાં પ્રાકૃતિક ખેતીથી જ આપણું સ્વાસ્થ અને આપણી જમીન સારી રીતે જાળવી શકીશું એવું જણાવ્યું હતું. એટીએમ શીતલબેને પણ વધુમાં વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા જણાવ્યું હતું.

આ તાલીમમાં આત્મા, કૃષિ સખી અને સીઆરપી પણ હાજર રહી જરૂરી માહિતી આપી તેમજ પ્રાકૃતિક ખેતી કરવાથી થતા લાભો વિશે પણ જાણકારી આપી હતી.

## વલસાડ ઇજનેરી કોલેજમાં પાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા ૧૩** : વલસાડ સરકારી ઈજનેરી કોલેજ ના કેમિકલ ઈજનેરી વિભાગ દ્વારા તા.૬થી ૧૦ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન ISTE-DTE માન્ય પાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ Hybridization of AI-ML with Engineering Fundamentals: Expanding Horizonsનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન AI-ML Applications, Digital Twin, Smart Engineering Systems, Predictive Maintenance, Hybrid Engineering Models, Evolutionary Algorithms, Machine Learning, Multi-Objective Optimization, Response Surface Methodology અને Artificial Neural Network જેવા અદ્યતન વિષયો પર દેશની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓના નિષ્ણાતોએ વ્યાખ્યાનો અને પ્રાયોગિક સત્રો યોજ્યા હતા. આ ઉપરાંત, અધ્યાપકો માટે વલસાડ સ્થિત બાલાજી વેફર્સ લિમિટેડની ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં તેમને શૈક્ષણિક જ્ઞાન અને વાસ્તવિક ઔદ્યોગિક કાર્યપ્રણાલી વચ્ચેના સમન્વયને નજીકથી સમજવાની તક મળી હતી. સમાપન સમારોહમાં વાપીના પાર્થિવ મહેતા અને સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી સુરતના ડૉ. સંજય પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે બદલાતા ટેક્નોલોજીકલ યુગમાં ઈજનેરી શિક્ષણ સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગ (ML)ના અસરકારક સંકલનની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો તેમજ શિક્ષણ અને ઉદ્યોગ ક્ષેત્રે આધુનિક ટેક્નોલોજીના વધતા ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ. વી. ડી. ધીમાનના માર્ગદર્શન હેઠળ કેમિકલ ઈજનેરી વિભાગના વડા તથા કાર્યક્રમ સંયોજક ડૉ. એન. એમ. પટેલ અને ડૉ. એન. આર. વાઘેલાના સંયોજનમાં યોજાયો હતો.

## વલસાડ અને ભરૂચ દત્ત રંગ ભક્તો દ્વારા પાદુકાપૂજન અને દત્તયાગ કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૩** : ભગવાન દત્તાત્રેયનાં અંશાવતાર તરીકે અખિલ ભારતવર્ષના સંત મંડળમાં સુપ્રસિધ્ધ પ.પૂ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજનાં ગરુડેસવરમાં નિવાસ અને દેહવિસરજન પછી ગુજરાત માં દત્તોપાસના ખૂબજ વધતી ગઈ અને ગુજરાત મા નારેશ્વર મા પ.પૂ. રંગ અવધૂત બાપજી એ અને ગુજરાતના સચિન, તલંલપુરના અનાવિલ પરિવારનાં પ.પૂ. યોગાનંદ સરસ્વતી મહારાજ જેને ગાંડામહારાજ તરીકે પ્રચલિત છે.

એમણે મહારાષ્ટ્ર ના ગુંજ ખાતે પ.પૂ. વાસુદેવાનંદ ટેમબે સ્વામીના દત્તોપાસનાનો એટલો મોટો દત્ત રંગ પરિવાર વિસ્તાર પામ્યો આજે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં લાખો દત્ત ઉપાસક ભકતો છે અને નિરંતર પાદૂકાપુજન, દત્ત યાગ, દત્ત બાવની, ભજન, પારાયણ અને પ્રવચનના ધાર્મિક કાર્યક્રમ થતા હોય છે ત્યારે વલસાડ અને ભરૂચ દત્ત રંગ પરિવાર દારા મહારાષ્ટ્ર ના ગુંજ ખાતે બે દિવસના દત્ત સાધના કાર્યક્રમ માં પાદૂકાપુજન, દત્ત યાગ, અને પ્રવચનનો સુંદર કાર્યક્રમ સંપન્ન થયો જેમા ૧૨૫ જેટલા દત્ત રંગ ભક્ત ભાગ લઈ ધન્યતા અનુભવી હતી. ગુંજના ગાદીપતિ રાજુભાઇ દેસાઈ, વલસાડ રંગ પરિવારના તુષારભાઈ ભટ્ટ, ગૌરાગ ભટ્ટ, જનકભાઈ દેસાઈ, ભરૂચ પરિવારના રાજુભાઈ ઓઝાએ સુંદર આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## વલસાડમાં ૧૯મીએ 'શ્રી કચ્છી ભાનુશાલી મિત્રમંડળ ટ્રસ્ટ' દ્વારા સ્નેહમિલન યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩** : શ્રી કચ્છી ભાનુશાલી મિત્રમંડળ ટ્રસ્ટ-વલસાડ દ્વારા કચ્છી નવું વર્ષ 'અષાઢી બીજ' નિમિત્તે આગામી તા.૧૯-૦૭-૨૦૨૬, રવિવારના રોજ એક ભવ્ય સ્નેહમિલન સમારોહ - ૨૦૨૬ ભગવાન શ્રી ઓધવરામ તથા કુળદેવી શ્રી હિંગલાજ માતાજીની અસીમ કૃપા અને સદ્ગુરુ શ્રી હરિદાસજી મહારાજ તેમજ ગુરુવર્ય શ્રી વાલરામજી મહારાજના આશીર્વાદથી આ ઉત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાશે. 'શિક્ષણ અને સંગઠનએ સફળતાનો પાયો છે' એવા ઉમદા વિચાર સાથે યોજાનારા આ કાર્યક્રમમાં વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ સુંદર આયોજન ધરમપુર ચોકડી, એન.એચ. નં.-૪૮ પાસે આવેલા 'શ્રી ઓધવ ભવન'માં યોજાનાર આ મહોત્સવની રૂપરેખા બપોરે ૨:૩૦ કલાકે દીપ પ્રાગટ્ય, સ્તુતિ તથા પ્રારંભિક પ્રવચન, બપોરે ૩થી ૭ કલાકે રક્તદાન શિબિર (સામાજિક સેવાનો ઉમદા પ્રયાસ) બપોરે ૩:૦૦ કલાકે ભાનુશાલી સમાજના બાળકો અને યુવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૬:૦૦ કલાકે તેજસ્વી તારલાઓ માટે 'સરસ્વતી સન્માન' સમારોહ, રાત્રે ૮:૦૦ કલાકે મહાપ્રસાદ ટ્રસ્ટના પ્રમુખ તથા ટ્રસ્ટી મંડળ દ્વારા સમગ્ર કચ્છી ભાનુશાલી સમાજના ભાઈ-બહેનોને આ સ્નેહમિલન સમારોહમાં પરિવાર સહ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ

સંપર્ક : કમલેશ હરિયાવાલા - 9327706434

# અન્ય સમાચારો

Tuesday 14, July 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 14, July 2026

## ગુજરાતમાં હૃદયરોગના વધતા કેસ ચિંતાજનક

ગુજરાતમાં હૃદયની સમસ્યા ધરાવતા દર્દીઓના કેસમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૬ મહિનામાં જ હૃદયની સમસ્યાના ૫૩૨૨૬ ઈમરજન્સી કેસ નોંધાયા છે. જેની સરખામણીએ ગયા વર્ષે પ્રથમ ૬ મહિનામાં હૃદયની ઈમરજન્સીના ૪૮૧૪૧ કેસ હતા. આમ, ગયા વર્ષની સરખામણીએ હૃદયની ઈમરજન્સીના કેસમાં ૧૫.૩૬ ટકાનો વધારો થયો છે.ગુજરાતમાં હાલ દરરોજ સરેરાશ ૨૯૪ વ્યક્તિને હૃદયની સારવાર માટે '૧૦૮' ની જરૂર પડે છે. આ સ્થિતિ બરકરાર રહી તો વર્ષના અંત સુધીમાં હૃદયની ઈમરજન્સીના કેસ ૧.૦૭ લાખને પાર જઈ શકે છે. હાલ રાજ્યમાં હૃદયની ઈમરજન્સીના જે કેસ નોંધાયા છે તેમાંથી ૨૬ ટકા તો માત્ર અમદાવાદમાંથી હોય છે.અમદાવાદમાં આ વર્ષે પ્રથમ ૬ મહિનામાં હૃદયની સમસ્યાના ૧૩૭૬૦ કેસ નોંધાઈ ચૂક્યા છે. '૧૦૮' માં આવતા હૃદયની સમસ્યાના ચારમાંથી ૧ કોલ્સ માત્ર અમદાવાદમાંથી હોય છે તેમ કહી શકાય. અન્યત્ર જ્યાં વધારે કેસ નોંધાયા છે તેમાં સુરત બીજા, રાજકોટ ત્રીજા, ભાવનગર ચોથા જ્યારે વડોદરા પાંચમાં સ્થાને છે. સરેરાશની રીતે જ્યાં સૌથી વધુ વધારો થયો હોય તેમાં બોટાદ ૪૮.૧૬ ટકા સાથે મોખરે છે જ્યાં ૨૦૨૫માં ૨૭૨ જ્યારે ૨૦૨૬માં ૪૦૩ કેસ નોંધાયા હતા. ગુજરાતમાં વર્ષ ૨૦૨૪માં હૃદયની ઈમરજન્સીના ૮૪૭૩૮ કેસ નોંધાયા હતા.બે વર્ષ અગાઉ દરરોજ સરેરાશ ૨૩૨ વ્યક્તિને હૃદયની સારવાર માટે ઈમરજન્સીની જરૂર પડતી હતી. ડૉક્ટરોના મતે છેલ્લા કેટલાક વર્ષોથી યુવાનોમાં હૃદયની સમસ્યામાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. જેમાં ઘણી વખત કોઈ લક્ષણો નહીં હોવા છતાં અચાનક જ હૃદયરોગનો હુમલો આવે છે. હૃદયરોગના સહેજ પણ લક્ષણો જણાય તો તાકીદે ડૉક્ટરનો સંપર્ક કરવો જરૂરી છે.સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી ક્લિપ અનુસાર એક ખ્યાતનામ ડૉક્ટરના મતે હવે સમય બદલાઈ રહ્યો છે તેમ ૧૭ વર્ષથી વધુ વયની વ્યક્તિએ હૃદયમાં બ્લોકેજ છે કે કેમ તે ચકાસવા નિયમિત રીતે ટેસ્ટ કરાવવો જોઈએ. જેમાં બેઝિક પેનલ, બ્લડ ટેસ્ટ, ઈસીજી, ઈકોકાર્ડિયોગ્રામ, કાર્ડિયાક સીટી સ્કેનનો સમાવેશ થાય છે. હૃદયરોગના ૫૦ ટકા કેસમાં અગાઉથી કોઈ લક્ષણ જોવા મળતા નથી. ઘણી વખત કોઈ વ્યક્તિ નિયમિત કસરત કરતી હોય, ખાવા-પીવાનું પણ નિયમિત હોય તેમ છતાં તેને હૃદયમાં પણ બ્લોકેજ હોઈ શકે છે.

## પશ્ચિમ એશિયામાં યુદ્ધની ચીનગારીએ સમગ્ર જગતના શ્વાસ રોકી દીધાં

### ઈરાનના મિસાઈલ હુમલા વચ્ચે ગલ્ફ વિસ્તારમાં ૯૦ લાખ ભારતીયો ફસાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩ :** પશ્ચિમ એશિયામાં મિસાઈલ હુમલાઓ, ધડાકાઓ અને યુદ્ધની ચીનગારીઓએ સમગ્ર જગતના શ્વાસ રોકી દીધા છે. ઈરાનની મિસાઈલ્સ, જહાજો ઉપર પડતાં સ્થિતિ ગંભીર બની ગઈ છે. ગલ્ફ વિસ્તારમાં ૯૦ લાખથી વધુ નાગરિકો વસે છે. તે પૈકી સૌથી વધુ (૧) દુબઈ (યુએઈ)માં ૨૦ લાખ ભારતીયો છે. (૨) અબુધાબી (યુએઈ)નાં પાટનગરમાં ૮ લાખ જેટલા ભારતીયો છે. (૩) યુએઈનાં શારજાહમાં પણ આશરે ૭ લાખ ભારતીયો વસે છે. કતરનાં પાટનગર દોહામાં અને આસપાસમાં ૫ લાખથી વધુ ભારતીયો છે. (૪) મનામા (બહેરિન) બહેરિનના આ પાટનગર તથા મુહર્રક જેવા વિસ્તારોમાં પણ ઘણા ભારતીયો વસે છે. આ સર્વેને ભારતીય દૂતાવાસો અને ઉપ-દૂતાવાસોએ સતત સંપર્કમાં રહેવા સૂચના આપી



દીધી છે. તેમજ મિસાઈલ્સ કે બોમ્બ વર્ષા સમયે મકાનો છોડી ખુલ્લામાં ચાલ્યા જવા તાકીદ કરી છે.ઈરાન હોર્મુઝ અને તટીય પ્રદેશમાં મિસાઈલ હુમલા કરી રહ્યું છે તેની ભારતે ઉગ્ર ટીકા કરી છે. ઈરાન વ્યાપારી જહાજો ઉપર પણ હુમલા કરે છે. તાજેતરમાં જ ઓમાન પાસે કોમર્શિયલ વેસલ જી.એફ.એસ. ગેલેક્ષી ઉપર ઈરાને મિસાઈલ હુમલો કરતાં તે જહાજમાં રહેલા ૧૧ ભારતીય નાગરિકો પૈકી ૧૦ને તો બચાવી લેવાયા હતા. પરંતુ એકનો હજી સુધી કોઈ પત્તો નથી. તેનું મૃત્યુ થયું હોવાની આશંકા છે. ભારતનાં વિદેશ-મંત્રાલયે આ ઘટના અંગે ઈરાનની સરકાર સમક્ષ વાંધો ઉઠાવ્યો છે અને કહ્યું છે કે વિવાદનો ઉકેલ શાંતિમય મંત્રણા દ્વારા જ લાવવો જોઈએ તો જ ગલ્ફ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા રહી શકે.જોકે નિરીક્ષકો કહે છે કે ભારતીય વિદેશમંત્રાલયે આ પ્રમાણે કહ્યું તો જરૂર છે પરંતુ તે સમજે જ છે કે આ વિસ્તારમાં શાંતિ સ્થાપવાની અત્યારે તો કોઈ સંભાવના નથી.

## ભારતે જૂનમાં રશિયા પાસેથી રૂ.૪૯ હજાર કરોડનું ક્રૂડ ખરીદ્યું




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩ :** અમેરિકાએ ફરી એક વખત ભારતને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બદલ ૫૦૦ કરોડના ટેરિફની ધમકી આપી છે ત્યારે આ ધમકીની ઐસી તૈસી કરીને ભારતે રશિયા પાસેથી વિક્રમી પ્રમાણમાં ક્રૂડ ઓઈલની ખરીદી ચાલુ રાખી છે. ભારતે જૂન મહિનામાં રશિયા પાસેથી અંદાજે રૂ. ૪૯,૦૦૦ કરોડ (૪.૫ અબજ યુરો)ના મૂલ્યના ક્રૂડ ઓઈલની ખરીદી કરી છે, જે ગયા મહિના કરતાં ૩૪ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.રશિયન ક્રૂડ ખરીદી ભારત સહિત અન્ય દેશોએ અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયાને ૮૧.૪ કરોડ યુરોનું રિફાઈન ઓઈલ વેચ્યુંસેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લિન એર (ક્રેઆ)ના રિપોર્ટ મુજબ ભારતે જૂનમાં ૪.૫ અબજ યુરોના મૂલ્યના રશિયન ક્રૂડ ઓઈલની આયાત કરી હતી, જે તેના કુલ ૫.૫ અબજ યુરોના રશિયન અશ્મિજન્ય ઈંધણની આયાતના ૮૩ ટકા જેટલું છે. આ આંકડા સાથે ભારત રશિયન ઈંધણ ખરીદનાર ચીન પછી બીજો સૌથી મોટો દેશ બન્યો છે. જૂનમાં ચીન રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી કરનાર સૌથી મોટું ગ્રાહક બની રહ્યું, જેણે ૭.૩ અબજ યુરોના મૂલ્યના ઓઈલની ખરીદી કરી હતી.ભારતની કુલ ક્રૂડ ઓઈલની આયાતમાં માસિક ૫.૪ ટકાની વૃદ્ધિ જોવા મળી છે, જે મુખ્યત્વે રિફાઈનરીઓને રશિયન પૂરવઠામાં વધારાના પગલે જોવા મળી છે.

### જ્ઞાનવાપી, શ્રીકૃષ્ણ જન્મભૂમિ અને સંભલ મસ્જિદ...

## સુપ્રીમ કોર્ટના પ્રસ્તાવને હિન્દુ-મુસ્લિમ બંનેનો માનવા ઈનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩ :** વારાણસીના જ્ઞાનવાપી મસ્જિદ વિવાદ, મથુરાના શ્રીકૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ ભૂમિ વિવાદ અને ઉત્તર પ્રદેશના સંભલ જામા મસ્જિદ વિવાદમાં હિન્દુ અને મુસ્લિમ બંને પક્ષોએ સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રસ્તાવિત પરસ્પર સહમતિથી વિવાદ ઉકેલવાની પ્રક્રિયામાં સામેલ થવાનો સ્પષ્ટ ઈક્કાર કરી દીધો છે. બંને પક્ષોનું કહેવું છે કે, આ તમામ મામલાઓનો નિકાલ અદાલતમાં કાનૂની આધાર પર જ થવો જોઈએ. આ મુદ્દો માત્ર કોઈ એક ચોક્કસ સ્થળ પૂરતો મર્યાદિત નથી, પરંતુ સમગ્ર સમુદાયનો છે.

વાસ્તવમાં સુપ્રીમ કોર્ટ વહીવટીતંત્રએ તાજેતરમાં જ આ ત્રણેય મામલાના તમામ પક્ષકારોને પત્ર મોકલીને "સુપ્રીમ કોર્ટ એક્શન ફોર મેડિએટેડ એડજ્યુડિકેશન એન્ડ ડિસ્પ્યુટ્સ હાર્મોનાઈઝેશન અક્રોસ નેશન (સમાધાન સમારોહ-૨૦૨૬) અંતર્ગત પરસ્પર સમજૂતી દ્વારા ઉકેલ શોધવાનો પ્રસ્તાવ આપ્યો હતો.

આ પહેલનું સમાપન આગામી ૨૧થી ૨૩ ઑગસ્ટ દરમિયાન યોજાનારી વિશેષ લોક અદાલતમાં થવાનું છે. જો કે, હિન્દુ પક્ષના અરજદારો અને ત્રણેય મસ્જિદોની વ્યવસ્થાપન સમિતિઓએ સુપ્રીમ કોર્ટ તેમજ સંબંધિત રાજ્ય અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળો (લીગલ સર્વિસીસ ઑથોરિટી)ને જાણ કરી દીધી છે કે અમે આ મધ્યસ્થતા પ્રક્રિયામાં ભાગ લેવા ઈચ્છતા નથી. કેસો સાથે જોડાયેલા વકીલો અને પક્ષકારોનું કહેવું છે કે, પૂજા સ્થાનો પર માલિકી હક્ક, બંધારણીય અધિકારો અને વ્યાપક જનહિત સાથે જોડાયેલા આવા સંવેદનશીલ મામલાઓનો ચુકાદો અદાલત દ્વારા જ આવવો જોઈએ, નહીં કે લોક અદાલત કે મધ્યસ્થતાના માધ્યમથી. બીજી તરફ મસ્જિદ પ્રબંધન સમિતિઓના પ્રતિનિધિઓએ પણ કહ્યું કે, અમે વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલના પક્ષધર છે, પરંતુ આ મામલાને મધ્યસ્થતા માટે મોકલવા નથી ઈચ્છતા.

## ભારત-બ્રિટન વચ્ચેનો મુક્ત વ્યાપાર કરાર ૧૫ જુલાઈથી લાગુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩ :** અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે મિડિલ ઈસ્ટમાં ટેન્શન ચરમસીમાએ છે. વૈશ્વિક બજારો તૂટી રહ્યા છે અને ક્રૂડ ઓઈલના ભાવ ઉકળી રહ્યા છે. આ વૈશ્વિક કટોકટી વચ્ચે ભારત માટે એક બહુ મોટા આર્થિક સમાચાર સામે આવ્યા છે.

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે જાહેરાત કરી છે કે ભારત અને બ્રિટન વચ્ચેનો મુક્ત વ્યાપાર કરાર (India-UK FTA) આગામી ૧૫ જુલાઈથી સંપૂર્ણપણે લાગુ થઈ જશે. આ ડીલ બાદ ભારતીય ઉદ્યોગોને બ્રિટનમાં ડ્યુટી ફ્રી (કરમુક્ત) નિકાસનો લાભ મળવાનું શરૂ થઈ જશે.

ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વોર અને મિડિલ ઈસ્ટના જંગ વચ્ચે ભારતે પોતાની આર્થિક નીતિઓ મજબૂત કરી છે. ભારતે એક પછી એક ઓમાન, ન્યુઝીલેન્ડ અને યુરોપિયન યુનિયન (EU) સાથે વ્યાપારિક કરારો કર્યા છે. આ કડીમાં હવે ભારત-બ્રિટન FTA આખરી તબક્કામાં પહોંચ્યો છે. પીયૂષ ગોયલે જણાવ્યું કે ૧૫ જુલાઈથી બ્રિટન મોકલવામાં આવતી તમામ ભારતીય વસ્તુઓ પર કોઈ ઈમ્પોર્ટ ડ્યુટી (આયાત શુલ્ક) નહીં લાગે.

આ ઐતિહાસિક નિર્ણયથી ભારતના ખેડૂતો, માછીમારો, MSMEs અને સ્થાનિક ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય સ્તરે બહુ મોટો વેગ મળશે. કેન્દ્રીય મંત્રી ૧૪ જુલાઈથી બ્રસેલ્સમાં યોજાનારી ભારત-EU વ્યાપાર અને ટેકનોલોજી કાઉન્સિલ (TTC) ની બેઠકમાં પણ ભાગ લેવાના છે.

આ વ્યાપાર કરાર માત્ર વસ્તુઓ પૂરતો સીમિત નથી, પરંતુ બ્રિટનમાં કામ કરતા હજારો ભારતીય પ્રોફેશનલ્સ માટે લોટરી સમાન સાબિત થશે. આ ડીલમાં 'ડબલ કન્ટ્રીબ્યુશન કન્વેન્શન' (DCC) ની જોગવાઈ ઉમેરવામાં આવી છે. આ નિયમ અંતર્ગત હવે બ્રિટનમાં ૫ વર્ષ સુધી કામ કરતા ભારતીય પ્રોફેશનલ્સે ત્યાંની સામાજિક સુરક્ષા વ્યવસ્થામાં કોઈ નાણાકીય યોગદાન આપવું નહીં પડે. અગાઉ ભારતીય પ્રોફેશનલ્સના પગારનો આશરે ૨૫% જેટલો મોટો હિસ્સો બ્રિટન સરકારની આ યોજનામાં જતો હતો. જે હવે સંપૂર્ણ બચી જશે. આ બચેલા પૈસા ભારતમાં તેમના ભવિષ્ય નિધિ ખાતા (PF Account) માં જમા કરવામાં આવશે, જેના પર વાર્ષિક ૮.૨૫% ના દરે વ્યાજ મળશે અને આ આખી રકમ સંપૂર્ણપણે ટેક્સ ફ્રી રહેશે. આ ડીલ લાગુ થતાં જ ભારતીય બજારમાં બ્રિટનથી ઈમ્પોર્ટ થતી લક્ઝરી ચીજવસ્તુઓ ઘણી સસ્તી થઈ જશે. ૧૫ જુલાઈથી યુકેથી આવતી આયાતી કારોના ભાવમાં ૮૦% સુધીનો મોટો ઘટાડો જોવા મળી શકે છે. આ નિર્ણય બાદ બ્રિટનની પ્રખ્યાત લેન્ડ રોવર, જગુઆર, રોલ્સ રોયસ અને એસ્ટન માર્ટિન જેવી બ્રાન્ડેડ લક્ઝરી કારો ભારતમાં ઘણા ઓછા ભાવે ખરીદી શકાશે.

## ભારત અમેરિકા પાસેથી રીપર ડ્રોન ખરીદશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩ :** ભારતીય શસ્ત્ર દળો દુશ્મન દેશો પર નજર રાખવા માટે પોતાની ક્ષમતા વધારી રહ્યા છે. જે માટે ભારત અમેરિકા પાસેથી ૩૧ એમક્યૂ-૯ રીપર ડ્રોનની ખરીદી કરવા જઈ રહ્યું છે. અમેરિકા સાથે કરારો મુજબ ભારતીય નેવીને ૧૫ જ્યારે આર્મી અને એરફોર્સને ૮-૮ ડ્રોન સોંપવામાં આવશે.આ ડ્રોન અત્યંત આધુનિક માનવામાં આવે છે કેમ કે તેની ઉડાન ક્ષમતા ૪૦ કલાકથી પણ વધુની છે, સાથે જ તેમાં સેટેલાઈટ કનેક્ટિવિટી પણ હોય છે જેને પગલે માનવયુક્ત વિમાનોની સરખામણીએ વધુ સમય સુધી અત્યંત સંવેદનશીલ સરહદોએ તેમજ સમુદ્રી વિસ્તારમાં દુશ્મનો પર નજર રાખવા વધુ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.આ ડ્રોનનો ઉપયોગ અમેરિકા ઈરાનની સામે કરતુ આવ્યું છે. જોકે મિડલ ઈસ્ટના સંઘર્ષમાં ઈરાને અમેરિકાના આ આશરે ૩૦ જેટલા એમક્યૂ-૯ રીપર ડ્રોન તોડી પાડયા છે. જ્યારે ૪૨ જેટલા વિમાન ખોઈ નાખ્યા છે. રીપર મુખ્યત્વે ધીમી ગતીએ પરંતુ ઉંચાઈ પર ઉડનારુ ડ્રેન માનવામાં આવે છે. દુશ્મન દેશોના એવા હવાઈ ક્ષેત્રો કે જ્યાં બહુ જ ઓછી ચહલ પહલ હોય ત્યાં આ ડ્રોન મદદરૂપ માનવામાં આવે છે. બીજી તરફ સૈન્યને આધુનિક બનાવવાની દિશામાં વધુ એક પગલુ ભરાયું છે, સૈન્ય ૪૫૦ જેટલા નવા એમ૪ વેરિઅન્ટના રોકેટ લોન્ચર્સ ખરીદવાની તૈયારી કરી રહ્યું છે. કાર્લ ગુસ્તાફ ૮૪એમએમ નામના આ રોકેટ લોન્ચર્સને સૈનિકો પોતાના ખભા પરથી જ લોન્ચ કરી શકે એટલા હળવા માનવામાં આવે છે. ખાસ કરીને જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં તૈનાત સૈનિકો માટે આ હથિયાર બહુ જ ઉપયોગી સાબિત થશે. કાર્લ ગુસ્તફ એમ૪નું વજન માત્ર સાત કીલો હોય છે. આ પહેલાનું વર્ઝન ૧૪ કીલો એટલે કે ડબલ વજન ધરાવતું હતું.

## અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ બાદ પૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈટાનગર, તા.૧૩ :** અરુણાચલ પ્રદેશમાં સતત વરસાદને કારણે કુમેય નદી ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. જેના લીધે સરહદી શહેર પારસી-પારલો સર્કલ જળમગ્ન બન્યું છે. ભારે વરસાદના કારણે શાળાઓ, કચેરીઓ અને ઘરોમાં પાણી ભરાઈ ગયા છે. વિસ્તારની ઘણી કોલોનીઓ અને ગામડાઓના રસ્તાઓ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. ભૂસ્ખલન અને ધોવાણને કારણે રસ્તાઓને ભારે નુકસાન થયું છે.

નવા પૂર અને ભૂસ્ખલનને કારણે રસ્તાઓ બંધ થઈ ગયા છે, પુલ ધોવાઈ ગયા છે, અને ઘણા વિસ્તારોમાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે(SEOC) સોમવારે માહિતી આપી હતી કે, પૂરમાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થયા છે, જ્યારે ૨૯ લોકો ઘાયલ થયા છે. રાજ્યના ૨૬ જિલ્લાના ૪૨૫ ગામોમાં પૂરના કારણે કુલ ૯૭,૧૮૨ લોકો પ્રભાવિત થયા છે. આ સાથે જ કૃષિ અને જાહેર સંપત્તિને પણ મોટું નુકસાન પહોંચ્યું છે.

કુમેય નદીના ઉપરના વિસ્તારોમાં સોમવારે સવારે ભારે વરસાદથી અચાનક પૂર આવી ગયું. તેનાથી પારસી-પારલો સર્કલ અને દામિન સબડિવિઝન સૌથી વધુ પ્રભાવિત થયા છે. દામિનમાં હુરી-દામિનને જોડતો પુલ સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે, જેનાથી માર્ગ સંપર્ક તૂટી ગયો છે.

પારસી-પારલોમાં બે મકાનો આંશિક રીતે ક્ષતિગ્રસ્ત થયા છે, અને એક ચર્ચને પણ નુકસાન થયું છે. આ સિવાય પાગમ ગામને જોડતો એક પુલ પણ ધોવાઈ ગયો. વિસ્તારની પ્રખ્યાત સેન્ટ થોમસ સ્કૂલ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગઈ છે. આ સિવાય પક્કે કેસાંગ જિલ્લામાં ભારે ભૂસ્ખલનને કારણે નેશનલ હાઈવે-૧૩ પર પાકરો ગામ પાસે રસ્તો બંધ થઈ ગયો છે.

ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનના કારણે પ્રભાવિત વિસ્તારોમાં કુલ ૫૪૧.૭૫ હેક્ટર પાક બરબાદ થયો છે. આશરે ૧,૦૧૦ હેક્ટર જંગલ પણ પ્રભાવિત થયું છે. સેંકડો ઘરોને નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત ૧૫૦ રસ્તાઓ, ૧૯ પુલ, ૨૨૧ પાણી પુરવઠા વ્યવસ્થા, ૫૮ સરકારી ઈમારતો, ૧૫૬ વીજળી લાઈનો, ૨૨૪ વીજળીના થાંભલા, ૧૦ જળવિદ્યુત પરિયોજનાઓ, ૨ હૉસ્પિટલ અને ૩ શાળાઓ ક્ષતિગ્રસ્ત થઈ છે. જિલ્લા વહીવટી તંત્ર, પેરામિલીટરી ફોર્સ, પોલીસ અને અન્ય વિભાગો સાથે મળીને નુકસાનની સમીક્ષા કરી રહ્યું છે, અને રાહત કામગીરી ચલાવી રહ્યું છે. લોકોને ભારે વરસાદવાળા વિસ્તારોમાં સાવચેતી રાખવા અને બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરવામાં આવી છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી થોડા દિવસો સુધી વરસાદથી રાહત નહીં મળવાની શક્યતા વ્યક્ત કરી છે.

## ઈરાને જાહેર કરી હિટ લિસ્ટ, ૧૩ વિશ્વના નેતાઓના છે નામ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તેહરાન, તા.૧૩ :** ઈરાન અને પશ્ચિમી દેશો વચ્ચે ચાલી રહેલા તણાવ હવે ખતરનાક અને પર્સનલ લેવલે પહોંચી ગયો છે. તેહરાન મ્યુનિસિપાલિટી દ્વારા પ્રકાશિત રૂઢિચુસ્ત અને કટ્ટરપંથી ઈરાની અખબાર હમશહરીએ તેની વેબસાઈટ પર ખૂબ જ વિવાદાસ્પદ લક્ષ્ય યાદી બહાર પાડી છે. આ યાદીમાં યુનાઈટેડ સ્ટેટ્સ, ઈઝરાયલ અને ઘણા યુરોપિયન દેશોના ૧૩ મુખ્ય વૈશ્વિક નેતાઓના ફોટોગ્રાફ્સ શામેલ છે, જેમને ભૂતપૂર્વ ઈરાની સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીના મૃત્યુ માટે દોષી ઠેરવવામાં આવ્યા છે અને ટાર્ગેટ કરવાનું આહ્વાન કર્યું છે.

ઈરાનના નવા સુપ્રીમ લીડર અને સ્વર્ગસ્થ અલી ખામેનીના પુત્ર મોજતબા ખામેનીએ તેમના પિતાની હત્યાનો બદલો લેવાની ખુલ્લેઆમ પ્રતિજ્ઞા લીધા પછી તરત જ આ પગલું લેવામાં આવ્યું છે.

આ વર્ષે ૨૮ ફેબ્રુઆરીના રોજ, મધ્ય પૂર્વ યુદ્ધના પહેલા દિવસે, અમેરિકા-ઈઝરાયલી સંયુક્ત હવાઈ હુમલામાં આયાતુલ્લાહ અલી ખામેનીનું મોત થયા હતું. ત્યારથી, તેમના પુત્ર, મોજતબા ખામેનીએ દેશનું નેતૃત્વ સંભાળ્યું છે, પરંતુ તેઓ જાહેરમાં દેખાયા નથી. એવું કહેવાય છે કે તેઓ પણ આ જ હુમલામાં ઘાયલ થયા હતા.

તેમના પિતાના અંતિમ સંસ્કાર પછી શનિવારે પ્રકાશિત થયેલા તેમના પ્રથમ લેખિત સંદેશમાં, મોજતબાએ કહ્યું કે, બદલો આપણા સમગ્ર રાષ્ટ્રની ઈચ્છા છે, અને તે ચોક્કસપણે પૂર્ણ થશે. આ ગુનેગારો, જેમના નામ આ યાદીમાં સૂચિબદ્ધ છે, તેઓ તેમની સાથે તેમના પથારીમાં શાંતિથી મરવાની ઈચ્છાને તેમની કબરોમાં લઈ જશે.

હિટ લિસ્ટમાં કોનો સમાવેશ થાય છે?

યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ

ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ

ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની

યુનાઈટેડ કિંગડમના વડા પ્રધાન કીર સ્ટારમર

ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન

જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ

ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝ

ઈઝરાયલના વિદેશ પ્રધાન ગિડીઓન સાઆર

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF) ચીફ ઓફ ધ જનરલ સ્ટાફ એયાલ ઝામીર

યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો

યુએસ સેક્રેટરી ઓફ ડિફેન્સ પીટ હેગસેથ

યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) કમાન્ડર જનરલ માઈકલ "એરિક" કુરિલા

ઈઝરાયલમાં યુએસ એમ્બેસેડર માઈક હુકાબી

જો કે મોજતબા ખામેનીએ તેમના સત્તાવાર સંદેશમાં કોઈ નેતાઓનું સીધું નામ લીધું નથી, કે સરકારે આ યાદીની પુષ્ટિ કરી નથી, હમશહરી અખબારે મોજતબાના નિવેદન પછી તરત જ મોડી રાત્રે ઓનલાઈન ૧૩ વૈશ્વિક નેતાઓની યાદી બહાર પાડી. નીચે આપેલા કોષ્ટકમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલી પીએમ નેતન્યાહૂ સીધા બંદૂકની અણીએ દેખાય છે, જ્યારે બાકીના નેતાઓને કેદી ગણવેશમાં દર્શાવવામાં આવ્યા છે.

### માઈક્રોસોફ્ટના CEO સત્ય નડેલાએ આપી ચેતવણી

## AIનો ઉપયોગથી કંપનીઓ પોતાની જ મુશ્કેલી વધારી રહી છે!

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૧૩ :** આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ આજે દરેક ક્ષેત્રમાં ઝડપથી વધી રહ્યો છે.

કંપનીઓ ChatGPT, CopilO, Gemini જેવા ટૂલ્સની મદદથી કોડ લખી રહી છે, રિપોર્ટ્સ તૈયાર કરી રહી છે અને બિઝનેસના અનેક કામોને સરળ બનાવી રહી છે. કેટલીક કંપનીઓ તો કર્મચારીઓ કરતાં વધારે બજેટ AI પર ખર્ચી રહી છે. પરંતુ આ ઉત્સાહ વચ્ચે એક નવું જોખમ પણ સામે આવ્યું છે, જેની તરફ માઈક્રોસોફ્ટના CEO સત્યા નાડેલાએ ધ્યાન દોર્યું છે.

Microsoft CEO સત્ય નડેલાનું કહેવું છે કે, AIનો ઉપયોગ કરતી વખતે એક એવો ખતરો પણ છે, જેના પર બહુ ઓછા લોકો ધ્યાન આપી રહ્યા છે. તેમનું માનવું છે કે, કંપનીઓ છૈં માટે માત્ર પૈસા જ નથી આપી રહી, પરંતુ અજાણતા પોતાની સૌથી કિંમતી માહિતી પણ તેને આપી રહી છે. સત્યા નાડેલાએ આ જોખમને 'રિવર્સ ઈન્ફોર્મેશન પેરાડોક્સ' નામ આપ્યું છે.

આને સરળ ભાષામાં સમજીએ તો જ્યારે કોઈ કંપની AI ટૂલનો ઉપયોગ કરે છે, ત્યારે તે તેને માત્ર સવાલ જ નથી પૂછતી, પણ સાચો જવાબ મેળવવા માટે પોતાના પર્સનલ ડોક્યુમેન્ટ, કામ કરવાની રીત, કર્મચારીઓનો અભિપ્રાય, સુધારો, ફીડબેક અને બિઝનેસ સાથે સંબંધિત માહિતી પણ તેની સાથે શેર કરે છે. આ જાણકારીઓ તે કંપનીની સૌથી વેલ્યૂએબલ એસેટ જેવી હોય છે. એટલે કે AIને પૈસા પણ આપવામાં આવી રહ્યા છે અને જરૂરી ડેટા પણ આપવામાં આવી રહ્યો છે.

સત્ય નડેલાના મતે, AIના જમાનામાં કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માટે બે વાર ચૂકવણી કરી રહી છે. પહેલી વાર તો સેવા ખરીદવા માટે પૈસા આપે છે અને બીજી વાર પોતાનું આંતરિક જ્ઞાન (વેલ્યૂએબલ ઈન્ફોર્મેન્શન) અને અનુભવ આપે છે. જો કંપની વારંવાર AIને સુધારે છે અને પોતાના અનુભવ શેર કરે છે, તો આ જ અનુભવ ભવિષ્યમાં AI સિસ્ટમને વધુ સ્માર્ટ બનાવી દે છે. આ રીતે કંપનીની વર્ષોની મહેનતથી બનેલું જ્ઞાન ધીરે-ધીરે AIના ઈકોસિસ્ટમમાં સમાઈ જાય છે.

નડેલાના જણાવ્યા અનુસાર, કંપનીઓએ એવી સિસ્ટમ બનાવવી જોઈએ, જ્યાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ તરફથી મળતી શીખ અને કર્મચારીઓનો અનુભવ તે કંપનીની પાસે સુરક્ષિત રહે. આને તેમણે 'Learning Loop' કહ્યું છે. આનો મતલબ એવો નથી કે AIનો ઉપયોગ ન કરવો જોઈએ. નડેલા પોતે AIને બિઝનેસનું ફ્યૂચર માને છે. પરંતુ તેમનું કહેવું છે કે, કંપનીઓને AIનો ઉપયોગ કરતી વખતે ડેટા સુરક્ષા, પ્રાઈવેટ માહિતી અને ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી (IP) પર પહેલા કરતા વધારે ધ્યાન આપવું જોઈએ.

## પીએમ, સીએમની ૩૦ દિવસ અટકાયત થાય તો સસ્પેન્ડ કરો : સંસદીય સમિતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩ :** વડાપ્રધાન, કેન્દ્રીય મંત્રીઓ કે મુખ્યમંત્રીઓ સામે ગંભીર ગુનો દાખલ થાય અને જો તેમને સતત ૩૦ દિવસ સુધી અટકાયતમાં રાખવામાં આવે તો આવા સંજોગોમાં તેમને માત્ર સસ્પેન્ડ કરી શકાશે તેમને પોતાના પદ પરથી હટાવી નહીં શકાય. આ સુધારો કરવા માટે સંસદીય સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવી છે. સરકાર દ્વારા રજુ કરાયેલા બિલમાં પદ પરથી હટાવવાની જોગવાઈ છે જેમાં સુધારા કરવાની ભલામણ સમિતિ દ્વારા કરાઈ છે.૩૧મા દિવસે પદ પરથી હટાવવા સરકારે બિલ રજુ કર્યુ પરંતુ સંસદીય સમિતિએ માત્ર સસ્પેન્ડ કરવા ભલામણ કરી બંધારણમાં ૧૩૦માં સુધારા માટે ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં સંસદમાં રજુ કરાયેલા બિલમાં એવી જોગવાઈ છે કે જો વડાપ્રધાન, કેન્દ્રીય મંત્રી કે મુખ્યમંત્રીની ગંભીર ગુનામાં અટકાયત કરવામાં આવે અને ૩૦ દિવસ સુધી છોડવામાં ના આવે તો તેવા સંજોગોમાં તેમણે પોતાના પદ પરથી રાજીનામુ આપવાનું રહેશે. જો તેઓ રાજીનામુ આપે તો ૩૧માં દિવસે આપમેળે જ તેમને પદ પરથી હટાવી દેવામાં આવશે. વિપક્ષે આ બિલનો વિરોધ કર્યો હતો અને દાવો કર્યો હતો કે સરકાર વિપક્ષના મુખ્યમંત્રીઓને ખોટા કેસોમાં ફસાવીને પદ પરથી હટાવવા માટે આ કાયદાનો ઉપયોગ કરી શકે છે. બાદમાં સંસદીય સમિતિ સમક્ષ બિલ મોકલવાની માગ કરવામાં આવી હતી.સંસદીય સમિતિએ પદ પરથી હટાવવાના બદલે સસ્પેન્ડ કરવાનો ઉલ્લેખ કરવાની ભલામણ કરી છે. સમિતિનું માનવું છે કે ગંભીર ગુનાના મામલામાં વડાપ્રધાન, કેન્દ્રીય મંત્રી કે મુખ્યમંત્રીને સતત ૩૦ દિવસ સુધી અટકાયતમાં રાખવામાં આવે તો તેવા સંજોગોમાં તેમને સસ્પેન્ડ કરવામાં આવે પદ પરથી હટાવવામાં ના આવે, આ ઉપરાંત સમિતિએ એવી પણ ભલામણ કરી છે કે જો કોઈ નિર્દોષ જાહેર થાય કે સમય મર્યાદામાં આગળની કાર્યવાહી ના થાય તો તેને પોતાનું પદ પરત સોંપવામાં આવશે.

## ભારતે ઈંગ્લેન્ડની ધરતી પર ટેસ્ટ જીતી રચ્યો ઈતિહાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લોર્ડ્સ, તા.૧૩ :** લોર્ડ્સને તેની પહેલી મહિલા ટેસ્ટ મેચનું આયોજન કરવામાં ૧૪૨ વર્ષ લાગ્યા અને ભારતીય મહિલા ટીમે આ ઐતિહાસિક સ્થળે ઈંગ્લેન્ડની મહિલા ટીમને ૨૭૦ રનથી હરાવીને આ મેચને અવિસ્મરણીય બનાવી. હરમનપ્રીત કૌર અને તેની ટીમે બેટિંગ, બોલિંગ કે ફિલ્ડિંગ દરેક પાસામાં ઈંગ્લેન્ડ કરતાં સારું પ્રદર્શન કર્યું. આ સાથે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે પ્રતિષ્ઠિત લોર્ડ્સના મેદાન પર ઈતિહાસ રચ્યો છે.

લોર્ડ્સના મેદાન પર રમાયેલી પહેલી મહિલા ટેસ્ટ મેચમાં ભારતીય મહિલાઓએ યજમાન ઈંગ્લેન્ડને કારમી હાર આપીને ઈતિહાસ રચ્યો. ભારત માટે યાસ્તિકા ભાટિયાએ સદી ફટકારી, જ્યારે ક્રાંતિ ગૌડે પાંચ વિકેટ લીધી અને ઓનર્સ બોર્ડમાં સ્થાન મેળવ્યું. તે આ સ્થળે ઓનર્સ બોર્ડમાં પોતાનું નામ લખાવનાર પ્રથમ મહિલા ક્રિકેટર બની.

લોર્ડ્સમાં આ પ્રથમ મહિલા ટેસ્ટમાં ભારતનું પ્રભુત્વ એવું લાગતું હતું કે જાણે તેઓ લાંબા સમયથી ત્યાં રમી રહી હોય. આ ઐતિહાસિક ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડને ૨૭૦ રનથી હરાવીને, ભારતીય મહિલા ટીમે ઈતિહાસના પાના પર પોતાનું નામ અંકિત કરી દીધું છે. યાસ્તિકા ભાટિયા બીજી ઈનિંગમાં ૧૧૩ રન બનાવીને સ્ટાર તરીકે ઉભરી આવી, જ્યારે સ્મૃતિ મંધાના કુલ ૧૫૩ રન (૮૩ અને ૭૦) સાથે મેચની ટોપ સ્કોરર રહી.

# અન્ય સમાચારો

## ઊંઝાના જીરા અને વરિયાળીને જીઆઈ ટેગ મળ્યો

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૧૩ :** ભારત સરકાર દ્વારા મહેસાણા જિલ્લાના એશિયાના સૌથી મોટા મસાલા બજાર ગણાતા ઊંઝાના પ્રખ્યાત જીરાને સત્તાવાર જીઆઈ (જિયોગ્રાફીકલ ઈન્ડિકેશન) ટેગ એનાયત કરવામાં આવ્યો છે. આ સાથે ઊંઝાની વરિયાળીને પણ આ ટેગ મળ્યો છે. ઊંઝાનું જીરું હવે આંતરરાષ્ટ્રીય સ્તરે એક સત્તાવાર બ્રાન્ડ તરીકે ઓળખાશે.અન્ય કોઈપણ વિસ્તારનું જીરું હવે ઊંઝા જીરાના નામથી વેચી શકાશે નહીં, જે નકલી માલના વેચાણ પર રોક લગાવશે અને ખેડૂતો તેમજ વેપારીઓને આર્થિક સુરક્ષા આપશે.

ઉલ્લેખનીય છે કે ઊંઝા માર્કેટયાર્નું વાર્ષિક ટર્નઓવર રૂ. ૪,૦૦૦ કરોડથી વધુ છે, જેને આ ટેગ મળવાથી વૈશ્વિક સ્તરે વધુ વેગ મળશે. ગુજરાતની કેસર કેરી અને ભાલિયા ઘઉં બાદ હવે ઊંઝાના જીરાને જીઆઈ ટેગ મળવાથી તેને આંતરરાષ્ટ્રીય સ્તરે વિશેષ દરજ્જો પ્રાપ્ત થયો છે.

---

No.MAM/KNVL/RBD-DNH/135/2026/936 Dated: 13/07/2026

**APPLICANT - NAVIN RAJYA BHOYA**
**R/o. 668, Dungaripada, Dapada, DNH.**
**Mob. 9924895704/7203041501**

**V/S**

**OPPONENTS - - Registrar of Birth & Death, Dapada.**

**NOTICE**

The public to take note that applicant Shri Navin Rajya Bhoya, Dharmesh Naresh Chubhaliya, R/o. 668, Dungaripada, Dapada DNH has applied for registration of birth of his daughter namely Payal Navin Bhoya, D/o. Laxmi Navin Bhoya, who was born on 17/09/2012 at Dungaripada, Dapada.
But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Amboli. Therefore, the applicant has requested to issue an order to register birth of his daughter namely Payal Navin Bhoya, D/o. Laxmi Navin Bhoya.
Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice.
In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.
This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector**
**Dadra and Nagar Haveli, Khanvel.**

---

No.MAM/SIL/RTS/RBD-DNH/179/Birth/2026/3591 Dated: 06/07/2026.

**APPLICANT - Satendra Pandey,**
**Presently residing at- Chanandevi road,**
**Prabhat School, Silvassa, DNH.**
**Mo 9624526407**

**V/S**

**OPPONENTS - The Registrar of Births & Deaths, Silvassa Municipal Council.**

**NOTICE**

The public to take note that the above, named applicant Satendra Pandey's daughter, namely Akriti Kumari, who was born on 07/08/2012 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register birth of Akriti Kumari. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

---

**જાહેર નોટીસ / સમન્સ**

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૨૦૧/૨૦૨૬**

**અરજદાર : ગીતાબેન મગનભાઈ પટેલની પુત્રી અને ઉત્તમભાઈ પટેલની પત્ની**
**રહે.** બિનવાડા, સુવિધા ફળિયું
તા. જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પાટી**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **ગીતાબેન મગનભાઈ પટેલ** રહે. બિનવાડા, સુવિધા ફળિયું તા.જી.વલસાડએ પોતાનો **જન્મ** મોજે, પાટી, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૧/૦૬/૧૯૭૭ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૧૩/૭/૨૦૨૬**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(બી.એલ. માહલા)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

**જ.મ.પ.અ.નં.૧૬૨૯/૨૦૨૬**

**અરજદાર : રમેશકુમાર રણછોડજી પટેલ,**
**રહે.** સ્કૂલ ફળિયા, મોટા સુરવાડા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, સુરવાડા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રમેશકુમાર રણછોડજી પટેલ,** રહે.સ્કૂલ ફળિયા, મોટા સુરવાડા, તા.જી.વલસાડએ તેમના દાદા **મંગાભાઈ નારણભાઈ પટેલનું** મરણ તા.૦૪-૦૪-૧૯૯૦ના રોજ મોજે. સુરવાડા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૬૨૯/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧/૨૦૨૬**

**અરજદાર : બાલુભાઈ ધુરિયાભાઈ પટેલ**
વંકાછ પટેલ ફળિયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, પંડોર-વંકાછ જુથ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **દુર્ગાબેન બાલુભાઈ પટેલનું** મરણ તા.૨૦/૦૬/૨૦૧૦ના રોજ મોજે વંકાછ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત પંડોર-વંકાછ જુથના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત પંડોર-વંકાછ જુથને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહુ અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી પંડોર-વંકાછ જુથ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૧૯૮/૨૦૨૬**

**અરજદાર : રઘુભાઈ રડકાભાઈ ઘાયલ**
**રહે.** સરઈ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. કે.એમ. શેખ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, સરઈ**
**ગ્રામ પંચાયત કચેરી સરઈ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રઘુભાઈ રડકાભાઈ ઘાયલ** રહે. સરઈ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના બહેન **જલીબેન રડકાભાઈ ઘાયલનું** જન્મ/મરણ તા.૨૮-૦૫-૧૯૯૨ના રોજ મોજે - સરઈ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૧૯૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૩૬/૨૦૨૬**

**અરજદાર : ચંદ્રકાંત ઉત્તમભાઈ પટેલ**
કાંડોળડ ફળિયા, મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ઉત્તમભાઈ નરસિંહભાઈ પટેલનું** મરણ તા.૦૮/૦૨/૨૦૧૧ના રોજ મોજે મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત મોટાપોંઢાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત મોટાપોંઢાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહુ અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી મોટાપોંઢા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

## ગુજરાતમાં ચાંદીપુરા વાયરસથી ૧૧ બાળકોના મોત

### ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રીની અધ્યક્ષતામાં યોજાઈ સમીક્ષા બેઠક

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૧૩ :** રાજ્યમાં ચાંદીપુરા વાયરસનો કહેર ઝડપથી ફેલાઈ રહ્યો છે. અત્યાર સુધી રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી ચાંદીપુરા વાયરસ અને તેના શંકાસ્પદ લક્ષણોના કારણે બાળકોના મોતના સમાચારો સામે આવ્યા છે. જેમાં ૧૩ જુલાઈ સુધીમાં કુલ ૧૧ બાળકનાં મોત થયા છે. જેમાં ૩ પોઝિટિવ અને ૮ શંકાસ્પદ બાળકનાં મોત થયા છે. જ્યારે હાલ ૨ પોઝિટિવ બાળક ગાંધીનગર સિવિલમાં દાખલ છે અને અન્ય ૫ શંકાસ્પદ માસૂમ અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ અંગે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ચાંદીપુરા વાયરસના સચોટ નિદાન માટે લેબોરેટરી ટેસ્ટિંગની કામગીરી ખૂબ જ ઝડપથી ચાલી રહી છે. કુલ ૨૭ શંકાસ્પદ કેસોના નમૂનાઓમાંથી ૧૯ નમૂનાના પરિણામો -પ્રાપ્ત થઈ ચૂક્યા છે. જેમાંથી ૭ પોઝિટિવ અને ૧૨ નેગેટિવ આવ્યા છે. જ્યારે બાકી રહેલા ૮ નમૂનાઓનું પરીક્ષણ પરિણામ આવવાનું બાકી છે, જે આજે સાંજ સુધીમાં આવી જશે.

ચાલુ વર્ષે ચાંદીપુરા વાયરસના કારણે કુલ ત્રણ પોઝિટિવ બાળકોના દુઃખદ મૃત્યુ થયા છે, જે અંગે મંત્રીશ્રીએ બેઠકમાં દુઃખ વ્યક્ત કરીને હવે રાજ્યમાં એકપણ બાળકનું ચાંદીપુરા વાયરસના કારણે મૃત્યુ ન થાય તે અંગે સઘન કાળજી લેવા આરોગ્ય તંત્રને તાકીદ કરી હતી. આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે, આરોગ્ય વિભાગ દ્વારા ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ)ની મદદ લઈને રાજ્યના તમામ ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટને ગાઈડલાઈન જાહેર કરી ગાંધીનગર મુખ્ય મથક સાથે સંકલનમાં રહેવા જણાવાયું છે. નાના સેન્ટરો અને ખાનગી ક્લિનિક ચલાવતા ડૉક્ટરોને પણ સૂચના આપવામાં આવી છે કે, જો આવો કોઈ શંકાસ્પદ કેસ જણાય તો પ્રાથમિક સારવાર બાદ સમય બગાડ્યા વિના બાળકને ઓક્સિજન અને વેન્ટિલેટરની સુવિધા ધરાવતી મોટી હોસ્પિટલોમાં તુરંત જ દાખલ કરવામાં આવે, જેથી બાળકની કિંમતી જિંદગી બચાવી શકાય.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ કહ્યું હતું કે, રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ચાંદીપુરા વાયરસની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. નાગરિકોએ પણ સાવચેતી રાખવી અનિવાર્ય છે. જો કોઈ બાળકમાં તાવ, ઉલટી કે બેભાન થવા જેવા લક્ષણો દેખાય, તો તુરંત જ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો. આ ઉપરાંત આરોગ્ય તંત્રને દવાઓ, ફોગિંગ અને સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવા આદેશ આપવામાં આવ્યા છે.

## ગિરનાર પર વન્યપ્રાણીઓથી યાત્રાળુઓની સુરક્ષા માટે કાયમી ચેકપોસ્ટ બનાવાશે : વનમંત્રી

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૧૩ :** જુનાગઢ શહેરમાં આવેલા ગિરનાર વન્યજીવ અભયારણ્ય વિસ્તારમાં ગિરનારની નવી સીડી માર્ગ પર અંદાજે ૫૦માં પગથિયા નજીક એક અત્યંત દુઃખદ ઘટના બની હતી. જેમાં ખેડા જિલ્લાના ૧૧ વર્ષીય મયુર ચૌહાણ ઉપર સિંહે હુમલો કર્યો હતો, જેમાં બાળકનું દુર્ભાગ્યે મૃત્યુ થયું છે. આ ઘટનાની ગંભીર નોંધ લઈ રાજ્ય સરકારનાં વન અને પર્યાવરણ વિભાગ દ્વારા આજે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્ય મંત્રી -વિણ માળીની ઉપસ્થિતિમાં વન વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં ગિરનાર વન્યજીવ અભયારણ્યમાં ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે સંદર્ભે ગહન ચર્ચા કરી કેટલા મહત્વનાં નિર્ણયો લેવામાં આવ્યા હતાં. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મીડિયાને વિગતો આપતા જણાવ્યું કે, તાજેતરમાં ગિરનાર વન્યજીવ અભયારણ્ય વિસ્તારમાં દુઃખદ ઘટના બની હતી. આવી ઘટનાઓ ભવિષ્યમાં ન બને એ માટે ગિરનાર પર વન્યપ્રાણીઓથી યાત્રાળાઓની સુરક્ષા માટે કાયમી ચેકપોસ્ટનું નિર્માણ કરી સતત મોનિટરિંગ કરવામાં આવશે. આ ઉપરાંત, જૂનાગઢ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને તમામ સંબંધિત વહીવટી વિભાગો સાથે સંકલન કરી ગિરનાર વિસ્તારમાં યાત્રાળુઓની સુરક્ષા, વન્યજીવ વ્યવસ્થાપન, ઈમરજન્સી પ્રતિસાદ અને આંતરવિભાગીય સંકલન માટે એક સર્વગ્રાહી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) તૈયાર કરી તેનો અમલ કરવામાં આવશે,''.

મોઢવાડિયાએ જણાવ્યું કે, ગિરનાર અને દાતાર સીડી માર્ગને 'સાયલન્સ ઝોન' જાહેર કરવામાં આવશે, જેથી વન્યજીવોને અનાવશ્યક ખલેલ ન પહોંચે અને માનવ-વન્યજીવ સંઘર્ષની શક્યતા ઘટે. વળી, સમગ્ર વિસ્તારમાં વન્યજીવોની હિલચાલ પર સતત નજર રાખવા માટે થર્મલ ડ્રોન સર્વેલન્સ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, ગિરનાર પર્વત પર યાત્રાઓની સુરક્ષા માટે વન વિભાગનાં ૨૫ ટ્રેકર કાયમી વોચ રાખશે.

---

### નામ બદલેલ છે

મેં મારું જૂનું નામ સરિતા મોહમદ અશફાક શેખ બદલીને આયેશા મોહમદ અશફાક શેખ રાખ્યું છે. આ નામ પરિવર્તન ગુજરાત સરકારના રાજપત્ર (Gazette) ક્રમાંક ૨૬૦૬૮૧૪૮ મુજબ કરવામાં આવ્યું છે. હવેથી મારા તમામ સરકારી, કાનૂની તેમજ અન્ય તમામ વ્યવહારોમાં મારું નામ આયેશા મોહમદ અશફાક શેખ તરીકે જ માન્ય રહેશે.

---

**પશ્ચિમ રેલ્વેએ પાલઘર સ્ટેશનથી બાંદ્રા (ટી) સુધી વધારાનો સ્ટોપેજ પૂરો પાડ્યો - સુરત ઇન્ટરસિટી એક્સપ્રેસ**

| ૧૨૯૩૫ બાન્દ્રા (ટી) - સુરત ઈન્ટરસીટી એક્સપ્રેસ w.e.f. ૧૫મી જુલાઈ, ૨૦૨૬ | સ્ટેશનોના નામ | ૧૨૯૩૬ બાન્દ્રા (ટી) - ઈન્ટરસીટી એક્સપ્રેસ w.e.f. ૧૪મી જુલાઈ, ૨૦૨૬ |
|---|---|---|
| સુધારેલો સમય | | સુધારેલો સમય |
| કોઈ ફેરફાર નહી | વિરાર | કોઈ ફેરફાર નહી |
| 07:58 (A) – 08:00 (D) | પાલઘર | 19:01 (A) – 19:03 (D) |
| 08:16 (A) – 08:18 (D) | બોઈસર | કોઈ ફેરફાર નહી |
| 08:42 (A) – 08:44 (D) | ઉમરગામ રોડ | કોઈ ફેરફાર નહી |
| 09:02 (A) – 09:04 (D) | વાપી | કોઈ ફેરફાર નહી |
| 09:23 (A) – 09:26 (D) | વલસાડ | કોઈ ફેરફાર નહી |
| 09:39 (A) – 09:41 (D) | બીલીમોરા | કોઈ ફેરફાર નહી |
| 09:56 (A) – 09:58 (D) | નવસારી | કોઈ ફેરફાર નહી |
| 10.40 (A) | સુરત | કોઈ ફેરફાર નહી |

- પ્રાયોગિક ધોરણે વધારાના સ્ટોપેજ આપવામાં આવ્યા છે.
- અન્ય મધ્યવર્તી સ્ટેશનો પરના સમયમાં કોઈ ફેરફાર થશે નહીં.
- વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

**પશ્ચિમ રેલ્વે**
wr.indianrailways.gov.in
Like us & Follow us on: facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપયા તમામ રીઝર્વ્ડ ટિકીટસ માટે આઈડી પ્રૂફ સાથે રાખશો.

---

TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૯:૩૦ થી સાંજના ૫:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧૭/૦૭/૨૦૨૬ શુક્રવાર | દાદરા | ૬૬ કેવી દાદરા એસએસ ૨૦ એમવીએ ટીઆર - ૩ | એસપીજે નોવા આઈ.ઈ., ગોલ્ડ જ્યોતિ, શ્રીજી આઈ.ઈ., ઈલાસ્ટી મોડ, રીઅલ પાર્થ આઈ.ઈ., ડુગ્ગર,નેરોફિલક્સ વિસ્તાર અને શ્રદ્ધા આઈ.ઈ. વિસ્તાર, સિલવાસા-વાપી મુખ્ય માર્ગ વિસ્તાર, સાંઈ કોમ્પ્લેક્સ વિસ્તાર, દાદરા ગાર્ડન વિસ્તાર, ટાઉન વિસ્તાર, બ્લુસ્ટાર ગલી, ગ્લોમોર આઈ.ઈ., ઉદ્યોગી સેફ્ટી ગલી, વલસાડ ફળિયા, કોમ્યુનિટી હેલ્થ સેન્ટર (સીએચસી દાદરા), રતન પેટ્રોલ પંપ વિસ્તાર, જરીયા મોરા,સિન્ફેબ - પૃથ્વી **એક્સપ્રેસ ફીડર : ૧૧ કેવી સિન્ફેબ એક્સપ્રેસ ફીડર** |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

**વીજ ચોરી !! જેલની સજા.** (ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

---

**PERMANENT MAGNETS LIMITED**
**Regd Off:** Harsh Avenue, 302, 3rd Floor, Opp. Silvassa Police Station, Silvassa Vapi Main Road, Silvassa - 396230. Dadra and Nagar Haveli (U.T.)
CIN: L27100DN1960PLC000371
Website: www.pmlindia.com
E-mail: investors@pmlindia.com

**NOTICE OF 65TH ANNUAL GENERAL MEETING**

NOTICE is hereby given that **65th Annual General Meeting (AGM)** of the members of the Company will be held on Wednesday, August 05, 2026 at 2:30 p.m. through Video Conference/ Other Audio Visual means ("VC/ OAVM") to transact the business as given in the Notice of the 65th Annual General Meeting. The Ministry of Corporate Affairs ("MCA") has vide its General Circular Nos. 09/2024 dated September 19, 2024 read with the circulars issued earlier in this regard and SEBI circular No. SEBI/HO/CFD-PoD-2/P/CIR/2024/133 dated October 03, 2024.

In compliance with the above mentioned Circulars, the Notice of 65th AGM and Annual Report 2025-2026, has been sent to all the members on July 13, 2026 in electronic mode whose E-mail IDs are registered with Company/Depository Participant(s) and pursuant to Regulation 36(1)(b) of the SEBI Listing Regulations, the Company has sent a letter providing a web-link of the Annual Report 2025-26 to those Members who have not registered their e-mail addresses with the Company/ Depositories. Annual Report is also available on the website of the Company at www.pmlindia.com/pages/investors and on the website of the Stock Exchange at www.bseindia.com. The Notice of AGM is also available on website of Central Depository Services (India) Limited (CDSL) at www.evotingindia.com.

Board of Directors at their meeting held on Wednesday, May 13, 2026 recommended Final dividend at the rate of Rs. 2.20/- per equity share having face value Rs. 10/- for the financial year ended March 31, 2026.

The final dividend shall be credited to the eligible members directly to the respective bank accounts through Electronic Clearing Service (ECS)/National Automated Clearing House (NACH) etc.

SEBI vide its Circular No. SEBI/HO/MIRSD/MIRSD_RTAMB/P/CIR/2021/655 dated November 03, 2021 (subsequently amended by Circular Nos. SEBI/HO/MIRSD/MIRSD_RTAMB/P/CIR/2021/687 dated December 14, 2021, SEBI/HO/MIRSD/MIRSD-PoD-1/P/CIR/2023/37 March 16, 2023 and SEBI/HO/MIRSD/ POD-1/P/CIR/2023/181 November 17, 2023) has mandated that with effect from April 01, 2024, dividend to security holders (holding securities in physical form), shall be paid only through electronic mode. Such payment shall be made only after furnishing the PAN, choice of nomination, contact details including mobile number, bank account details and specimen signature.

Members holding shares in Physical form are requested to update the mentioned details by completing the appropriate ISR forms available at https://adroitcorporate.com/RandTServices.aspx and submitting to Adroit Corporate Services Pvt. Ltd. before July 24, 2026 to ensure receipt of dividend.

Shareholders are also informed that in terms of provisions of Income Tax Act, 1961, dividend paid and distributed by the Company will be taxable in the hand of Shareholders.

The Company shall be providing facility to its members to cast their vote remotely, using the electronic voting system ("remote e-voting"), for participation in the AGM through VC/OAVM facility and E-voting during the AGM through CDSL. Members of the Company holding Shares in either Physical or dematerialized form as on July 28, 2026, being the cut-off date, may cast their vote electronically. The detailed process for participating in remote e-voting and e-voting on the day of the AGM shall be provided in notice of AGM. Members who have voted through Remote e-Voting will be eligible to attend the AGM. However, they will not be eligible to vote at the AGM.

Pursuant to the provisions of Section 91 of the Companies Act, 2013 and Regulation 42 of SEBI (LODR) Regulations, 2015, the Register of Members and Share Transfer Books of the Company will remain closed from Wednesday, July 29, 2026 to Wednesday, August 05, 2026 (both days inclusive) for the purpose of said Annual General Meeting.

Mr. Arun Dash, Practising Company Secretary has been appointed as Scrutinizer for conducting the e-voting process in a fair and transparent manner. The e-voting period commence on Saturday, August 01, 2026 at 10.00 a.m and ends on Tuesday, August 04, 2026 at 5.00 p.m. The e-voting module shall be disabled by CDSL, for voting thereafter. Once the vote on a resolutions is cast by the member, the member shall not be allowed to change it subsequently.

Members holding shares in physical mode and who have not updated their e-mail address are requested to update their E-mail IDs by writing to the company at **rachana.rane@pmlindia.com** along with signed request letter mentioning Folio Number along with self-attested copy of PAN card and Aadhar Card. Members who hold shares in Dematerialized mode, who have not registered or updated their E-mail IDs are requested to contact with the Depository Participants with whom they maintain their demat account.

**For Permanent Magnets Ltd**
**Sd/-**
**Rachana Sawant**
**Company Secretary**

Date: 13th July, 2026
Place: Thane

---





**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyarams SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa

Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Tuesday 14, July 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## વાપી ટાઉનમાં દારૂના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

**વાપી, તા. ૧૩ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે વાપી ટાઉન પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં વર્ષ ૨૦૨૫થી નાસતો-ફરતો વોન્ટેડ આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એલસીબીના એએસઆઈ નીતિન બાબુલાલને મળેલી બાતમીના આધારે વાપી ટાઉન પોલીસમાં દારૂના ગુનાના વોન્ટેડ આરોપી બંસુભાઈ બાબુભાઈ ધોડીયા પટેલ ઉ.વ. ૪૫ ને ઉદવાડા, ઓરવાડ, માણેકનગર, હળપતિવાસની બાજુમાં, તા. પારડી ખાતેથી પકડી પાડવામાં આવ્યો હતો.

આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ મુજબ ગુનો નોંધાયેલો છે. પકડાયેલા આરોપી વિરુદ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ માટે વાપી ટાઉન પોલીસને સોંપવામાં આવ્યો છે.

વલસાડ જિલ્લાના ગ્રામીણ અને સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે પ્રેરણા

# ધરમપુરના કેળવણીની પ્રા. શાળાની બાળ વૈજ્ઞાનિક પ્રિયાંશી થોરાત જાપાનના શૈક્ષણિક પ્રવાસેથી પરત

### સાકુરા સાયન્સ હાઈસ્કુલ પ્રોગ્રામ હેઠળ દેશમાંથી માત્ર ૫૬ વિદ્યાર્થીઓમાં ગુજરાતમાંથી એકમાત્ર પ્રિયાંશી થોરાતની પસંદગી થઈ હતી : અંતરિયાળ વિસ્તારમાંથી વૈશ્વિક સ્તરે ટોક્યો યુનિવર્સિટી અને જાપાનની સ્પેસ એજન્સી સુધીની પ્રિયાંશી થોરાટની સફળયાત્રા માટે સમગ્ર વલસાડ જીલ્લો આનદ અને ગૌરવની લાગણી





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલય દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત સાકુરા સાયન્સ હાઈસ્કુલ પ્રોગ્રામ અંતર્ગત જાપાનના સફળ શૈક્ષણિક પ્રવાસે ગયેલી વલસાડ જિલ્લાની તેજસ્વી બાળ વૈજ્ઞાનિક કુમારી પ્રિયાંશીકુમારી કનુભાઈ થોરાત વૈશ્વિક વિજ્ઞાન અને અદ્યતન ટેકનોલોજીનો અદ્ભુત અનુભવ મેળવીને વતન પરત ફરી છે. ૨૮ જૂન થી ૪ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન યોજાયેલ જાપાનની આ શૈક્ષણિક અભ્યાસ મુલાકાત પ્રવાસમાં ધરમપુર તાલુકાની કેળવણી પટેલ ફ. પ્રાથમિક શાળાની આ વિદ્યાર્થીની દેશભરમાંથી પસંદ થયેલા માત્ર ૫૬ પ્રતિભાવંત વિદ્યાર્થીઓના પ્રતિનિધિ મંડળમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી રહી હતી.

જાપાન સાયન્સ એન્ડ ટેકનોલોજી એજન્સીના નેજા હેઠળ યોજાયેલા આ આંતરરાષ્ટ્રીય એક્સચેન્જ પ્રોગ્રામ દરમિયાન પ્રિયાંશીકુમારીએ જાપાનના વિશ્વપ્રસિદ્ધ વિજ્ઞાન કેન્દ્રો અને શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લીધી હતી. પ્રવાસ દરમિયાન પ્રિયાંશીએ જાપાનની પ્રતિષ્ઠિત સ્પેસ એજન્સી 'જેકસા સુકુબા સ્પેસ સેન્ટર'ની મુલાકાત લીધી હતી, અને સેટેલાઈટ ટેકનોલોજી વિશે ઊંડાણપૂર્વક સમજ મેળવી હતી. જાપાનની સર્વશ્રેષ્ઠ 'ટોક્યો યુનિવર્સિટી'ના મુખ્ય કેમ્પસની મુલાકાત લઈને પ્રિયાંશીએ ત્યાં ભૌતિકશાસ્ત્ર, ગણિત અને બ્રહ્માંડ વિજ્ઞાનના ક્ષેત્રે ચાલી રહેલા અદ્યતન સંશોધનોનો માહોલ નિહાળ્યો હતો. પ્રવાસ દરમિયાન સમગ્ર જૂથ સાથે તેણે ટોક્યો યુનિવર્સિટીના જાણીતા વૈજ્ઞાનિકોના વ્યાખ્યાન પણ સાંભળ્યા હતા. પ્રવાસના સફળ સમાપન બાદ તેને જેએસટી તરફથી પ્રતિષ્ઠિત સર્ટીફિકેટ ઓફ અટીવમેન્ટ એનાયત કરાયું છે અને તે હવે વૈશ્વિક 'સકુરા સાયન્સ ક્લબ'ની આજીવન સભ્ય બની ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રિયાંશીએ વર્ષ ૨૦૨૨-૨૩માં મેળવેલ ઈન્સ્પાયર એવોર્ડના પ્રોજેક્ટ 'યુનિવર્સલ હેન્ડલ ફોર ક્લીનીંગ' સાથે તેણે રાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ પ્રદર્શનમાં શ્રેષ્ઠ દેખાવ કરવાના કારણે તેની આ આંતરરાષ્ટ્રીય પ્રવાસની ટીમમાં પસંદગી થઈ હતી. એક અંતરિયાળ અને ગ્રામીણ પૃષ્ઠભૂમિ ધરાવતા વિસ્તારમાંથી વૈશ્વિક સ્તરે ટોક્યો યુનિવર્સિટી અને જાપાનની સ્પેસ એજન્સી સુધીની સફર સફળતાપૂર્વક પૂર્ણ કરીને પરત ફરેલી પ્રિયાંશી થોરાટ માટે સમગ્ર વલસાડ જીલ્લો આનદ અને ગૌરવની લાગણી અનુભવી સમગ્ર વલસાડ જિલ્લા શિક્ષણ વિભાગે પ્રિયાંશીની આ ઐતિહાસિક સફળતાને જિલ્લા માટે સુવર્ણ ક્ષણ ગણાવાઈ રહી છે.

પ્રિયાંશીની આ સફરમાં દરેક તબક્કે શિક્ષકોથી લઈને વહીવટીતંત્રનો વિવિધ તબક્કે સહકાર મળ્યો હતો. પ્રિયાંશીનાં પિતા કનુભાઈ થોરાત અને માતા મનિષાબેન થોરાત પણ તેની આ સિદ્ધિથી ગૌરવાન્વિત અને ગદગદિત છે. પ્રિયાંશીની આ વૈશ્વિક સિદ્ધિ વલસાડ જિલ્લાના અન્ય હજારો ગ્રામીણ અને સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન, સંશોધન અને નવીન ટેકનોલોજીના ક્ષેત્રમાં આગળ વધવા માટે દીવાદાંડી સમાન અને પ્રેરણારૂપ સાબિત થશે.

ચંડોર કમ્પોઝ પ્લાન્ટના મુદ્દે જીપીસીબી અને વાપી મનપા કમિશ્નરની બેઠક યોજાઈ

# સાંસદ ઉમેશ પટેલના આક્ષેપો પાયા વિહોણા હોવાનું તારણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી મહાનગરપાલિકાની ચંડોર સ્થિત ડમ્પિંગ સાઈટ પર કોમ્પોઝ પ્લાન્ટની મશીનરી બંધ હોવા તેમજ પ્રોટેક્શન વોલ તૂટી જવાના કારણે દમણગંગા નદીમાં પ્રદૂષણ સ્વરૂપે કચરો જતો હોવાના મુદ્દે દમણના સાંસદ દ્વારા કરવામાં આવેલી રજૂઆત બાદ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) હરકતમાં આવ્યું છે. આજે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની વાપી વિભાગની ટીમે વાપી મહાનગરપાલિકાના કમિશ્નર સાથે તેમની કચેરીમાં તેમજ ચંડોર સ્થળની મુલાકાત લઈ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ચંડોર ગામ તરફની એક ખેતરને લાગુ પ્રોટેક્શન વોલના કેટલાક ભાગ તૂટેલા હોવાનું સામે આવ્યું હતું. દિવાલનું સર્વે કરીને તેના તાત્કાલિક સમારકામની કામગીરી શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. તપાસ દરમિયાન દમણગંગા નદીમાં ડમ્પિંગ સાઈટનો કચરો વહેતો હોવાના આક્ષેપોને સમર્થન આપતા કોઈ પુરાવા મળ્યા નહોતા. બીજી તરફ, કોમ્પોઝ પ્લાન્ટની મશીનરીમાં ટેકનિકલ ખામી હોવાનું જણાતા તેને પણ ઝડપથી દૂર કરી પ્લાન્ટ કાર્યરત કરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરીએ જણાવ્યું હતું કે, તૂટેલી પ્રોટેક્શન વોલનું તાત્કાલિક સમારકામ કરવામાં આવી રહ્યું છે અને ફક્ત ૧૫ દિવસમાં જ તે પૂર્ણ કરવામાં આવશે તેમજ મશીનરીની ખામીઓ પણ વહેલી તકે દૂર કરવામાં આવશે.

આ નિરીક્ષણ દરમિયાન ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના વાપી વિભાગના રિજનલ ઓફિસર એ.જી. પટેલ, ડેપ્યુટી ઈજનેર ઈન્દ્રવદન એસ પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાલિકા સામે પડતર પ્રશ્નો મુદ્દે ભૂખ હડતાલ પર બેસેલા

# વલસાડમાં એડવોકેટ અને સમર્થકોની અટકાયત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**વલસાડ, તા. ૧૩ :** વલસાડ શહેર માં પાલિકા દ્વારા લાંબા સમયથી વણઉકલ્યા પડતર પ્રશ્નો અને સ્થાનિક સળગતી સમસ્યાઓનો તાકીદે નિકાલ લાવવાની માંગ સાથે ભૂખ હડતાલ પર ઉતરેલા વલસાડ ના એડવોકેટ અકીબ મલેક અને તેમના સમર્થકોની આજે પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે. આ ઘટનાને પગલે સ્થાનિક રાજકારણ અને સામાજિક વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે.

વલસાડના વિવિધ લોકપ્રશ્નો જેવા કે રસ્તાઓની બિસ્માર હાલત, ટ્રાફિક અને અન્ય માળખાકીય સુવિધાઓના અભાવ અંગે તંત્ર દ્વારા યોગ્ય પગલાં ન ભરાતા એડવોકેટ અકીબ મલેકે આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું હતું. તેઓ પોતાના સમર્થકો સાથે શાંતિપૂર્ણ રીતે ભૂખ હડતાલ પર બેસીને તંત્રની આંખ ઉઘાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આંદોલન વધુ ઉગ્ર બને અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ન કથળે તે હેતુથી પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે આંદોલનકારીઓને હડતાલ સમેટી લેવા સમજાવટ કરી હતી, પરંતુ તેઓ પોતાની માંગણીઓ પર મક્કમ રહ્યા હતા. આખરે, પોલીસે કડક વલણ અપનાવીને એડવોકેટ અકીબ મલેક અને તેમની સાથે જોડાયેલા અન્ય આગેવાનો તથા સમર્થકોની અટકાયત કરી તેમને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જનતાના હક અને વલસાડના વિકાસ માટે શાંતિપૂર્ણ રીતે લડત ચલાવી રહ્યા હતા. અવાજ દબાવવાના પ્રયાસોથી જનતાના પ્રશ્નો ગાયબ નહીં થઈ જાય.

આ અટકાયતના સમાચાર વાયુવેગે પ્રસરતા જ સોશિયલ મીડિયા પર અને સ્થાનિક લોકોમાં તંત્ર વિરુદ્ધ રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, તંત્રએ પ્રશ્નો હલ કરવાના બદલે અવાજ ઉઠાવનારાઓ સામે કાર્યવાહી કરવાનું વલણ અપનાવ્યું છે. હાલમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને સ્થિતિ નિયંત્રણ હેઠળ છે, પરંતુ આગામી દિવસોમાં આ મામલે વિરોધ વધુ તીવ્ર બને તેવી શક્યતાઓ નકારી શકાતી નથી.

# ચલાના શુભમ-૩ના ટ્રાન્સફોર્મરમાં આગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી-દમણ રોડ પર આવેલી શુભમ ૩ બિલ્ડીંગના ટ્રાન્સફોર્મરમાં મોડી રાત્રે અચાનક ભીષણ આગ લાગતા આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ટ્રાન્સફોર્મરમાંથી ધુમાડા અને જોરદાર જ્વાળાઓ નીકળતા જ રહીશો ગભરાઈને બહાર દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને ભારે મહેનત બાદ આગને કાબુમાં લીધી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું અનુમાન છે.આગના કારણે બિલ્ડીંગ સહિત આસપાસના વિસ્તારનો આખી રાત વીજ પુરવઠો બંધ રાખવો પડ્યો હતો.

જેના કારણે રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. સદનસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નથી. વીજ તંત્ર દ્વારા સવારે ટ્રાન્સફોર્મર રિપેર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# વારોલી ખાડીમાંથી ઉમરગામના યુવાનની લાશ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૩ :** ઉમરગામમાં બે બાળકોના પિતાએ અગમ્ય કારણોસર વારોલી ખાડીમાં ઝંપલાવ્યું હોવાની ઘટનામાં સોમવારે સવારે તેમનો મૃતદેહ મળી આવતાં વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે. મળતી માહિતી મુજબ, ઉમરગામ પાલિકા વિસ્તારની હરિ રેસિડેન્સીમાં રહેતા એક વ્યવસાયીએ રવિવારે સાંજે અગમ્ય કારણોસર બ્રિજ પરથી વારોલી ખાડીમાં ઝંપલાવ્યું હોવાની આશંકા છે. પરિવારજનોએ તેમની શોધખોળ દરમિયાન બ્રિજ પરથી તેમનું બાઈક મળી આવતાં ઘટનાની જાણ સ્થાનિક તંત્રને કરી હતી.

માહિતી મળતાં જ સ્થાનિક તંત્ર અને બચાવ ટીમોએ રાત્રે શોધખોળ શરૂ કરી હતી. જોકે અંધારું અને દરિયાની પ્રતિકૂળ પરિસ્થિતિને કારણે સફળતા મળી નહોતી. ત્યારબાદ સોમવારે વહેલી સવારે ઉમરગામ પાલિકા અને નોટિફાઈડ ફાયર વિભાગે સંયુક્ત રીતે ફરી સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.



લગભગ ત્રણ કલાકની સઘન શોધખોળ બાદ વારોલી ખાડીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. મૃતદેહ મળી આવતાં પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. પરિવારજનોના જણાવ્યા મુજબ, મૃતક મિકેનિકલ ક્ષેત્રમાં અનુભવી વ્યવસાયી હતા. તેમણે આ પ્રકારનું પગલું શા માટે ભર્યું તે અંગેનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. સમગ્ર મામલે પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# નમો હોસ્પિટલમાંથી ભાગેલો ઘરફોડ ચોરીનો આરોપી સંજાણથી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૩ :** નમો હોસ્પિટલ, સેલવાસમાંથી સારવાર દરમિયાન ફરાર થયેલા નરોલી પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલા આરોપીને ઉમરગામ પોલીસે ઝડપી પાડી પ્રશંસનીય કામગીરી કરી છે.

વલસાડ જિલ્લાના નાસતા ફરતા અને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ (IPS), જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા (IPS) તથા નાયબ પોલીસ અધિક્ષક બી. એન. દવેના માર્ગદર્શન હેઠળ ઉમરગામ પોલીસ સતત કાર્યવાહી કરી રહી હતી. આ દરમિયાન નરોલી પોલીસ સ્ટેશનના ગુનો નોંધ નંબર ૨૬/૨૦૨૬ હેઠળ BNS કલમ ૩૦૫, ૩૩૧(૪) અને ૬૨ મુજબના ગુનામાં સંડોવાયેલ આરોપી રાજુ ઉર્ફે રમેશ છેત્રી (નેપાળી), રહે. વાઘછીપા, સેલવાસ (દા.ન.હ.), મૂળ વતન નેપાળ, તા. ૧૩ જુલાઈના રોજ સવારે સેલવાસની નમો હોસ્પિટલમાંથી સારવાર દરમિયાન ફરાર થઈ ગયો હતો.




આરોપીની શોધખોળ દરમિયાન ઉમરગામ પોલીસને મળેલી બાતમીના આધારે સંજાણ રેલવે સ્ટેશન નજીકથી તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીને કાયદેસરની કાર્યવાહી માટે સંબંધિત પોલીસને સોંપવામાં આવ્યો હતો. આ કામગીરી દ્વારા ઉમરગામ પોલીસે ફરાર આરોપીને ઝડપી કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં મહત્વપૂર્ણ સફળતા મેળવી છે.

# નવસારીનો પૂર્ણા નદીનો વિરાવળ પુલ ૩૧ ઓગસ્ટ સુધી ભારે વાહનો માટે બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૩ :** નવસારી જિલ્લામાં આવેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ના પૂર્ણા પુલની એક વર્ષ પહેલા ગંભીરા દુર્ઘટના બાદ ગાંધીનગરની ટીમે મુલાકાત લઈ નબળો જાહેર કરેલો, આજ દિન સુધીમાં તંત્રએ શું ખામી છે, ક્યાં નબળો છે, કઈ જગ્યાએ છે, એવી કોઈ પણ બાબતની એક વર્ષમાં નથી તપાસ કરી કે નથી તેના માટેના સમારકામના પગલાં ભર્યા. પરિસ્થિતિ ઠેરની ઠેર છે પરિણામે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા લગભગ પાંચમું પ્રતિબંધક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જે ૩૧ ઓગસ્ટ ૨૬ સુધી ભારે વાહનો ની અવરજવર નહીં કરવા માટે લાગુ પડ્યું અને યથાવત વૈકલ્પિક માર્ગો જાહેર કર્યા છે. હળવા વજનના વાહનોની અવર-જવર ચાલુ રાખવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જે.એન.લીખીયા, નવસારી એ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) મુજબ મળેલ સત્તાની રૂએ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કસ્બાપર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ. મી. ૩૬૩/૦૦ થી ૩૬૩/૪૦૦) ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર તા.૦૩-૦૬-૨૦૨૬ થી આગામી તા.૩૧-૦૮-૨૦૨૬ સુધી પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે.( અગાઉના જાહેરનામાની મુદત ૩૦/૬ ના રોજ પૂરી થઈ હતી અને આ નવું જાહેરનામું પણ ૧૩મી જુલાઈએ વિલંબ થી બહાર પડ્યું છે) સુરત નવસારી જોડીયા શહેરની રોજ હજારો પ્રવાસી જનતા એસટીમા ચકરાવે દોડતા વધુ ભાડા અને સમય ખર્ચે છે જે પરિસ્થિતિ છેલ્લા એક વર્ષથી ભોગવી રહી છે કમ સે કમ એસટી સેવા તો ચાલુ થવી જ જોઈએ એવી લોક લાગણી છે. સરકારી તંત્ર હાલમાં માત્ર જાહેરનામાં નું લંબાણ જ કરવામાં માને છે નક્કર કાર્યવાહી નહીં- એવું પ્રજાનું માનવું છે.

## તંત્રના બેવડા ધોરણ




પૂર્ણા તથા માન નદી ના પુલ લોકોને સક્ષમ હોવા છતાં ભારે વાહનો માટે પ્રતિબંધિત જાહેર કર્યા છે, જ્યારે ભારે વરસાદમાં અંબિકા નદીના બીલીમોરા ખાતે ના પુલમાં તિરાડ પડી, એપ્રોચમાં ધોવાણ થયું છતાં તેનું સમારકામ કરી તમામ માટે ચાલુ રાખવામાં આવ્યો છે. જ્યારે એક વર્ષ પહેલાથી દેખીતી ભારે ક્ષતિ ખામી વગર બંને પુલને ભારે વાહન એસ્ટીબસ માટે પ્રતિબંધિત કરેલા છે. ગંભીરા અને મોરબી ઝૂલતા પૂલની ઘટનાએ રાજ્યમાં વહીવટી તંત્રના ગેરવહીવટના કારણે અનેક પુલ બંધ કરી પ્રજાને યાતના આપી છે.

# ભિલાડ પો. સ્ટે. ના અપહરણના ગુનાનો વોન્ટેડ આરોપી પાલઘરથી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી તા વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ભિલાડ પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં છેલ્લા ૯ વર્ષથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાંથી ઝડપી પાડ્યો છે. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહના માર્ગદર્શનમાં વોન્ટેડ આરોપીને પકડવાની કામગીરીમાં LCB ના ASI કુલદીપસિંહ ધર્મેન્દ્રસિંહને મળેલી ખાનગી બાતમીના આધારે ભિલાડ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ પાર્ટનો ગુનો નોંધાયો હતો જેમાં વોન્ટેડ આરોપી વિષ્ણુ રામારાવ ચૌહાણ ઉ.વ. ૨૮ ને મહારાષ્ટ્રના પાલઘર જિલ્લા, તા. જવહારના શાંતિનગર ઝૂપડપટ્ટીમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. આરોપીનું મૂળ વતન નાઈગાવ, તા. મંઢા, જિ. જાલના, મહારાષ્ટ્ર છે.આરોપીને પકડવા પો.સ.ઈ. જે.જી. વસાવા, ASI સહદેવસિંહ રાજેન્દ્રસિંહ, ASI કુલદીપસિંહ ધર્મેન્દ્રસિંહ, ASI વિવેક ધનશ્યામભાઈ, ASI દશરથ જગદીશભાઈ અને ASI હરદીપસિંહ હેતુભાએ જહેમત ઉઠાવી હતી. પકડાયેલા આરોપીને વધુ તપાસ માટે ભિલાડ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

**ફ્લેટ વેચવાનો છે**

**વાપીમાં નેશનલ હાઈવે નજીક આવેલા પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તારની લીફ્ટ, જનરેટર સેટ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતી વેલમેન્ટેઈન કો. ઓપ. હાઉસીંગ સોસાયટીમાં**

**2 BHK ફ્લેટ વેચવાનો છે**

**Area : 1240 Sq.ft.**

**Mo. :98259 90770**

# ધનોરીમાં પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદની સજા અને દંડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ તાલુકાના ધનોરી ગામે રહેતા પતિએ એ પોતાની જ પત્નીની કરપીણ હત્યા કરનારા નરાધમ પતિને આજીવન કેદની સજા અને રૂા. ૫,૦૦૦નો દંડ ફટકારતો હુકમ વલસાડની કોર્ટે કર્યો છે. જો દંડ નહિ ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. વલસાડ તાલુકાના ધનોરીગામના કુંભારવાડમાં આરોપી હર્ષદભાઈ છગનભાઈ પ્રજાપતિ પત્ની સુનિતાબેન પ્રજાપતિ સાથે રહે છે. પતિ-પત્ની વચ્ચે છેલ્લા પાંચેક વર્ષથી અણબનાવ ચાલતો હતો. પતિ હર્ષદ અવારનવાર પત્ની સુનીતાબેન સાથે બોલાચાલી અને ઝઘડો કરી શારીરિક માનસિક ત્રાસ આપી મારઝૂડ કરતો હતો. બનાવના આશરે વીસેક દિવસ પહેલા પણ હર્ષદ પ્રજાપતિ એ પત્ની સુનીતા સાથે ભારે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ હિંસક આક્રોશમાં આવીને પતિ હર્ષદે પત્ની પર જીવલેણ હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી.જે અંગે ડુંગરી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો

સુનાવણી દરમિયાન આરોપી તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે તે નિર્દોષ છે અને તેની પત્ની દારૂ પીવાની ટેવવાળી હતી. બનાવના દિવસે તે દારૂ પીને ઘરે આવી રસોઈ બનાવતી વખતે લાકડાં પર પડી જતાં તેને ઈજા થઈ હતી અને કમરના મણકાનું ફ્રેક્ચર થવાને કારણે તેનું મૃત્યુ થયું હતું. જો કે, સરકારી વકીલ એન.ડી. પ્રજાપતિએ ધારદાર દલીલો અને પુરાવાઓ રજૂ કરીને દલીલોને પાયાવિહોણી સાબિત કરી હતી. સેશન્સ જજ નિપા ચંદ્રકાંત રાવલે ચુકાદો આપતા નોંધ્યું કે, દરેક વ્યક્તિનું મૃત્યુ નિશ્ચિત છે, પરંતુ ગુજરનાર સ્ત્રીનું અકુદરતી અને અકાળ મૃત્યુ થયું છે જે અત્યંત દુઃખદ છે. સમાજમાં સ્ત્રી શક્તિ સ્વરૂપ છે અને પતિએ તેનું સુરક્ષા કવચ બનવું જોઈએ. પતિ દ્વારા જ જો આવું કૃત્ય થાય તો તે સમાજ માટે લાલ બત્તી સમાન છે.

વલસાડ સત્ર અદાલતે (SC NO. ૧૮/૨૦૨૩) તમામ પુરાવા અને સાક્ષીઓને ધ્યાને રાખી આરોપી હર્ષદભાઈ છગનભાઈ પ્રજાપતિને ઈ.પી.કોડની કલમ ૩૦૨ હેઠળ દોષિત ઠેરવીને આજીવન કેદની સજા અને રૂા. ૫૦૦૦નો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**